નવા વરસની નવી ચીજ.

જૈનધર્મિ જનોને અવશ્ય અવલોકન કરવા યોગ્ય.

જૈનોપદેશક અમૂલ્ય શિક્ષા.

શ્રી જૈન દિક્ષા મહોત્સવ.

યાને

જૈન બ્રયસૈને બોધ.

રચનાર.

માસ્તર. જીવરાજ નિમચંદ શાહ.

બુકપબ્લિશર્ઝ—સાયલા.

છપાવનાર

"શ્રી જૈનધર્મ વૃદ્ધિઇચ્છક" મંડળી.

સાયલા—કાઠિયાવાડ.

અમદાવાદ

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ.

કિમ્મત ફકત પાંચઆના અને પોસ્ટેજ.

સન. ૧૮[illegible]૯.

✻ખરીદો નહિં તો ખેર પણ વાંચી તો જોશોના.✻

✻✻ કારણ વાંચવું એ હમેશાં ફાયદેમંદ છે. ✻✻

જૈનધર્મિ જનોને અવશ્ય અવલોકન કરવા યોગ્ય
ગમ્મત સાથે જ્ઞાન આપનાર

જૈન દિક્ષા મહોત્સવ.

યાને

જૈન બ્રધર્સને બોધ-

દોહરા.

ભાણુ ઉગતો ભાળીને, ભાગે રાત અચૂક;
ભાગે અજ્ઞાન ભાળીને, દિક્ષા ઓચ્છવ બૂક.
જૈનધર્મ પસાયથી, રચ્યો લઘુ આ ગ્રંથ;
શુદ્ધ શ્રદ્ધાથી વાંચતાં, મળે મુક્તિનો પંથ.

કર્તા

માસ્તર જીવરાજ નિમચંદ શાહ.
મેમ્બર.
" ધી સાયલા જૈનધર્મ વૃદ્ધિ ઈચ્છક કંપની. "
સાયલા—કાઠિયાવાડ.

અમદાવાદ યુનિયન પ્રીંટીંગ પ્રેસ કંપની લિમીટેડ.
આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦
સંવત ૧૯૫૩ વિક્રમ. સને ૧૮૯૭ ઈસ્વી.

કિમ્મત. રૂા. ૦—૫—૦ પોસ્ટેજ નિરાળું.

✻✻ડાહ્યા વાંચનાર ગુણ શોધવામાં રોકાયછે અને મૂર્ખ વાંચનાર ખોડ શોધવામાં રોકાયછે.✻✻

હીરાની પરીક્ષા ઝવેરીએ અને પુસ્તકની પરીક્ષા શાણા વાંચનારે.

✻ જેમ વાંચે તેમ પડે રમુજ જ્ઞાન વધે વળી કિમ્મત જુજ.

૧૦૩૭

નોટીસ.

અર્પણપત્રીકા.

સખાવતે બહાદૂર.

સકળશુભ ગુણસંપન્ન. માનવંતા મરહુમ
શેઠ. રામજીભાઈ માધવજીભાઈનાં
નેકનામ ધણીઆણી બાઈ શ્રી
હેમકુંવરબાઈ.

મુંબાઈબંદર.

ધાર્મિક ધીરવીર રત્ન !

સ્વધર્મપર આપની અચળ દ્રઢતા, પરોપકાર અને ધર્મકાર્યમાં આપની પૂર્ણ પેહેલ; ધર્મોદય માટેની ઉત્તમ યોજના, સ્વગુરૂ સ્વદેવ, અને સ્વધર્મ વૃદ્ધિ માટેની શુભ લાગણી, દીન જનોનાં દુઃખ કાપવામાં આપની અચ્છી ઉદારતા, આદી અનેક શુભ ગુણોથી આકર્ષાઈ આ મારી અલ્પમતિ અનુસાર રચેલ પુસ્તક **"જૈન દિક્ષા મહોત્સવ."** સત્કાર પૂર્વક તમોને અર્પણ કરી અત્યાનંદ પામું છું.

કર્ત્તા.

સ્વધર્મ હિત્તચિંતક એક સ્વધર્મિ.

હરીગીત છંદ.

શોવી સદા સત પાયને, ઠગબાજી ત્રોડીતી તમે,
રાત્રીદિન ધર્મ વૃદ્ધિ થવા, મતી અર્પિ છે સમે સમે
જીવ રક્ષાના ઉપાયમાં, માન પ્રથમ આપું આપને,
ધન્ય સુત માધવજી કહું, વઈકુંઠ વાસ થજો તુંને. ૧
જીજ્ઞાશા પૂરણ તો કરી, મુંબાઈના શુભ સ્થાનમાં,
બહુ ખર્ચે ઉપાશ્રય કરી, ઈજત વધારી વિશ્વમાં.
બહુ ગુણવંત [૧]સુપત્નિ છે, દયાળુ તુજ ઘરની વિષે,
રહે "હેમ" તુલ્ય સર્વદા, યશ જામીયો વિશ્વવિષે.

વિનંતિ સેવક—ગ્રંથકર્ત્તા.

---

૧. (સુપત્નિ એટલે સદ્ગુણી સ્ત્રી.)

પ્રસ્તાવના.

દોહરો.

કરજોડી વિતરાગને, વંદુ વાર હજાર;
કરૂણા દ્રષ્ટિ રાખજો, પડે યત્ન મુજપાર.

પ્રિય વાંચનાર? ઘણા લાંબા વખત થયા મારા મનમાં એવો વિચાર થયા કરતો હતો કે, "**જૈનધર્મોદય**" ગમ્મત સાથે જ્ઞાન મળે તેવું પુસ્તક બહાર પાડવું. પ્રયોજન! ચાલુ જમાનાના કેટલા એક જૈન જુવાનીયાઓ નવિન નાટકના રાગોના રસિલા થઈ પરધર્માદી પુસ્તકો અવલોકન કરી, સ્વધર્મના શુભ જ્ઞાનદર્શક પુસ્તકોએક બાજુ ઘોંચી રાખે છે, તેનાથી થતી હાનીયો દૂર કરવા સારૂ આ પુસ્તક સર્વે સ્ત્રી, પુરૂષોને પ્રિય લાગે તેવા રાગોથી રચવામાં આવેલું છે.

થોડા વખત પેહેલાં મારા તરફથી "**ગુરૂગુણસંગ્રહ**" નામની બુક બહાર પડી હતી. જેને સ્વધર્મિ ભાઇઓએ પ્યારની દ્રષ્ટિથી નિર્ખિ પૂર્ણ આશ્રય આપ્યો હતો. તેથી વિશેષ આનંદ આપે તેવી બૂક બહાર પાડવા સેવક પ્રતિ વારંવાર સુજ્ઞ સ્વધર્મિ જનો તરફથી સૂચના થવા લાગી. જેથી તાબેદારે વાંચવા ઉત્સુક થયેલા શોખીલા સુજ્ઞ સ્વધર્મિભાઈઓની જીજ્ઞાસા તૃપ્ત કરવા આ કામ સ્વહસ્થમાં લીધેલું છે. અને તે કામ આ બીજા પ્રયાસમાં "**દિક્ષા મહોત્સવ**" ના શુભ પ્રસંગે શ્રી વિતરાગ દેવની કૃપાથી પાર પડેલ છે.

સદરહુ પુસ્તક અને પ્રથમના પુસ્તકમાં જે જે ઉદાર દિલના સુજ્ઞબંધુઓએ અવલથી ગ્રાહક થઈ આશ્રય આપ્યો છે. તેઓ સર્વે સાહેબોનો અતિ પ્રેમ પૂર્વક અહેશાન માનું છું.

સદરહુ પુસ્તકને મુંબાઈ બંદરથી મરહુમ શેઠ. રામજીભાઈનાં ધણીયાણી બાઈ શ્રી હેમકુંવરબાઈ તરફથી તેમજ શેઠ મૂળચંદ કરશનજી તરફથી અને શેઠ દામજીભાઈ લક્ષ્મિચંદ તરફથી ઘણો જ સારો આશ્રય મળેલ છે. તેમજ વઢવાણ શેહેરથી મરહુમ શેઠ માણેકચંદ કેશવજીભાઈ અને શેઠ દેવજીભાઈ ગોકળભાઈ તરફથી પણ સારો આશ્રય મળેલ છે. તેથી તેઓ સર્વેનો આ સ્થળે એવડો આભાર માનવાની હું મારી ફરજ સમજુંછું.

આ લઘુ ગ્રંથની પ્રસ્તાવના તથા જાહેરખબર લખવામાં મારા પરમપ્રિય મિત્ર—રા. રા. જગજીવનદાસ સોમચંદે તથા નાગરદાસ લવજીભાઇએ સારી મદદ આપીછે. તે ખાતે તે બન્ને આસિસ્ટંટ માસ્તરોનો આભાર માનુંછું.

સદરહુ બુક મેં મારી મતિમુજબ બનાવી ફક્ત "જૈનધર્મવૃદ્ધિ" અર્થે બહાર પાડેલછે, તેમાં જે જે દોષ યાને (ભૂલ) ચુક હોય તે તે મેહેરબાની કરી સુધારી લેઈ દરગુજર કરવા છેલ્લે સર્વે સાહેબોને મારી નમ્રતા પૂર્વક વિનંતિ છે. કેટલાએક અગત્યના પ્રયોજન સબબે સદરહુ બુક છપાવવાને વધારે વિલંબ થયો છે. તો તે ખાતે સુજ્ઞ ગ્રાહકો પાસે ક્ષમા માગુંછું.

ગ્રંથકર્ત્તા—જીવરાજ નિમચંદ—શાહ. સાયલા.

એફ૦ એ૦ એમ૦ ટી૦ એસ. ઝાલાવાડ.

કર્ત્તાની

પરમ કૃપાળુ પરમેશ્વર પાસે પ્રાર્થના.

દોહરો.

જગત નિયંતા તાહરી, ગહનગતી છે ઇશ;
જીજ્ઞાસા પૂરણ કરો, વહું નમાવી શીશ.

અહો પરમ કૃપાળુ જગતેશ્વર ! તમારી શાન્તદશાના સ્વરૂપનું ચિંતવન કરી ઉપયોગ કરનાર મમુક્ષોના સર્વ અવિદ્યારૂપ દુર્ગુણો શાન્ત પામે છે. તે શાન્તતાના આવેશથી શુદ્ધ શ્રદ્ધા સાથે, સમાધી રસના પ્રતિદિન તેઓની સ્વવર્ત્તિનું પસાર થયા કરે છે. તેના લાભમાં કામ, ક્રોધ, લોભ, માયા, મમતા, આશા, તૃષ્ણા, મત્સર વિગેરે દુરાચાર અને દુસકૃત્યનો ઘટાડો, અને લજ્યા, દયા, ક્ષમા, સંતોષ, સંપ અને ધૈર્ય આદિ આર્ય ગુણોમાં વધારો થાય છે. તેમ થવાથી તેઓ જ્ઞાન, ધ્યાન, ક્રિયા, અનુષ્ટાનપર નિરંતર પોતાની મનુષ્ય જીંદગીમાં અમૂલ્ય વખત મુરાદ હાંસિલ કરી ભવાબ્ધિમાં ભટકતા અટકીને આપની કૃપાથી સારી ગતી સંપાદન કરેછે.

તેમજ અહો ! વિશ્વાનંદી પરમાત્મઃ હું પોતે પાપી, પામર, પશુ તુલ્ય પ્રાણિ આપની ભક્તિથી ભુલો ભટકનાર, અવિદ્યાના પાસમાં ફસાઈ ફોકટ ફુલી ફાંફા મારનાર, આ અસ્થિર સંસારના અવલ ચક્રમાં ચકચુર થઈ ચોરાશીના ચોગાનમાં ચાંચર સાંધનાર, ક્રુર કર્મોના વધારામાં પોતાની મરજીની અરજીમાં ચકચુર બની અનંતકોટી બ્રહ્માંડમાં જન્મ મરણથી વિટંમ્બતાને પાત્ર થયો. ત્યાં મને માતા, પિતા, ભ્રાત, ભગની, પુત્ર ઇત્યાદિ કુટુંબ

કબિલા સાથે સ્થાવર અને જંગમ મિલકતના લાભમાં ભોગ અને સંજોગનો મેળાપ થયો. તેમાં મગ્ન થઈ મકલાયો; પરંતુ અહો અવિનાશીનાથ—એક તારા નામના સ્મરણ વિના પોતીયા વિનાના પોષાક જેવું હાંશીકારક અને તત્વજ્ઞાનની પ્રતિતીવાળા વિદ્વજનોની પંક્તિમાં હાસ્યકારક તરીકે ગણાયો.

વળી હું પોતે શુદ્ધમાર્ગને ભુલી મોહરૂપી મદિરાના છાકમાં છકી—નાશવંત વિજળીના ચમકારા સરીખા સ્વપ્નતુલ્ય સંસારમાં મચી રહીને; મારા રત્ન ત્રયરૂપ અખૂટ ખજાનાની લક્ષ્મિને જાણે ગુમાવીનેજ બેઠો હોઊં નહીં.

એમ મારી અલ્પમતિમાં આરતનો પ્રવાહ પ્રગટ થયો. તેમ છતાં અધુરામાં પુરૂં મારી અલ્પ હિમ્મતને મદદગાર તરિકે પાંચમો મહા નિષેધ દુઃષમકાળ લાગુ થઈ મારા ચપળ ચિત્તને આમ તેમ ચલાવવાથી તત્વજ્ઞાનની પ્રતિતમાંથી અટકાવવા ખરેખર એકો થઈ અમલ બજાવે છે.

અહો જગતનિયંતા ! આપના જેવા મારા મસ્તકપર છત્ર છતાં આવી મહા વિકટ વિટંબનાના પ્રવાહમાં ધસડાઇને ભવ-સાગરમાં ધશીને ચોબાજુએ ગોથાં મારૂં. તે બાબત ખાત્રી આપ અથાગ શક્તિના ધણીને લાગે છે. તેથી દરખાસ્તમાં હાંસિલ કરૂં છું કે,—આપ સર્વ વ્યાપક તારૂ અને ગરીબના વારૂ પરમ પુરૂષ છત્તી શક્તિનો દેખાવ આપી મારા જેવા દુષ્ટ મનુષ્યોને પાર કરી શુદ્ધ રસ્તે ચડાવશો, તો હું ખરેખરૂં જાણું કે—આપ આ જગતમાં પરમાર્થ કર્ત્તાજ છો.

વિનંતી સેવક—ગ્રંથ કર્ત્તા.

સકળ સૃષ્ટિને વિનંતિ.

અહો સુંદર સૃષ્ટિ તારી મન હરણુ લીલાઓ કેવી આનંદમય અને બોધજનક છે. તારી કુખે કેવાં કેવાં મનુષ્ય રત્નો ઉત્પન્ન થયાં છે, થાય છે અને થશે. એ વિષે વિચાર કરતાં મારૂં મન પ્રફુલ્લિત થાય છે. તારી કુખે યુદ્ધમાં પ્રબળ, ઘાવ સહન કરી વિજળીવેગ ખડ્ગથી વિજય કરનારા શૂર, વીર, અને ધીર પુરૂષો કાંઈ ઓછા થયા નથી. તારી કુખે નિર્મળ ધર્મનો, સદ્બોધ આપી મુક્તિદ્વાર બનાવનારા મહાપુરૂષો પણુ કાંઈ ઓછા થયા નથી. તારી કુખે અગાધ શક્તિ અને બુદ્ધિ દૈવતવાળા મહાન્ કવિશ્વરો પણુ કાંઈ ઓછા થયા નથી. એટલે કે તેં તારી શક્તિ પ્રમાણે એવા પુરૂષોને જન્મ આપવામાં અચ્છી ઉદારતા રાખી છે. ટુંકામાં તારી કુખ એ ઉત્તમ મનુષ્ય મણિનો ખજાનોછે.

જયજય ! ભારત દેવી જય ! પરાધિન પડેલી વિરમાતા જય ! ઉદ્દાર, દયાળુ અને ભોળી ભગવતી જય ! તારા શરણે આવેલા આ લઘુ બાળકને સ્વિકારજે. મારી દયાળુ માતા ! હું તારા શરણે રહી વિશ્વાસઘાતી (મહા પાપી) નહીં બનું. એ તું ચોકસ સમજજે. તારા પારાવાર બાળકો પ્રત્યે હું મીઠી પ્રેમથી ભરપુર નજરે જોઇશ. અને તેઓના ભલા અર્થે હરગીજ યત્ન કરીશ. હું તેઓ સઘળાની સાથે નિરંતર સલાહ સંપથી વર્ત્તિશ, નિંદ્ય કાર્યમાં મન ઘોંચી નર્કાધિકારી થવા સ્વપ્ને પણુ સંકલ્પ કરીશ નહીં.

વહાલી વિરદેવી ! સર્વ જનોનું સદા શુભ ચાહતું એજ મારી ચાહના છે. માટે હે સુંદર ભૂમી ! આ તારા દીન બાળકના એ તારી મન હરણુ લીલાને માટે અત્યંત પ્રેમપૂર્વક પ્રણામ સ્વિકારજે.

કર્ત્તા.

જૈનદિક્ષામહોત્સવ.

પ્રકરણ ૧ લું.

દોહરા.

પ્રથમ નમું વિતરાગને, દોનું જોડી હાથ;
જૈનધર્મની શ્રેષ્ટતા, કરજો દીનાનાથ.
ધાર્યું શુભ કરજો સદા, કાર્ય સફલ કરતાર,
વિંન્તી મારી એટલી, ઉરધર જગદાધાર.

પ્રભુપ્રાર્થના— (રાગ–મુંબાઈ.)

નમું ઈશને, જગદિશને,
સાહ્યથાવ, સાહ્યથાવ, સાહ્યથાવ.—નમું (ટેક.)
પ્રેમ ધરી મહારાજ, કરો સિદ્ધ સહુ કાજ, કરૂં અર્જ હું આજ;
જગતના શિરતાજ, રાખો સર્વની લાજ. નમું. ૧
રચવા ગ્રંથ આ નાથ, જૈનકંપની સાથ, હોંશે બીડી મેં બાથ;
પૂર્ણ કરો દીનાનાથ, વંદુ જોડી દો હાથ. નમું. ૨
નથી મુજમાં ભાન, રહ્યોછુંજનાદાન, ટાળીનેજ અજ્ઞાન;
વિભુ! આપોને જ્ઞાન, જેથી થાયે ગુલ્તાન. નમું ૩
મારો બીજો પ્રયાસ, મમ મતિ છે લાસ, ગામ સાયલામાં વાસ;
આપ તણોછું દાસ, સદા રાખો હુલ્લાસ. નમું. ૪
જપું નિત્ય હું નામ, આપ કેરૂંજ શ્યામ, જીવો માહરૂં નામ;
પૂરી પાડોને હામ, જેથી ચાલે આ કામ. નમું. ૫

દોહરો.

સજ્જન ખોળે સારને, વાંચી કાવ્ય તમામ;
ખળ જન ખોળે દોષને, નિંદા કરવા કામ.

દોહરો.

નિત્ય જપો પ્રભાતમાં, ચૌવિશે જીનરાજ;
દુઃખ દર્દ દુરે જશે, સત્ય વદે જીવરાજ.

(ચોવિશ તિર્થંકરનું સ્તવન.

(રાગ–રાજાહુંમેકોમકા.)

જૈનબંધુ સૌ સદા નમોને ક્રીકર જોડી શ્યામઃ
ચૌવિશે જીનરાજને સૌ પ્રથમ કરો પરણામ. (ટેક.)
[૧]રીખભ, [૨]અજીત, [૩]સંભવ, [૪]અભિનંદન, ઔર [૫]સુમતિ જીનરાજ;
[૬]પદ્દમ, [૭]સુપાર્શ્વ, [૮]ચંદ્રપ્રભુસે, લગની લગી હે આજ. જૈન.
[૯]સુવધિ, [૧૦]શીતળ, [૧૧]શ્રીયાંશ સ્વામિજી દીજે મુક્તિનાથ;
[૧૨]વાશુપૂજ્ય જીન બારમાં ન્હાં [૧૩]વિમળ, [૧૪]અનંત નાથ. જૈન.
[૧૫]ધર્મ, [૧૬]શાંન્તિ, પ્રભુ [૧૭]કૂંથું જીનેશ્વર [૧૮]અર, [૧૯]મલ્લિ, મહારાજ;
[૨૦]મુનિસુવર્ત્ત, [૨૧]નમી, [૨૨]નેમજી, [૨૩]પાર્શ્વ, [૨૪]વીર જીનરાજ. જૈન.
" જૈનધર્મ વૃદ્ધિઇચ્છક." બાળનાં, પૂર્ણ કરો સહુ કાજ;
પ્રીતધરી પ્રણામ કરે છે, જૈ૦ એન૦ સેવક આજ. જૈન.

દોહરો.

સુંદરી આપે સ્નેહથી, નીજ સ્વામિને બોધ;
કંથ ગ્રંથ આ વાંચતાં, ટળે કામને ક્રોધ.

(૧) **રીખભદેવ**—સ્વપ્નામાં તેમની માતુશ્રીએ ઋષભ દીઠો. તેથી રીખભદેવ નામ પાડયું.

(રાગ—જોતું જ્વારી, ચાહે સારી.)

રીખભદેવા, તોરી સેવા, મુજ મન મેવા, ધરવર ધ્યાન. (૨)
અકળ આપછો, વિશ્વ વ્યાપછો, સુમતિનું દયો સૌને જ્ઞાન.—રીખભ.
આનંદ આપો, સંકટ કાપો, સંપને સ્થાપો. હે જયવાન;
કિંકર જાણી, સુણીને વાણી, કુમતિ કાપો હે ગુણવાન.—રીખભ.
દિક્ષા ઓચ્છવની રસિક બૂક જેહ,
આજે આદરૂં સૌ સમક્ષ તેહ,
તેમાં આપનો આધાર માગીયે,
આપજો પ્રભુ પાય લાગીયે.—ધર ધર ધ્યાન.—રીખભ.

દોહરો.

ગાય શીખે ને સાંભળે, જી૦ ની૦ કૃત આ જોડ;
સુખ સંપત્તિ સાંપડે, ફળે મનોરથ કોડ.

---

(૨) **અજીતનાથ**—પાસાએ રમતાં પીતા હાર્યા, અને માતા જીત્યાં તેથી અજીતનાથ નામ પાડયું.

રાગ બનજારો.

સુણી અજીત પ્રભુઓ હમારી, લીયો અરજ ઉરે સ્વિકારી. (ટેક.)
ભવસાગરમાં હું ભમુંછું, કામ, ક્રોધની સાથે રમુંછૂં રે,
મનમાં બહુ પ્રેમ વધારી, (લીયો.)—સુણી.
આ રંક સેવકને તારો, ભવ સિંધુની પાર ઉતારોરે,
વહુ દીકર જોડી આવારી, (લીયો.)—સુણી.

મારે ખરો આધાર તમારો, કરી કૃપા પ્રભુજી ઉગારોરે,
વંદી કહું છું વારમ વારી, (લીયો.)—સુણી.
આપ નામ નિત્ય ચિત્ત આવે, ગુણ જૈ૦ એન૦ સેવક ગાવેરે,
છો આપ વડા ઉપકારી, (લીયો.)—સુણી.

દોહરો.

પ્રેમ ધરી વિન્તી કરૂં, નરનારી પ્રત્યે આજ;
ભકિત કરો જીનરાજની, તો થાશે સિદ્ધ કાજ.

---

(૩) **સંભવનાથ**—આગળ જો કે દુકાળ હતો, તો પણ અકાળે વરસાદ વરશી ધાન્ય પાણીનાં સંભવ થયા. તેથી સંભવનાથ નામ પાડયું.

(રાગ મુંબાઇ.)

નમું સદા પ્રભુ સંભવને—એ ટેક.
સુત જીતારી સેના માતુના, અશ્વલંછનને પાયા;
કરો શાંન્તિ સર્વે ઠામે કાપી આ દવને— નમું.
દ્દીકર જોડી, શીર નમાવી, ધ્યાન તમારૂં ધરીયે,
નિત્ય પ્રિતેં ઉઠી આપજ નામ ઉચ્ચરીયે— નમું.
શુદ્ધ શ્રદ્ધાથી સેવક જીવો શરણે આવ્યો તારે,
વારે ચડો વિભુ! કૃપા કરી આ રંકને— નમું.

દોહરો.

જપતાં નામ જીનદેવનું, વ્યાપે ઉર આનંદ;
તુટે ફંદ જગ જુઠનો, ઉગે જ્ઞાનનો ચંદ.

---

૪ અભીનંદન—શ્રી ઇંદ્ર મહારાજે આવી "અભીનંદનો જય" એમ કહ્યું. તેથી અભીનંદન નામ પાડયું.

(રાગ—માર માર તલવાર.)

અભીનંદનજી કર પ્રભુ કૃપા તો તું,
કૃપાતો, કૃપાતો, કૃપાતો તું—અભીનંદનજી. (ટેક.)
બાલ અજ્ઞાની અમે તો પ્રાણી, મારે, તારે, ઉગારેતોતું—અભી.
દોષ અમારા દુર નિવારી, શિક્ષણ સારૂં દીયેતો તુ— અભી.
અમે અત્યારે સર્વે મળીને, વંદના કરીયે સુણતો તુ— અભી.
જૈન કંપની ઉરે ધરીને, દિન દિન વૃદ્ધિ કરેતો તું— અભી.
પ્રીતે કરેલી દાસ જીવાની, અરજ ધ્યાને ધરેતો તું— અભી.

દોહરો.

નિત્ય પ્રભાતે ઉઠીને, મન સમરો નવકાર;
જે૦ એન૦ સેવક એટલું, કહે સૌને હરવાર.

---

(૫) સુમતિનાથ—બે સોકયોના પુત્રનો ઝગડો ટળ્યો તેથી સુમતિનાથ પામ પાડયું.

(રાગ—વંદન કરો ઉમીયાવરનું.)

નિત્ય જપો પ્રભુ સુમતિને. ટેક.
સુખજ કરશે, સંકટ હરશે, કિંકર દિલમાં ધારી;
દીન જાણી દયા લાવી કાપો કુમતિને— નિત્ય.
આફત આળસ દુર જશે, સુખ સંપત્તિ થશે,
માન ઇજત મળશે, સર્વે કાર્ય ફળશે.

માટે સુમતિનાથ પ્રભુનું ધ્યાન ધરીને સહુ,
બહુ હર્ષ થકી કાપો પ્રભુ કુમતિને— નિત્ય.

દોહરો.

પ્રિય બંધુઓ માહેરા, જપો જીતેશ્વર નામ;
ધર્મ વૃદ્ધિના કામમાં, નિશદિન બીડો હામ.

---

(૬) **પદમ પ્રભુજી**—પદ્મ સેય્યાનો દોહલો ઉપજયો અને શરીરની કાંન્તિ પદમ સદખી થઈ તેથી પદમ પ્રભુ નામ પાડયું.

(રાગ—ધનાશ્રી)

પદમ પ્રભુજી મહારાજ, નમીયે પદમ પ્રભુજી મહારાજ ટેક.
મુક્તિ નાયક, શીવ સુખદાયક, વિશ્વ વધારો લાજ— નમીયે.
ભવ દધીતારણ, પાર ઉતારણ, જળ નિધી સમ છો જહાજ. નમીયે.
કષ્ટ કુમતિ દુર નિવારી, આપો સુમતિ શિરતાજ. —નમીયે.
શુદ્ધ મનથી સ્મરણ કરીયે, પૂરણ કરો સહુ કાજ. નમીયે.
જે૦ એન૦ સેવક પ્રેમથી ગાવે, ધરી આનંદ ઉર આજ. નમીયે.

દોહરો.

(૭) **સુપાર્શ્વનાથ**—માતાનાં પાસાં (પડખાં) ખરબચડાં હતાં તે સુંવાળાં થયાં તેથી સુપાર્શ્વનાથ નામ પાડયું.

રાગ—(લેપત્રિકાની ઢબમાં.)

સુપાર્શ્વનાથ, જોડી હાથ, વિનતિ કરૂં,
આપ કૃપાથી સર્વદા હું સુખથી ફરૂં.—સુપાર્શ્વ. ટેક.
આરંક સેવકો તણું તો રક્ષ કરજો,

દોહરો.

ધર્મ કાર્ય કરનાર જન પામે આનંદ સેહેલ;
જંજાળ સૌ જુદો કરી, કરો ધર્મની પેહેલ.

---

(૯) સુવિધિનાથ—નગર માંહેની અવધિ ટળી, અને સર્વ પ્રકારની સુવિધી થઈ, તેથી નામ સુવિધીનાથ પાડયું. તેમજ તેમના દાંત દાડમની કળીજેવા હોવાથી બીજું નામ પુષ્પદંત પાડયું.

(રાગ—લલીત.)

સુવિધીનાથરે શું કહું તુંને, તારજે હવે પાપથી મુંને,
અરર ઓ પ્રભુ પાપ મેં કર્યાં, શીરપેં પાપના પોટલા ધર્યા.
પણ કૃપા થકી આપની હવે, તરીશ હું હવે નિશ્ચે આ ભવે,
અરજ એટલી આપને કરૂં, ધ્યાન આપનું ચિત્તમાં ધરૂં.
અજ્ઞાન કાપીને જ્ઞાન આપજે, દુઃખ, દર્દ તો સર્વ કાપજે,
જે૦ એન૦ સાયલા શેહેરમાં રહે, તુમ રટણુ સદા ધ્યાનમાં લહે.

દોહરો.

ધર્મ તણાં કોઈ કામમાં, જેને જે વારે;
તે જનતો ચોક્કસ પડે, જમતણે બારે.

---

(૧૦) શીતળનાથ—પિતાને દગ્ધ જ્વર થયો હતો, તે માતાના કરનો સ્પર્શ થવાથી મટી ગયો. અને શાંન્તિ થઈ તેથી શીતળનાથ નામ પાડયું.

(રાગ—ઝુંબાઇ.)

જય ! જય ! સુખમય ! હરો ભય !
શાં.—ન્તી—આપી—જય ! જય !
જગવિચરા, દુઃખહરા, શુદ્ધખરા; (૩)
આપો શરણુ, દુઃખહરણુ, લાવી દયા, ધરી મયા,
સાયલામાં વાસ, આપનોછું દાસ, રાખજો હુલ્લાસ,
જયવંતા—જી—ન—રા—જ—જય ! જય !

દોહરો.

માનો માનો સૌ માનવી, માનો મારી વાત;
પાક નિષ્ટાથી ચાલતાં, સુખ મળે સાક્ષાત.

---

(૧૧) **શ્રીયાંસનાથ**—દેવતાઈ અદ્રશ્ય સૈય્યાપર કોઈ પણ ચર્ણ અડાડી શકતું નહીં તેનાપર સુવાનો દોળો થવાથી ચર્ણ દીધો તેવોજ દેવતા બૂમ પાડીને નાઠો. તેપરથી શ્રીયાંશનાથ નામ પાડ્યું.

(લાવણી.)

શ્રીયાંશનાથ મહારાજ પુરણ કરો મરજી,
શેવક શિરનામી તુને ઉચ્ચારે અરજી.—ટેક.
તુંમ માત તાતનું નામ એક કહેવાયે,
ધન્ય ધન્ય નગરી સિંહપુરી સોહાયે.— શ્રીયાંશ.
ચોરાશી લાખનું આયુમાન તમારૂં;
કરી કૃપા સરવ સિદ્ધ કાર્ય કરોને અમારૂં— શ્રીયાંશ.

અચ્યુત દેવલોક શોભે ગેંડા લંછન,
તુંમ રટણ કરવા હર્ષે થાય બહુ મન.— શ્રીયાંશ.
જેઠવદી છઠ્ઠની ચવણુ તિથી તમારી,
વદી ફાગણ બારશની જન્મ તિથી શુભકારી.—શ્રીયાંશ.
છે જે૦ એન૦ સેવક દીન શરણુ તમારે,
એક આપ તણો આધાર પ્રભુજી હમારે.— શ્રીયાંશ.

દોહરો.

જૈનધર્મ વેલી વધો, એમ વદો નરનાર;
મુખ થકી એ ધર્મનો, બોલો જયજયકાર.

---

(૧૨) વાસુપૂજ્યજી—શ્રીઇંદ્રમહારાજ વારંમવાર રત્નની વૃષ્ટિ કરીને પુજન કરતા. તેથી તથા પિતાના નામ ઉપરથી વાશુપૂજ્ય નામ પાડયું.

(રાગ—નવિન.)

જીનપતિ, સહાય અતી, કરજો મુંને આવાર. ટેક.
ધાર્યો આપનો આધાર, વંદીને મેં વારંવાર,
દિલમાં દયા લગાર, લાવી લેજો મારી સાર.—જીનપતી.
આપપર પ્રેમ ધારી, ભક્તિ કરૂં ભાવેભારી,
દુઃખ મારાં દયો વિદારી, શત્રુ મારાંને સંહારી—જીનપતી.
સ્થાપો સુખ સુખકારી, ટાળો વિઘ્ન હે મુરારી,
વાશુપુજ્યજી હમારી, અર્જ ઉરે ધ્યોને ધારી.—જીનપતી.

દોહરો.

શીયળ સાચવે તેહને, નીચ નર શું કરનાર;
કેમ શ્વાન કરડી શકે, જે ગજ શીર અસ્વાર.

---

(૧૩) વિમળનાથ—માતાની પુઠી વાંકી હતી તે સિધી થઈ તેથી વિમળનાથ નામ પાડયું.

(રાગ—કર્ત્તાકૃત નવિન.)

વિમળનાથ વિંન્તી મારી ઉરે ધરજો. (૨) ટેક.
વિઘ્ન હરજો, શાન્તિ કરજો, રીપુ ટાળજો,
પાપ બાળજો.—વિમળનાથ.
દયાળુ તું, મયાળુ તું, વ્યાપકછું તું, સેવક છું હું—વિમળ.
એ—ક—ચિ—ત્તે—થી—સ્મ—ર—ણ—કરૂંછું હું (૨)
તે કૃપાસિંધુ (૨) ધ્યાન ધારજો.—વિમળ.
હું અનાથ છું, તુંજ નાથ છું, પાયલાગું છું, માફ માગું છું.
ગ્રંથ પૂર્ણ કરજો (૩) વિમળનાથ.

દોહરો.

ઇચ્છો જેવું અવરનું, તેવું આપનું થાય;
નહિં માનો તો કરી જુવો, જેથી તુર્ત જણાય.

---

(૧૪) અનંતનાથ—નગરમાં અનેક પ્રકારનાં રોગનો ઉપદ્રવ હતો. તે માતાએ અનંત ગાંઠનો દોરો કરીને બાંધવાથી સર્વ રોગ સત્વર લય થયો. તેથી

અને સ્વપ્નમાં અનંત રત્નોની માળાઓ દીઠી તેથી અનંતનાથ નામ પાડયું.

(રાગ—ખુશરહો.)

મહીમા છે તારો અતી અનંત પ્રભુ પ્યારા;
નવકાર મંત્રથી ગણી ગુણ ગાઊં તારા. ટેક.
જંજાળી જીવને આપ તારજો વ્હાલા;
કરજોડી કહું આ વાર તમો છો દયાળા.
રટું દિન રાત્રી હું મનન તમારૂં ધારી;
રાખું આધાર આપનો નાથ દેવ મુરારી.
સૌ જુઠો જગત જંજાળ નામ આપ સાચું;
એમ જાણી મનથી ધર્મ કાર્યમાં રાચું.
જે નિત્ય ઉઠી પ્રભાત નામ તુમ લેશે;
જે૦ એન૦ કહેછે પૂરણ સુખ તે લેશે.

દોહરો.

સત્ય સાચવ્યું નવ રહે, ખરો જુવો એ ખેલ;
જેમ ઉપર આવે તરી, જળ તળીયેથી તેલ.

---

(૧૫) ધર્મનાથ—માતપિતા ધર્મવંત થયાં, અને ધર્મ કરવાની અત્યુત્તમ ઉત્કંઠા થઇ. તેથી ધર્મનાથ નામ પાડયું.

(ત્રોટકછંદ)

ધર્મનાથ જીનેંદ્રને નિત્ય નમે, દુઃખ, દર્દ, દુરાચાર સર્વ દમે,
સુખ શાંન્તિતણો જપી લાવો તમે, દયોને સુદા બંધુ વદીએજ અમે

પ્રિતે પ્રભાતમાં ઉઠી એજ કરો, શુદ્ધ શ્રદ્ધા થકી ધર્મે ધ્યાન ધરો,
જેથી આનંદમાં હરનિશ ફરો, મોહ, માયા, કપટને ટાળો ખરો.
જપે નર્ક તણી તો આફત ટળે, મન માન્યાં મનોરથ સર્વે ફળે,
પરભવતણાં વળી પાપ બળે, એની કૃપા થકી સુખશાન્તિ મળે.
વળી રટણથી ભવસિંધુ તરો, ગ્રહી સુમતિને કૂર કાર્ય હરો,
તેથી આ ભવને પરભવ તરો, લાવો લક્ષ્મિતણો મળશેંજ ખરો.
શુભ શિક્ષા સેવકની ઉર ધરી, નરનારી નમો બહુ પ્રેમધરી,
નિચ જન થકી નિત્ય ચાલો ડરી, એવું મુખવદે જીવો ફરીફરી.

દોહરો.

ગર્વ હોય તે જનને, મળે ન કદીયે માન;
ઉલટું અપમાન જ મળે, ગણે લોક નાદાન.

---

(૧૬) **શાંત્તિનાથ**—દેશમાં માર મરકીનો પુષ્કળ ઉપદ્રવ થયો હતો. તે અમૃતમય છાંટા પડવાથી શાન્ત થયો. તેથી શાંત્તિનાથ નામ પાડયું.

(રાગ-કર્ત્તા કૃતનવિન)

શાન્તિજી વંદે સહુ આનંદે તુજને,
દયાવાન, પ્રિતે જ્ઞાન, આપો સહુને.—શાન્તિજી (ટેક.)
તુજગુણ ગણતાં નહિંજ ગણાય,
સર્વ તણી કરોછો રક્ષાય,
આપ કૃપા થકી આ બૂક થાય,
થાય-થાય-થાય; જેથી અજ્ઞાનતા જાય; સ્વર્ગ શીખરે ભેટાય;

સર્વ દુઃખ દુર જાય. (૨) અતિ આનંદે—અતી આનંદે—
પ્રેમે વંદે સહુ નરનાર (૨) નિત્ય ઉઠીને નામ જપતા (૨)
હર્ષ થયોછે મુજને.—શાંન્તિ.

દોહરો.

જૂઠા બોલા જનતણું, સાચું જૂઠ ગણાય;
કરડે વિંછી ભાંડને, સાચે જૂઠ મનાય.

---

(૧૭) **કુંથુનાથ**—સ્વપ્નામાં રત્નમય કુંભ દીઠો, અને દુશ્મનો કુંથુંઆ સરખા દેખાયા. તેમજ કુંથુંઆની રાસી દીઠી. અને નગ્રમાં કુંથુંઆ આદી જીવની જયણા વધી તેથી કુંથુનાથનામપાડયું.

(મનહર છંદ.)

પ્રેમથી કરૂં પ્રણામ, મનમાંછે એવી હામ,
કુંથુ નામ મમ શ્યામ, આનંદમાં રાખશો.
અરીહંત દેવમારા, જ્ઞાન ચક્ષુ આપનારા,
અગણિત ગુણ તારા, શાંન્તિ સદા સ્થાપશો.
ચોવિશે પ્રભુની પ્રિત, સદા રહે મારે ચિત્ત,
ઉરમાંથી માગું નિત, કુમતિને કાપશો.
ગુરૂદેવને પ્રણામ, નમી જપુ આપ નામ,
જે૦ એન૦ કુંપની કામ, પુરણ તો પાડશો.

દોહરો.

ધર્મ કરો મુજ બંધુઓ, આ સંસાર અસાર;
નાશ થશે પલવારમાં, ધન, જોબન, પરિવાર.

(૧૮) અરનાથ—સ્વપ્નામાં રત્નમય આરો દીઠો. તેથી અરનાથ નામ પાડ્યું.

(છંદવિજય છંદ.)

અર જીનેશ્વર દેવ દયા નિધી, શક્તિ વિશાળ સદા સુખકારી;
પ્રિતથી દ્વીકર જોડી સદા, વળી ચર્ણું નમી કરૂં ભકિત તમારી.
માન ઇજતને સંપત્તિ વૃદ્ધિ, કરો ભલી ભાતથી હે ઉપકારી;
ભાવ અભાવથી જે વિનંતિ, દિન પ્રત્યે કરૂં પ્રભુ લ્યોજ સ્વિકારી.
અક્કલ કાંઈ નથી મુજમાં, થઈ શાણ પ્રભુજી ગ્રહો બાંય મારી;
પિંગળ પાઠ જાણું ન જરી, વૃદ્ધિ જૈનતણી કરજો જયકારી.
આપ પ્રતાપથી આ પ્રયત્ન કરી, પ્રભુ પ્રેમ ધરી વંદુવારંવારી;
સાણ કરો, અરસાણ કરો, અર સાણ કરો, હરનિશ અમારી.

દોહરો.

ધર્મ કરો તમે પ્રાણિયા, ધર્મ થકી સુખ હોય;
ધર્મ કાર્ય કરનાર તો, દુખીયો ન દિશે કોય

---

(૧૯) મલિનાથ—છ રૂતુના પુષ્પની સૈયા ઉપર પોઢવાનો ઉપજેલો દોહળો દેવતાએ પૂર્ણ કર્યો તેથી મલ્લિનાથ નામ પાડયું.

(રાગ-નમું પદ પ્રભુ સુસતિને)

મલ્લિ પ્રભુજી કાપો કુમતિને—(ટેક)
સદા જપુ તુમ નામ પ્રિતેથી, આશ્રય આપનો ધારી;
પ્રભાવંતિ સુત સદા આપો સન્મતિને મલ્લિ.—

હું છું અતી નાદાન, ટાળો મારૂં અજ્ઞાન,
નથી ધર્મનું ભાન, આપો સદા શુભજ્ઞાન,
જેથી ધરૂં હું ધ્યાન.
પ્રેમ ધરીને એજ વદેછે, સેવક જીવો આજે;
પ્રભાવતિ સુત સદા આપો સન્મતિને—મલ્લિ

દોહરો.

પુણ્ય કરો તમે પ્રાણિયા, પુણ્ય થકી નિરવાણુ;
પુણ્ય પાપ જાણ્યા વિના, સોઈ નર પશુ સમાન.

---

(૨૦) **મુનિસુવર્ત્ત**—શત્રુ શાંન્ત થયા, અને નમ્યા. વળી સાધુજીની પેઠે સુવ્રત્ત પળ્યાં. અને મૌન્ય વ્રત ધારણ કર્યું, તેથી મુનિસુવર્ત્ત નામ પાડયું.

(રાગ—પંડિતકા બચન.)

પ્રભુ મુનિસુવર્ત્ત મહારાજ અર્જ ઉર ધરજો;
આ સેવકની સુણી દાદ કષ્ટ દુર હરજો—પ્રભુ. (ટેક)
છો જગહિત્તકારી શ્યામ રાજ ગ્રહીવાશી;
આ રંક સેવકની નાથ કાપોને ઉદાશી.—પ્રભુ
શોભે અપરાજીત વૈમાન કાચબા લંછન;
છો વિશમા તિર્થંકર શ્યામ વર્ણું તુંમતન—પ્રભુ.
સુમિત્ર રાજાના સુત, પદ્માવતી માતુ;
જેઠ વદી અષ્ટમી જન્મ ગાઓ ગુણ ભ્રાતુ.—પ્રભુ.
સહસ્ર સાધુજી સાથ દિક્ષા તો લિધી;
શ્રાવણ સુદ પુનેમ ચવણતિથી તો કીધી.—પ્રભુ.

છે જે૦ એન૦ સેવક દીન તમારા શરણે;
આપ મહિમા અપરંપાર સુણ્યો મેં કરણે.—પ્રભુ.

દોહરો.

નરનારી આ માહેરા, ધ્યાન ધરો ઉપદેશ;
ખરો માર્ગ વિત્રાગનો, ફેર નહીં લવલેશ.

---

(૨૧) નમીનાથ—આસપાસ શીમાડીયા શત્રુએ નગરને ઘેરા ઘાલ્યો. તેથી રાજાએ ડર ખાધો. પણ તે વખતે માતાએ કિલ્લા ઉપર ચડીને જોયું કે તુર્તજ રીપુઓ શાન્ત થયા અને નમી પડયા. તેથી નમીનાથ નામ પાડયું.

(ગીતિ.)

સુરીનર કિંનર દેવા, હસ્ત જોડીને ઉભા રહે પાસે;
કરે વિનંતી કોડે, દેવદેવાધી મળીને આકાશે.
નાથ અનાથ ઓધારી, પાર ન પામે ગણુતાં ગુણગ્રામી;
શ્રાવક સહુ ચિત્ત ચોડી, પ્રણમો પ્રેમે "નમિનાથસ્વામી."

દોહરો.

સહુ જૈન બંધુઓ માહેરા, તત્પર થાઓ તૈયાર;
ધ્યાન ધરો નેમનાથનું, લગાડશો નહિં વાર.

---

(૨૨) નેમનાથ—સ્વપ્નમાં કાળો અરીષ્ટ રત્નમય નેમી ચક્ર દીઠો. તેથા અરીષ્ટ નેમી નામ પાડયું.

(રાગ—દેખી તેરી વફાદારી.)

નેમનાથ અરજ મારી, સ્વિકારો સેવક ધારી;
અરેહા, અરેહાં, રેહાં, રેહાં આં આં આં આં.—નેમ. (ટેક)
કરવા ગ્રંથ લઘુ તૈયાર, કર્યો વિચાર, મદદ આવાર,
પૂરો દાતા આં આં આં આં રી.—નેમ.
આપો સહાય કૃપાળુનાથ, નમે સૌ સાથ, જોડી દ્વી હાથ,
આપ સુખકા આં આં આં આં રી.—નેમ.
છો આપ દેવાધી દેવ, રજા તતખેવ, આપો કરૂં સેવ,
વિનંતિ ધા આં આં આં આં રી.—નેમ.
બીજો પ્રયાસ ધાર્યો નાથ, અમે તો અનાથ, ગ્રહોને હાથ,
પ્રિતે મુરા આં આં આં આં રી.—નેમ.
જીવરાજ સેવક ગુણ ગાય, હર્ષ ઉભરાય, વંદે તુંમ પાય,
આનંદ ઉર ભા આં આં આં આંરી....નેમ.

દોહરો.

મુક્તિ સુખનાં કારણે, કરો ધર્મ એક ચિત્ત;
સામાયક, ઉપવાસતો, કરો ધરી બહુ પ્રિત.

---

(૨૩) પારશ્વનાથ—રાત્રે સર્પને સૈયા ફરતો પ્રદક્ષિણા કરતાં જોયો, અને પીતાનો કર સૈયા ઉપર મૂકયો તેથી પારશ્વનાથ નામ પાડયું.

(ધનાશ્રી—રાહ.)

પ્રણુમું પારશ્વનાથ; ત્રેવિશમાં પ્રણુમું પારશ્વનાથ. (ટેક)
સહાય આપો દેવ મોરારી, અમે તો સ્વામિ અનાથ.—ત્રેવિશમાં.

બીજો પ્રયાસ આ મેતો ધાર્યોછે, બાળ જાણી ગ્રહોહાથ.—,,
" દરિયાપુરી દિક્ષામહોત્સવ," પૂર્ણ કરો દીનાનાથ.— ,,
લઘુ ગ્રંથ આ સેવક બનાવી, વંદન કરે જોડી હાથ.— ,,
ધી સાયલા જે૦ એન૦ કંપની, નિત્ય નમે જગનાથ.— ,,

દોહરો.

મહાવીર નામે સદા, ફળે મનોરથ માળ;
રટણ કરો બહુ પ્રેમથી, છોડી સહુ જંજાળ.

---

(૨૪) શ્રી મહાવિર સ્વામિ.—કુળ, રત્ન, અને સુવર્ણે કરીને વૃદ્ધિ પામ્યું. તેથી વર્ધમાન. અને બીજું નામ દેવતાને જીતવાથી " શ્રીમહાવિર" પાડયું.

(ગીતિ.)

વિર પ્રભુ ગુણ ધામી, ધરા અચળા અચળ જશો જામ્યાં;
વૈરાગ લીધો પ્રિતે, સંયમ લેઈ મોક્ષપદ પામ્યાં.

(રાગ—દેશી લાવણી.)

મહાવિરસ્વામિતમેરેતારોતોતરીયે,હાંરેબીજાકોનીપાંસેજઈકરગરીયે(ટેક
હાંરે મારે મોહની માયાછેજાડી, હાંરે મારેકરમકમતડીછેભુંડી—મહા.
હાંરેહુંતોવિષિયાશુંરસમાંખુંત્યો,હાંરેહુંતોભરીયાકાદવનોધું કુંપો.—મહા.
હાંરે મુંને બતાવો તર્યાની બુટ્ટી, હાંરે જેથી દુષ્ટકર્મજાયેત્રુટી.—મહા.
હાંરે હુંતો દીનસેવકછું તમારો, હાંરે ભવસિંધુની પાર ઉતારો—મહા.
હાંરેગુણજે૦એન૦સેવકેગાયા, હાંરેતમેત્રિસલાદેવીનાછોજાયા—મહા.

चोवीस तिर्थंकरनी जाणवा [redacted]

अंक	नाम	पितानुं नाम	[redacted]	जन्मतिथी	जन्मनगरी	कुळ [illegible]	विमाननुं नाम	लंछननुं नाम	आयुष्य	च्यवण[redacted]	शरीरनो रंग	दीक्षा तिथी	दीक्षा नगरी
१	श्री ऋषभदेव	नाभिकुलकर	मरुदेवी	चैत्रवद ८	वनिता	इक्ष्वाकु कुळ	सर्वार्थसिद्धि	वृषभ	८४ लक्ष पूर्व	अषाड वदी ४	सुवर्णवर्ण	चैत्रवदी ८	वनिता
२	श्री अजितनाथ	जितशत्रु	विजया	महासुदी ८	अयोध्या	,,	विजयविमान	हस्ती	७२ ,,	वैशाखसुदी १३	,,	महावदी ९	अयोध्या
३	श्री संभवनाथ	जितारी	सेना	मागसरसुदी १४	सावत्थी	,,	उपरलाग्रैवेयक	अश्व	६० ,,	फागणसुदी ८	,,	मागसरसुदी १५	सावत्थी
४	श्री अभिनंदन	संवरराजा	सिद्धार्था	महासुदी २	अयोध्या	,,	जयंत	मर्कट	५० ,,	वैशाखसुदी ४	,,	महासुदी १२	अयोध्या
५	श्री सुमतिनाथ	मेघराजा	मंगला	वैशाखसुदी ८	अयोध्या	,,	,,	क्रोंच	४० ,,	श्रावणसुदी २	,,	वैशाखसुदी ९	,,
६	श्री पद्मप्रभु	श्रीधरराजा	सुसीमा	कारतकवदी १२	कोसंबी	,,	उपरिमग्रैवेयक	पद्मकमळ	३० ,,	महावदी ६	रक्त	कारतकवदी १३	कोसंबी
७	श्री सुपार्श्वनाथ	प्रतिष्ठराजा	पृथ्वी[redacted]	[redacted]सुदी १२	वणारसी	,,	मध्यम	साथियो	२० ,,	भादरवावदी ८	सुवर्ण	जेठसुदी १३	वणारसी
८	श्री चंद्रप्रभु	महासेनराजा	लक्ष्मणा	पोषवदी १२	चंद्रपुरी	,,	विजयंत	चंद्र	१० ,,	चैत्रवदी ५	श्वेत	पोषवदी १३	चंद्रपुरी
९	श्री सुविधिनाथ	सुग्रीवराजा	[redacted]	मागसरवदी ५	कांकंदी	,,	आनंतदेवलोक	मगरमच्छ	२ ,,	फागणवदी ९	,,	मागसरवदी ६	कांकंदी
१०	श्री शीतलनाथ	दृढरथ	नंदा	महावदी १२	भद्दिलपुर	,,	अच्युतदेवलोक	वत्स	१ ,,	वैशाखवदी ६	सुवर्ण	महा वदी १२	भद्दिलपुर
११	श्री श्रेयांसनाथ	विष्णु	विष्णुमाता	फागणवदी १२	सिंहपुरी	,,	,,	गेंडा	८४ लाख वर्ष	जेठ वदी ६	,,	फागणवदी १३	सिंहपुरी
१२	श्री वासुपूज्य	वसुपूज्य	जया	फागणवदी १४	चंपापुरी	,,	प्राणंतदेवलोक	पाडो	७२ ,,	जेठ सुदी ९	रक्तवर्ण	फागणसुदी १५	चंपापुरी
१३	श्री विमळनाथ	कृतवर्म	श्यामा	महासुदी ३	कंपिलपुरी	,,	सहस्रारदेवलोक	वराह (सुवर)	६० ,,	वैशाखसुदी १२	सुवर्ण	महासुदी ४	कंपिलपुरी
१४	श्री अनंतनाथ	सिंहसेन	सुयशा	वैशाखवदी १३	अयोध्या	,,	प्राणंत	सींचाणो	३० ,,	श्रावणवदी ७	,,	वैशाख वदी १४	अयोध्या
१५	श्री[redacted]	भानु	सुव्रता	महासुदी ३	रत्नपुरी	,,	विजयविमान	वज्र	१० ,,	वैशाखसुदी ७	,,	महासुदी १३	रत्नपुरी
१६	श्री शांतिनाथ	विश्वसेन	अचिरा	जेठवदी १३	गजपुर	,,	सर्वार्थसिद्धि	हरण	१ ,,	भादरवावदी ७	,,	जेठ वदी १४	गजपुरी
१७	श्री कुंथुनाथ	सूरराजा	श्रीराणी	वैशाखवदी १४	गजपुर	,,	,,	बकरो	९५ हजार वर्ष	श्रावणवदी ९	,,	चैत्रवदी ५	,,
१८	श्री अरनाथ	सुदर्शन	देवीराणी	मागसरसुदी १०	गजपुर	,,	,,	नंदावर्त	८४ ,,	फागणसुदी २	,,	मागसरसुदी ११	,,
१९	[redacted]	कुंभराजा	प्रभावती	मागसरसुदी ११	मिथुरा	,,	जयंत	[redacted]	५५ ,,	फागणसुदी ४	नीलो	,,	मिथीला
२०	श्री मुनिसुव्रतस्वामि	सुमित्रराजा	पद्मावती	जेठवदी ८	राजग्रही	हरीवंश कुळ	अपराजित	काचबो	३० ,,	श्रावणसुदी १५	श्याम	फागणसुदी १२	[redacted] राजग्रही
२१	श्री नमीनाथ	विजय	[redacted]	[redacted]	मथुरा	इक्ष्वाकु कुळ	प्राणंतदेवलोक	कमळ	१० ,,	आसोसुदी १५	पीळोवर्ण	अषाडवदी ८	मथुरा
२२	श्री नेमीनाथ	[redacted]	शिवादेवी	[redacted]	सौरीपुरी	हरीवंश कुळ	अपराजित	शंख	१ ,,	कारतकवदी १२	श्याम	श्रावणसुदी ६	सौरीपुरी
२३	[redacted]	अश्वसेन	वामादेवी	पोषवदी १०	वणारसी	इक्ष्वाकु कुळ	[redacted]	सर्प	१०० वर्ष	चैत्रवदी ४	नीलवर्ण	पोषवदी ११	वणारसी
२४	श्री महावीरस्वामि	सिद्धारथ	त्रिशलाराणी	चैत्रसुदी १३	क्षत्रीकुंड	इक्ष्वाकु कुळ	,,	सिंह	७२	अषाडसुदी ६	पीळोवर्ण	मागसरवदी १०	[redacted] कुंडपुर

नंबर अने नामने अधिकार.	कुमारावस्था स्थिति.	छद्मस्थ गुण वर्ष.	ज्ञान नगरी.	ज्ञानतिथि.	शरीरमां धनुष्य.	दीक्षा वृक्ष.	परिवार: गणधर	साधु.	साध्वी.	केवली.	श्रावक.	श्राविका.	गर्भस्थितिमान: मास	दिवस	[illegible]तिथि.	मोक्षपरिवार.
१ ऋषि.	४०००	१०००	पुरीमताल	फागणवदी ११	५००	वड.	८४	८४०००	३०००००	२००००	३५००००	५५४०००	९	४	माहावदी १३	१००००
२ अजि.	[illegible]०००	१२	अयोध्या	पोषवदी ११	४५०	[illegible]	९५	१०००००	३३००००	२२०००	२९८०००	५४५०००	९	२५	चैतरसुदी ५	१०००
३ संभ.	१०००	१४	सावथी.	कार्तिकवदी ५	४००	प्रियाल.	१०२	२०००००	३३६०००	१५०००	२९३०००	६३६०००	९	६	चैतरसुदी ५	१०००
४ अभि.	१०००	१८	अयोध्या	पोषवदी १४	३५०	प्रियंगु.	११६	३०००००	६३००००	१४०००	२८८०००	५२७०००	९	२८	वैशाखसुदी ८	१०००
५ सुम.	१०००	२०	,,	चैत्रसुदी ११	३००	साल.	१००	३२००००	५३००००	१३०००	२८१०००	५१६०००	९	६	चैतरसुदी ९	१०००
६ पद्म.	१०००	६ मास	कौशंबी.	चैतरसुदी १५	२५०	छत्र.	१०७	३३००००	४२००००	१२०००	२७६०००	५०५०००	९	६	मागशरवदी ११	३०८
७ सुपा.	१०००	९ ,,	वाणारसी.	फागणवदी ६	२००	शिरीष.	९५	३०००००	४३००००	११०००	२५७०००	४९३०००	९	१९	फागणवदी ७	५००
८ चंद्र.	१०००	३ ,,	चंद्रपुरी.	फागणवदी ७	१५०	नाग.	९३	२५००००	३८००००	१००००	२५००००	४९१०००	९	७	भादरवावदी ७	१०००
९ सुवि.	१०००	४ ,,	कांकंडी	कारतकसुदी ३	१००	मालती	८८	२०००००	१२००००	७५००	२२९०००	४७१०००	९	२६	भादरवासुदी ९	६००
१० शीत.	१०००	३ ,,	भद्दिलपुर	पोषवदी १४	९०	प्रियंगु.	८१	१०००००	१००००६	७०००	२८९०००	४५८०००	९	६	वैशाखवदी २	१०००
११ श्रेयां.	१०००	२ ,,	सिंहपुरी.	माहावदी ३	८०	तंदुक.	७६	८४०००	१०३०००	६५००	२७९०००	४४८०००	९	६	श्रावणवदी ३	१०००
१२ वासु.	६००	१ ,,	चंपापुरी.	माहासुदी २	७०	पाडल.	६६	७२०००	१०००००	६०००	२१५०००	४३६०००	९	२०	असाडसुदी १४	६००
१३ विम.	१०००	२ ,,	कंपीलपुर.	पोषसुदी ६	६०	जंबु.	५७	६८०००	१००८००	५५००	२०८०००	४२४०००	९	२१	असाडवदी ७	६००
१४ अनं.	१०००	३ वरस.	अयोध्या.	वैशाखवदी १४	५०	अशोक.	५०	६६०००	६२०००	५०००	२०६०००	४१४०००	९	६	चैतरसुदी ५	७००
१५ धर्म.	१०००	२ वरस.	रत्नपुरी.	पोषसुदी १५	४५	दधिपर्ण.	४३	६४०००	६२४००	४५००	२०४०००	४१३०००	९	२६	जेठसुदी ५	१०८
१६ शांति.	१०००	१ वरस.	गजपुर.	पोषसुदी ९	४०	नंदी.	३६	६२०००	६१६००	४३००	१९००००	३९३०००	९	६	जेठवदी १३	९००
१७ कुंथु.	१०००	१६ वरस.	,,	चैत्रसुदी ३	३५	तिलक.	३५	६००००	६०६००	३२००	१७९०००	३८१०००	९	५	वैशाखवदी १	१०००
१८ अर.	१०००	३ वरस.	,,	कारतकसुदी १२	३०	आंबो.	३३	५००००	६००००	२८००	१८४०००	३७२०००	९	८	मागशरसुदी १०	१०००
१९ मल्लि.	७००	१ अहोरात्र.	मथुरा.	मागशरसुदी ११	२५	अशोक.	२८	४००००	५५०००	२२००	१८३०००	३७००००	९	७	फागणसुदी १२	५००
२० मुनि.	१०००	११ मास.	राजग्रही.	फागणवदी १२	२०	चंपक.	१८	३००००	५००००	१८००	१७२०००	३५००००	९	८	जेठवदी ९	१०००
२१ नमी.	१०००	९ मास.	मथुरा.	मागशरसुदी ११	१५	बकुल.	१७	२००००	४१०००	१६००	१७००००	३४८०००	९	८	वैशाखवदी १०	१०००
२२ नेमी.	१०००	५४ दिवस.	गीरनार.	आसोवद ०))	१०	वेतस.	११	१८०००	४००००	१५००	१६९०००	३३६०००	९	८	असाडसुदी ८	५३६
२३ पार्श्व.	३००	८४ दिवस.	वाणारसी.	चैत्रवदी ४	९ हाथ.	धातकी.	१०	१६०००	३८०००	१०००	१६४०००	३३९०००	९	६	श्रावणसुदी ८	३३
२४ महा.	[illegible]	१२ वर्ष.	ऋजुवालुका नदी.	वैशाखसुदी १०	७ हाथ.	साल.	११	१४०००	३६०००	७००	१५९०००	३१८०००	९	७	आसोवदी ०))	[illegible]

દોહરો.

કવિ નથી હું સજ્જનો, નથી એવો હુશિયાર;
જૈનધર્મ પસાયથી, ગ્રંથ કર્યો તૈયાર.
ભાગ પુર્ણ પેહેલો કર્યો, ઉરધારી બહુ પ્યાર;
ભુલચુક સુધારીને, વાંચો સહુ નરનાર.



પ્રકરણુ ૨ જું.

દોહરો.

દરિયાપુરી ગચ્છનું, સર્વ મુનિ આખ્યાન;
આપું છું આ ભાગમાં, વાંચો ધરીને ધ્યાન.

(કલ્યાણ.)

ગચ્છા[૧]ધિપતી મહા ગુણુના ભંડાર,
પ્રિત લાવી આપને વંદું છું વારવાર— (ટેક)
બચપણુથી વૈરાગ પામીને, મૂકયાં રાગને દ્વેષ;
બ્રહ્મચર્ય અદ્દભુત પાળીયું, મોહ નહિ લવલેશ— ગચ્છા.
સર્વ સાધુની માંહે મોટા, છો ગંભીર વિદ્વાન;
શાસ્ત્ર સિદ્ધાંતો મ્હોઢે ગુરૂ, કીધાં છે ગુણવાન— ગચ્છા.
ભોળા ભદ્રિક રહી નિરંત્તર, ધરે ધર્મનું ધ્યાન;
તુલ્સી[૨]રખજી મુનિવર સર્વે, ભૂલ્યા જગ તોફાન— ગચ્છા.
અમિચંદ્રજી[૩] વાણી સુણી, પામે જગ ઉદ્ધાર;
પુરૂષોત્તમજી[૪] દર્શનકરવા, આવે સૌ નરનાર— ગચ્છા.
લલ્લુજી[૫] સ્વામિ સદા સ્નેહથી, ધ્યાન ધરે નવકાર;
હાથીજી[૬] મુનિને સર્વે, વંદો વાર હજાર— ગચ્છા.
મોહનલાલજી[૭] પુરેપુરા, ધર્મ શાસ્ત્રે પ્રવિણુ;
છગનલાલ[૮] વિત્રાગ માર્ગમાં, એક ચિત્તથી લિન— ગચ્છા.
ઝવેરલાલજી[૯] સૃષ્ટિમાંહે, ગુણુતણા ભંડાર;
ઉત્તમજી[૧૦] આભાર કરેછે, દેશો દેશ મોઝાર— ગચ્છા.

મગનજી[11] ને કેવળજી[12] છે, શ્રેષ્ટજ્ઞાન દાતાર;
નરોત્તમજી[13] નીર્ખિ કરી, શ્રાવક હરખે સાર. ગચ્છા.
લઘુ ઉત્તમજી[14] સાતાકરી, પુરૂષોત્તમ[15] સુજાણ;
શીવલાલજી[16] સુગ્ન સારા, અમૃત જેવી વાણ— ગચ્છા.
જીવાજી[17] ને ઈશ્વરજી[18] તો, અતી શુદ્ધ અણગાર;
તપેશ્વરી મોતીલાલ[19] મુનિ, નગીનજી[20] સુખકાર— ગચ્છા.
રવિચંદ્રજી[21] રવિનીપેરે, ઉદ્યોત કરે ધરી ભાવ;
હરખચંદ્રજી[22] લઘુમુનિવરનાં, દરિશનનો લ્યો લાવ. ગચ્છા.
સશી કિરણ સમ કાંન્તિ ચળકે, [23]લક્ષ્મિ, [24]માણેક નામ;
શીસુ વયમાં સંસાર છોડીને, કર્યું ભલેરૂં કામ.— ગચ્છા.
[25]સશી, અને [26]મુળચંદ્રજી મુનિ, કરે ધર્મનાં કામ;
ગણપતલાલ[27] ગંભીરપણાથી, લહે જીનેશ્વર નામ.— ગચ્છા.
કરે કલ્યાણ [28]કલ્યાણચંદ્રજી, વિશ્વ વિષે હરગીજ;
જીવરાજ નિશ દિન વદે છે, દીકર જોડી નીજ.— ગચ્છા.
એ સદ્‌ગુણિ સહુ મુનિશ્વરનું, સર્વ ધરો નિત્ય ધ્યાન;
કાળ, ક્રોધ, માન, માયા, છોડયાં, શુભ ગુણની ખાણ.— ગચ્છા.

---

(૧) **ગચ્છાધિપતી મુનિ મહારાજ શ્રી રુગનાથજી સ્વામિ.**—આ મહાત્મા દરિયાપુરી ગચ્છના ગચ્છાધિપતી છે. તેમને ૭ શિષ્ય છે. તેમનાં નામ. (૧) લલ્લુજી (૨) હાથીજી (૩) મોહનલાલજી (૪) કવિકેવળજી (૫) જીવાજી (૬) નવલ દિક્ષિત લઘુ મુનિ શ્રી હરખચંદ્રજી તેઓ સાહેબ શાસ્ત્ર સિધાંતમાં ઘણા પ્રવિણ છે.

દોહરા.

ગુરૂ ગરવા ગુણુ ગહન છે, ગુરૂ ગુણુ ગગન અમાપ;
ગંભીર ખીર સમુદ્ર સમ, નિત્ય કરો ઉર જાપ.

(ચુંબાઈ)

આવો આવોને શ્રાવક બંધુ, ગુરૂગુણુ ગાવો. (૨) ટેક.
સરવસ્વધર્મિસંગ, સૃષ્ટિનાં છોડીને જંગ અંતરમાંહી ઉમંગ (૨)
ધરી અતીશે પ્યાર, સહુ નરનાર, ઉપાશ્ર દ્વાર માંહી,
આવીને સર્વ ભાઈ, મુનિના ગુણુગાઇ, થાઓને સુખદાઈ,
પાવન થઈ ખુશી થાવો—આવો આવોને.
ગુરૂગુણુિછે ખચિત્ત, સેવો સદા આણી પ્રિત, એહ શુભ માર્ગ રીત(૨)
થઇને બહુ ઉજમાળ, ધરી બહુ વ્હાલ, મોહજાળ છોડી,
વંદોને પ્રિતે યારો, ગચ્છાધી ગુણુ સારો, મળશે જ્ઞાન કયારો,
સારો ઉદ્ધાર તારો મારો—આવો આવોને.
તિખ્ખુતોનો પાઠ આઠ એક સહઆવાર ભણી. સુમતિને દીલધરી,(૨)
જપો જીનેશ્વરનામ, તેહ સાચું મોક્ષનું ધામ ભાઈ,
અરજ ઉર ધરો, કરો તો જલ્દી તરો,
જીવો વંદીને લહે લાવો—આવો આવોને.

દોહરો.

વંદન કરૂં વિવેકથી, ભણી તિખ્ખુતો પાઠ;
મહારાજજી આપને, વાર એકસો આઠ.

(રાગ અધકિલેશ.)

ગુરૂ ગચ્છાધિ ગુણ અપાર
નિરંતર વંદીએ—ગુરૂ. (ટેક)

હરિયાપુરીના ગચ્છ માંહે તો, આપ મોટા છો આવાર
સૌથી (આપ)—નિરંત્તર.
શાસ્ત્ર સિધ્ધાંતે પુર્ણ તમો છો, સદ્બુધ્ધિના ભંડાર
(અતી) સદ્બુધ્ધિના ભંડાર—નિરંતર.
શુદ્ધ શ્રધ્ધાથી આપ રહીને, કરો છો સર્વની સાર
(મુની) કરો છો સર્વની સાર—નિરંત્તર.
અજ્ઞાન કાપી જ્ઞાન આપીને બતાવોછો મોક્ષનું દ્વાર
(ગુરૂ) બતાવોછો મોક્ષનું દ્વાર.—નિરંતર.
ધર્મ કાર્યમાં સદા મચ્યા છો, તર્યા છો સિંધુની પાર
(તમો) તર્યાછો સિંધુની પાર—નિરંત્તર.
દુઃખી સિંધુમાં અમે બળ્યાંછી, કરો હવે તો ઉધાર
(અમ) કરો હવે તો ઉધાર—નિરંત્તર.
જે૦ એન૦ કે મુની દર્શન આપો, પ્રણમી વાર હજાર
(રહી) પ્રણમી વાર હજાર.—નિરંત્તર

(રાગ સાબુગાર શું હુવે સજીયે.)

ધ્યાનમા લેજો હમારી વિનંતી ધ્યાનમા લેજો હમારી. (ટેક)
બાંહ ગ્રહી નીજ શિષ્ય જાણીને, કાપો કુમતિ આવારી. વિનંતિ૦
અમે અજ્ઞાની મંદ મતિના, રહ્યાછીં શરણું તમારી વિનંતિ૦
આપ તારા તો આ સિંધુથી તરીયે, આપ અતી ઉપકારી વિનંતિ૦

મોહ માયાથી ન્યારા રહો છો, ગંભીરને ગુણકારી વિનંતિ૦
દરિયાપુરીમાં આપ દિવાકર, વાત આપની છે ન્યારી વિનંતિ૦
કલ્પ વૃક્ષસમ કોમળ સ્વામિ, વ્યાખ્યાન વાણીછે પ્યારી વિનંતિ૦
સુધાકરસમ શીતળ રહીને, તાર્યાં ઘણાં નરનારી વિનંતિ૦
રવીની તુલ્યે ઉદ્યોત કરોછો, અર્જ લહાને સ્વિકારી વિનંતિ૦
શાંન્ત સ્વભાવિક શિષ્ય તમારા, કેવળ બાળ બ્રહ્મચારી વિનંતિ૦
શાયલા નિવાશી સેવક જીવો, વંદે છે વારમવારી— વિનંતિ૦

(મનહર છંદ.)

ગચ્છાધિ ગુણભંડાર, વંદો સહુ નરનાર,
થાય તેથી જયકાર, એવા મુની જ્ઞાની હે.
વિત્રાગ ધરમ રાગી મોહમાયા દીયા ત્યાગી,
ધરમ જીજ્ઞાશા લાગી, જીનજીકા દયાનીહે.
સત્તાવીશગુ ગુણે સ્વામિ, તપસ્યાના મહાકામી,
દુર રહે પર્મા ધામી, મોક્ષકી નિશાનીહે.
અષ્ટ કર્મ મદ ગાળે, પંચ મહાવ્રત પાળે,
તપસ્યાથી તન બાળે, શુત્ર રીત માનીહે.
ધન્ય ધન્ય મહારાજ, નામ લેતાં થાય કાજ,
દરિયાપુરી શિરતાજ, શુદ્ધ વસ્તુ જાનીહે.
સદંત્તરજીન જપ, પાળે બાર ભેખુ તપ,
દેહનો જરા ન ખપ, તેહ મન ક્રાંતીહે.
આપે છે તર્યાનો બોધ, ટાળ દીયો કાળ ક્રોધ,
સદા કરે શાસ્ત્ર શોધ, અતી ઉપકારી હે.

પ્રીત ધરી સર્વ ભાઈ, વંદો શ્રરૂ સુખદાઈ,
જીવો, જપે ગુણ ગાઈ, ગુરૂભ્રાત ન્યારી હે.

---

(૨) તુલસીરખજી સ્વામિ.—સદરહુ મુનિરાજ ગંભીર અને ભોળા ભદ્રિક છે. તેમને ફકત એક શિષ્ય છે. તેમનું નામ મોતીલાલજી છે.

દોહરો.

વસંતમાં વનવેલીયો, પુર્ણ પ્રફુલિત થાય;
તેમ વધો જૈન ધર્મનો, યશ દશ દીશ માંય.

રાગ મુજઉપર ગુજરી.

તુમ સેવા સદા સુખકાર ગુરૂજી મ્હારા;
ધન્ય તુલશીરખ મહારાજ સુગુણિભારા. (ટેક.)
છો જીવ દયા પ્રતિપાળ ગુણભંડારી;
વળી ભોળા ભદ્રિક આપ સદાયે અપારી.—તુમ.
કુંચનને કામની હોય દૂર નિવાર્યા;
કર્યો મોહ માયાનો ત્યાગ ઘણાને સુધાર્યા.—તુમ.
સુખ વૈભવ શોભા સર્વ મૂકી દૂર આપે;
સદા ભક્તિ કરી જૈનસુત નામ તુંમ જાપે.—તુમ.
વિત્રાગ કાયદા મુજબ કામ કરનારા;
કાળ ક્રોધ થકી તો આપ રહ્યાછો ન્યારા.—તુમ.
જે નિત્ય ધરીને સ્નેહ, ગુણ તુંમ ગાશે;
જૈ૦ એન૦ કહે કરજોડ તેનું દુઃખ જાશે.—તુમ.

(૩) અમિચંદ્રજીમુનિ.—એમણે મહાપ્રુરૂષે શાસ્ત્રનો ઘણો સારો અભ્યાસ કર્યો છે. તેથી તેઓ પંડિત તુલ્ય ગણાય છે. તેમને ચાર શિષ્ય છે. તે ચારે બાળબ્રહ્મચારી છે તેમનાં નામ. (૧) લઘુ એટલે નાના ઉત્તમજી (૨) લક્ષ્મિચંદ્રજી (૩) માણેકચંદ્રજી (૪) સોમચંદ્રજી છઈ સુધાકર સ્વામિ.

દોહરો.

અમિચંદ્રજી મુનીને, પ્રથમ કરો પરણામ;
પછી ઉત્તમ, લક્ષ્મિ, વંદી સહી, માણેક સોમનામ.

(રાગ–પ્રિયા રાઠોડ નરવરસુર.)

અમિચંદ્ર મહા ગુણવંત (૨) વંદન કરું લટક લટક લટક.
દેખી અત્યંત થયોછે આનંદ, તુટયાછે કર્મો તટક તટક તટક. (ટેક)
આપછો જ્ઞાની ગુણ ગંભીરા, મોહથી ર્યા છો અટક,
દિલે લાવી આ દાસની દયા, ઉતારો ઘટમાં ગટક ગટક ગટક.—અ.
પાપ કર્યાં અમે કાળ અનંતા, મનમાં લાગે ચટક,
આપની પાસે હવે તો આવ્યા, દશે દિશાએ ભટક ભટક ભટક.—અ.
વિત્રાગ માર્ગ પરો હીરો છે, સંસાર ખાજી ફટક,
જૈનતુલ્ય નહિં ધર્મ બીજો છે, બાકીતો બધે પટક, પટક, પટક.—અ.
સાયલા નિવાસી જેઠ એમ૦ ગાવે, ભાવે બોલી કટક,
કૃપા કરી મુની જ્ઞાન આપીને, તારોને સૌને સટક સટક સટક.—અ.

સાખિ.

અમિચંદ્ર ઉપકારી, જ્ઞાની અને ગંભીર છે સુરક;
છકાયના પ્રતિપાળ, ધર્મ કાર્યમાં સદા અતી ક્રરા.

મહાગુણિ નીજ શિષ્ય, ઉત્તમ બાળ બ્રહ્મચારી મુની;
શીશુ વયે સંયમ લીધો, તેહ તુલ્ય કહો સત્તા આજ કુની.
સંસાર શુદ્ધ ન જાણ્યો, વિરાગ માર્ગ મનમાંહે ધાર્યો;
કાળ, ક્રોધ, મોહ, આશ, એને તો નીજ આત્મને સુધાર્યો.
સદા શીતળતા રાખી, સુબોધ આપે છે ઉત્તમ બહુ સારો;
જીવો તહે શીરનામી, વંદો એ મુની સરવે નરનારો. (૪)

(ખીસો.)

નમું વિત્રાગ પાય, વંદુ સારદ માય;
આધાર રાખુ સદાય, અમિચંદ તમારો;
દિન દિવાળી આજ, મળ્યા મણિ મા'રાજ,
સર્યાં સરવ કાજ, ધન્ય ભાગ્ય અમારો.
શુભ ગુણથી સોહાય, વંદન કરવા જાય,
શુદ્ધ બોધ અપાય, કષ્ટ દુર કરે છે;
ટાળ્યાં કાળ, ક્રોધ, માન, અતી સારૂં વ્યાખ્યાન,
સર્વ સુણે છે કાન, સુણી સુખ ધરે છે.
સુધાકરનું સ્વરૂપ, જાણી સૃષ્ટિનો નૃપ,
અમિવાણીનો કુપ, જેણે ઉર ધર્યો છે;
દર્યાપુરીક પંથ, માંહે એક મહંત,
સદા સેવો એ સંત, મોહ દુર કર્યો છે.
જીવ સર્વેના પાળ, ગુણવંતા કૃપાળ;
લીયે સર્વેની ભાળ, ઉત્તમ બાળ બડા હે;
અમીચંદજી નામ, નામ લેતાંજ કામ,
થાય સદા આરામ, ધર્મમાંજ ખડા હે.

ગુરૂ ગુણના ભંડાર, સદ્દબુદ્ધિ અપાર,
ધરી ઉરમાં પ્યાર, જ્ઞાન દાન દેતાહે;
શોભે ભરોડા ગામ, વહાં ગુરૂકા મુકામ,
સદા કરે પ્રણામ, જ૦ નીઠ શાહ કેતાહે.

---

(૪) મોટા પુરૂષોત્તમજી—સદરહુ મુનિરાજ દરિયાપુરી ગચ્છમાં પહેલે દરજ્જે વિદ્વાન લેખાય છે. વળી તેમણે વિશ્વમાં જૈન ઢુંઢીયા ધર્મને સારી રીતે જાણીતો કર્યો છે. તેમને પાંચ શિષ્ય છે. જેનાં નામ. (૧) નરોતમજી (૨) ઇશ્વરજી (૩) નગીનલાલજી (૪) રેવચંદ્રજી (૫) કલ્યાણચંદ્રજી.

દોહરો.

પ્રીત ધરી વંદો સદા, સુણી વચન મમસાર;
મણિ તુલ્ય એ મુની છે, અલ્પ વદુ આ વાર.

(રાગ—મેરાંજી તારા દરિશનની.)

સુણ પુરૂષોત્તમજી સ્વામિ, જીવ છકાયના અંતર જામીરે;
મુનિજી તુંમ દરિશનની બલિહારી.—(ટેક)
આપ ગંભીર ગુણભંડાર, વળી જ્ઞાન મેળવ્યું છે અપારરે. મુનિજી.
છો શુદ્ધ મહા અણગાર, અતી વ્યાખ્યાન વાણિ છે સારરે. ,,
શુભ વિત્રાગ ધર્મને પામ્યા, જ્ઞાનાવરણી કરમ સહુ વામ્યારે. ,,
નથી અભ્યાસમાં જરા ખામી, નમે શ્રાવક શ્રાવિકા શીરનામીરે. ,,
કર્યો વિશ્વમાં ધર્મ વિખ્યાત, આસપાસ નિત્ય ધર્મજ્ઞાન વાતરે. ,,

છો શુત્ર સિદ્ધાંતના જાણ, અમિતુલ્ય આપતણી વળી વાણુરે. ,,
દર્શન લાભ દેજો મહારાજ, આપ નામ જપે નિત્ય જીવરાજરે. ,,

(રાગ—બળહિયુ થયાં આજે.)

પુરૂષોત્તમજી માણેક પ્યારી, જાઉં તુમ પર બલિહારી. }
અરે હાં (૪) આં આં આં આં—પુરૂષોત્તમજી. } ટેક.

જીવ છકાયના રખવાળ, છોડી મોહ જાળ, આપે ખરી વ્હાલ,
જ્ઞાન દાતા આં આં આં આં રી—પુરૂષોત્તમજી.

છો વિત્રાગના કુળચંદ, ટાળ્યો મોહ ફંદ, અતી આનંદ,
થયો નર ના આં આં આં આં રી.—પુરૂષોત્તમજી.

મહા તપસ્વિ તુલ્ય અંગ, અરીહંત સંગ, ધર્મનો રંગ,
લાગ્યો ઉર મા આં આં આં આં રી.—પુરૂષોત્તમજી.

ગુરૂ જૈન ધર્મના પ્રાણ, ગુણની ખાણ, અમીરસ વાણ,
નહિ તુલ્યતા આં આં આં આં રી.—પુરૂષોત્તમજી.

જીવરાજ સેવક ગુણ ગાય, જોવા મુખ ચ્હાય, કરી કૃપાય,
આવો દાતા આં આ આં આં રી—પુરૂષોત્તમજી.

---

(૫) લહલુજી મુનિ—સદરહુ મુનિરાજને પણ ધર્મનું ઠીક જ્ઞાન છે. તેમને એક ઝવેરજી કરીને શિષ્ય છે.

દોહરો.

સુખ ઇચ્છો જો સ્વર્ગનું, તો છોડો આ ચાર;
ચોરી, જુવા, છળકપટ, અને પરાઇ નાર.

(રાગ—સાંભળ્યુ વ્યા ઘેલો.)

લલ્લુજી સ્વામિ ઉપકાર ભાળુ મુનિ.—(ટેક)

પ્રેમ ધરીને વંદન કરીયે, ધ્યાન તમારૂં હર્નિશ ધરીયે,
દર્શન લેઈ હર્ષથી ફરીયે,—કરીયે, ધરીયે, ફરીયે, દયાળુ મુનિ. લલ્લુ.
ગુણ તમારા નિત્ય ગાવું, જ્ઞાન લેવાને હોંશથી આવું.
જ્ઞાન ગ્રહીને નિર્મળ થાવું, ગાવું આવું થાવું દયાળુ મુનિ. લલ્લુજી.
જે નરનારી ગુણજ ગાશે, તેહના સંકટ સરવે જાશે,
ભવાબ્ધિમાંથી મુક્તજ થાશે, ગાશે, જાશે, થાશે, દયાળુમુનિ. લ.
રંક જાણીને સેવક થાપો, કુમતિ કાપી સુમતિ આપો,
કૃપા કરી અજરામતા આપો, થાપો આપો કાપો દયાળુ મુનિ. લલ્લુજી.
દુષ્ટ કર્મ મેં કીધાં ભારી, તેથી ગયો છું ધર્મને હારી,
જંગમાંથી દયા લાવીને તારી, ભારી, હારી, તારી, દયાળુ મુનિ. લલ્લુજી.

---

(૬) હાથીજી મુનિ—સહજ઼ુ મહા પુરૂષ તદ્દન ભોળા ભદ્રિક અને જ્ઞાન સાથે ગુણના સાગર છે તેમને ગુરૂ પોતાના કરીને એક શિષ્ય છે.

દોહરો.

ભોળા ભદ્રિક મુનિવર, હાથીજી ગુણવાન;
દેઉ છે રૂડી દેસનાં, સુણો ધરીને ધ્યાન.

(રાગ—મહા કુમારીકા છે રૂપાળી.)

મુની હાથીજી મહા ઉપકારી, આપે બોધ તેહ હિતકારી; } ટેક
નિહાળી ધારી ગુણના ભંડાર, જ્ઞાનકારી.—મુની.
સશી તુલ્ય શીતળતા ધારે, ભવસિંધુથી તેહ ઉગારે;

મોહ માયાથી રહ્યા છો ન્યારે, મદ લોભ ચાર, મરી પ્યાર, નરનારે, વાંરવાર;
આખ્યાન આપિયુ સારી.—મુનિ.
શુધ્ધ શ્રદ્ધાથી જે નામ જાપે, નામ લેતાંજ આનંદ વ્યાપે,
દુષ્ટ બુદ્ધિને અજ્ઞાન કાપે, વંદી આય, સહુ જાય, દુઃખ જાય, સુખ થાય;
અર્જ સુણો મ્હારી.—મુની.
જીવ છકાયના રખવાળી, કંચન કામનીને દુર ટાળી,
જપ તપથી દે દેહ ગાળી, જીવરાજ, કહે આજ, થયા કાજ, મહારાજ
વંદુ વારંવારી—મુનિ.

---

(૭) મોહનલાલજી—તેઓ ગચ્છાધિપતી મુનિરાજના શિષ્ય છે. વળી તેમણે ધર્મનું સારૂં જ્ઞાન મેળવ્યું છે.

દોહરો.

વિશ્વાસે ચાલે સદા, વહાણુ અને વ્યવહાર;
ઘાત કરે વિશ્વાસનો, પડે નર્કને દ્વાર.

(રાગ—નિર્બળ શત્રુ સબળ રાજપર

મોહનલાલ મુનિ હમારા, વંદન કરીયે પ્રિત ધરી } ટેક.
સમતાના સાગર તમોછો, સન્મતિ આપો કૃપા કરી }
અમે શર્ણુ છીં તમારા, લીયો દુઃખથી ઉગારી,
જ્ઞાન દાન આપી કરો સદા સુખકારી;
દર્શનનો લાભ આપો અરજ સ્વિકારી.—અમે. (મોહન)
આપ સરલ સ્વભાવિ વળી સર્વ ગુણધામી,

તજ્યા ક્રોધાદિક સ્વામિ નિત્ય નમી શીર નામી;
સદા સ્મરણુ સેવક જીવો કરે, વારંવારી,—અમે (મોહન)

---

(૮) છગનલાલજી—સદરહુ મુનિરાજે પણુ શુત્રનો સારો અભ્યાસ કર્યો છે, જેથી વિદ્વાનમાં ખપે છે, તેમના શિષ્યનું નામ ગણુપતજી છે.

દોહરો.

શ્રાવક શ્રાવિકા સહુ, વંદો ધરી આનંદ;
દ્વી કર જોડીને વદે, જીવરાજ નિમચંદ.

(રાગ—આદેશ્વર અલબેલાછો.)

મુનિ છગનલાલજી સ્વામિરે—ગંભીરને ગુણુકારી છો.
નમે શ્રાવકો સહુ શીર નામીરે.—ગંભીરને ગુણુકારી છો.
આપ વાણી અમૃતની ધારારે. ,,
ખરા જૈન ધરમમાં તારારે. ,,
પંચ મહાવૃત્ત પાલણુ હારારે. ,,
આઠ મદના ગાલણુ હારારે. ,,
શાસ્ત્ર સિદ્ધાંતના પારગામીરે. ,,
રહ્યો યશ વિશ્વમાં જામીરે. ,,
છો સદ્દગુણુવાળા સ્વામિરે. ,,
તેમ તપસ્યાના મહા કામીરે. ,,
આપો દર્શન સાયલા શેહેરેરે. ,,
કરો ચત્રમાસું આ ફેરેરે. ,,

ગચ્છ દર્યાપુરી દિપાવ્યોરે. ,,
વિત્રાગ ધરમ ઉર ભાવ્યોરે. ,,
જે૦ એન૦ સેવક સુધારોરે. ,,
જ્ઞાન આપી સુમાર્ગે ચડાવોરે. ,,

---

(૯) ઝવેરલાલજી—તેઓ લલ્લુજી સ્વામિના શિષ્ય છે, અભ્યાસ પણુ સારો કર્યો છે.

દોહરો.

જીવ દયા નિત્ય પાળવી, સુણો સર્વ ધરી વ્હાલ;
તેહ તણા પ્રતાપથી, મળે સદા સુખપાલ.

(રાગ—સોનનું સ્વરૂપ દેખી.)

ઝવેરશ્રીજી મુનિ દેખી હર્ષ ઉભરાયે;
હર્ષ ઉભરાયે મન વાંદવાને ધાયે.—ઝવેરશ્રીજી.
દર્શન પામતાં જન સદા સુખી થાયે;
મુનીશ્વર જાણી મહા તપસ્વી દેખાયે. ઝવેર.
દર્શન આપોને જેથી શાંન્તિ અમ થાયે;
પાવન કરો આ ક્ષેત્ર ધરીને કૃપાયે. ઝવેર.
મુની આવો આંહી કાંઈ કરતાં ઉપાયે;
જેથી જીવો ખુશી અતી થાયે મનમાંયે. ઝવેર.

---

(૧૦) મોટા ઉત્તમચંદજી—સદરહુ મુનિ મહારાજે ધર્મ શાસ્ત્રનું ઘણી સારી રીતે જ્ઞાન સંપાદન કર્યું છે. તેમને બે શિષ્ય છે (૧) શીવલાલજી (૨) મૂળચંદજી.

દોહરો.

ધન્ય દિન ધન્ય ઘડી, અનોપમ વેળા આજ;
ઉત્તમચંદ્ર મુજને મળ્યા, મુખ વદે જીવરાજ.

(રાગ—મુંબાઇ.)

ઉત્તમચંદ્રજી અમોથી આપ રહ્યાછો શું ન્યારે. (૧) ટેક.
તારોને મુનિ આ વાર, વિનવુંછું વારવાર,
સેવકની કરો સાર, બતાવો સ્વર્ગનું દ્વાર.
ગુરૂજી અમોથી આપ રહ્યાછો શું ન્યારે.—ઊત્તમચંદ્રજી.
સંસારની બાજી નીચ, માંહે છે કાદવકિચ,
તેમાં પડયા અધબીચ, સુજે નહીં એકે દિશ,
માંહે હળાહળ વિષ.
આપો ગ્નાનરૂપી નાવ જેથી તરી આ સિંધુને;
મુનિ સેવક સુધારવાને ચડો અમ વારે.—ઉત્તમ.
રહ્યાછી શર્ણ તમારી, વંદીછી વારમવારી,
તુમ બાત ન્યારી ન્યારી, અરજ ઉરે સ્વિકારી,
જંગથી લહોને તારી.
જીવરાજ હરગીજ આપ નામ ઉર ધારે;
સાયલા શેહેરમાં પધારો એમ વદે વારે વારે.—ઉત્તમ.

---

(૧૧) મગનલાલજી.—સદરહુ મુનિરાજે શાસ્ત્ર સિદ્ધાંતની બાબતમાં ઘણી સારી રીતે માહિતી મેળવી છે. વળી તેમની આખ્યાન વાણિ અને કંઠકળા વખાણવા યોગ્ય છે.

દોહરો

પુરણ પુન્ય ઉદય થયો, મળ્યા મગન મહારાજ;
ગુણવંતા ગંભીર છે, શ્રાવકના શિરતાજ.

(રાગ—જ્ઞાની ગુરૂ પધાર્યા.)

મુનિ અર્જ હમારી, ઉરમાં ધારી, સદા કરો સંભાળ; } ટેક.
અમે આ વારી, શર્ણું તમારી, સદા કરો સંભાળ. }
છ કાયના રક્ષ સંકટ સહુના, દયા લાવી કરો દૂર;
મગનલાલજી મુનિ હમારી, વિન્તી સ્વિકારો ઉર.
કરો વાર અમારી, જ્ઞાન દાતારી, સેવક ધારી, સદા કરો સંભાળ. મુ.
આશ્રય આપનો ઉરમાં મારે, કૃપા કરો મુનિ રાય;
પરમ કૃપાળુ પ્રેમ ધરીને, સેવકને થાઓ સહાય,
વાણિ અમૃત સારી, મોહનગારી, છે સુખકારી, સદા કરો સંભાળ. મુ.
જૈન વૃદ્ધિ ઇચ્છિક કંપની, ગુણ તમારા ગાય.
મેમ્બર જીવો પ્રિત લાવીને, પ્રેમે પ્રણમે પાય,
જાય વખાણ પરવારી, સૌ નરનારી, કિર્તિધારી, સદા કરો સંભાળ. મુ.

---

(૧૨) કેવળચંદ્રજી—સદરહુ મુનિ ગચ્છાધિપતીજી મહારાજશ્રીના શિષ્ય છે. તેમણે ધર્મ શાસ્ત્ર સાથે પિંગળનો પણ સારો અભ્યાસ કર્યો છે. વળી તેમના હસ્તકથી બે ત્રણ પુસ્તકો પણ ધર્મ નીતિનાં રચાયાં છે.

દોહરો.

કેવળ સુખના કારણે, કરે કેવળ નિત્ય કાજ;
એવા કેવળચંદ્રને, નિત્ય નમે જીવરાજ.

(રાગ—પુનમ ચાંદની.)

કેવળચંદ્રજી પ્રણુમી પ્રીતે સદારે,
ગુણુ ગાયે સહુ દુષ્ટ કર્મ જાય. (ટેક.)
એવા મુનિવર આપછો ગુણે ભર્યારે.—કેવળ.
મુખે આપ ગુણુ વર્ણુવી નહિં શકુંરે;
બોધ આપી તાર્યાં ઘણાં નર નાર.—એવા.
શીતળ દૃષ્ટિ સર્વદા, ચંદ્ર પેરે મહારાજ;
રાખોછો સૌ ઉપરે, કર્યાં શુભ સૌ કાજ.
એજ ઉપકાર માને સર્વ આપનોરે,
રટે રાત્રી દિન આપ તણું નામ—એવા મુનિવર.—કેવળ.
સુમતિ આપી સર્વને, કરી કુમતિ નાશ,
વિશ્વે ખ્યાતિ મેળવી, કર્યો ધર્મ પ્રકાશ;
વંદુ વારવાર પ્રિતે પાય આપનારે,
રહ્યા ગચ્છાધિપતીજીની સંગાથ—એવા મુનિવર.—કેવળ.
ગુરૂ ભક્તિમાં સદા, રહ્યા લગાવી ચિત્ત;
જગને જુઠો જાણીને, ગ્રહી જીનની પ્રિત.
જેથી દુષ્ટ કર્મો આપેતો દુરે કર્યાંરે,
કરી કૃપા લહો સેવકની ભાળ.—એવા.— કેવળ .

(૧૩) **નરોત્તમજી.**—તેઓ મોટા પુરૂષોત્તમજી મહારાજના શિષ્ય છે. ધર્મ શાસ્ત્રમાં ઘણા હુશિયાર છે.

દોહરો.

સર્વ જન હિત ઇચ્છવા, કરો યત્ન હરનિશ;
તો સુખીયા થાશો વળી, રહે રાજી જગદિશ.

(રાગ—મુંબાઇ.)

મુનિ મળીયારે મહા ભાગ્યે મુને આજે. (ટેક.)
ગુરૂ ગુણના ભરેલા દરિયા, હાં ભવસાગર થકી તરીયા;
હાં હવે તારોરે ભવજળમાંથી આજે, તન સંસાર સિંધુમાં દાજેરે મુનિ.
જીન ભક્તિ તણાં કરનારા, હાં પંચ મહાવ્રત પાલણહારા;
હાં ગુણ ભારારે સેવકને ઉર ધારી, આપો જ્ઞાન, અજ્ઞાન નિવારીરે મુનિ.
શુભ સમકિતના પાળનારા, હાં સુમતિના પુરણ કચારા;
હાંએ કયારારે આ અજ્ઞાન બાળને આપો, તુચ્છ ટેવ હમારી કાપોરે.મુ.
કંચન કામનીનાં છો ત્યાગી, હાં અહી, દિક્ષા થયા વૈરાગી;
હાં વૈરાગીરે **નરોત્તમજી** આજે, સદા ખ્યાતિ વિશ્વમાં ગાજેરે મુનિ.
શાસ્ત્ર સિદ્ધાંતના પારગામી, હાં **જીવરાજ** નમે શીર નામી;
હાં ગુણ ધામીરે પ્રણમી વારમવારી, આપ કૃપા થકી સુખકારીરે. મુનિ.

---

(૧૪) **રુષિ શ્રી ઉત્તમચંદજી**—સદરહુ મુનિ શ્રી ઉત્તમજીએ સોળ વરસની કુંવારી સ્ત્રી મુકીને સોળ વરસની ઉમરે મૂળી શેહેર મધ્યે બડી ધામધુમથી દિક્ષા લીધેલી છે. તેમના ગુરૂજી અમીચંદજી સ્વામિ છે. દિક્ષા મહોત્સવના માંગલિક પ્રસંગે પુષ્કળ શ્રાવક શ્રાવિકાનો સમુદાય બેન્ડ વાજા સાથે હાજર હતો. તે મુનિ શ્રી નાના ઉત્તમજી કેવા છે—મહાગુણિ, ગંભીર—સરલ સ્વભાવિ અને ધર્મ શાસ્ત્રમાં પ્રવિણ છે. તે એક આ પ્રસંગે તો દરિયાપુરી ગ-

જેઓ "હીરાના હાર" "મોતીની માળા" અને ઝવેરના ઝુમખા તુલ્ય કિંમતી છે; હાલ ઉમ્મર તો ફક્ત ૨૩ ત્રેવિસ વરસના આશરે છે. પણ હું આ મહંત મુનિશ્રીની અમાપ્ય શક્તિથી દિગમુઢ થઈ ગયો છું. વળી આ ઋષિની વિચિક્ષણ વિચાર સંકલ્પતાથી હું આશ્ચર્ય પામું છું. વળી તેમની અગાધ બુદ્ધિથી હું કર્મ સંચિતના વિષયમાં પુરેપુરો આસ્તિક થઈ ગયો છું. તેમની અનુપમ ધર્મ વૃત્તિથી હું તાબુએ બની ગયો છું. તેમની પ્રત્યેક દિવ્ય કળાથી હું આનંદ પામી તેમને ઈશ્વરાંશી મુનિવર માનું છું. હું નિરંતર તિર્થંકર દેવ પાસે માગું છું કે-તેમના આવા અત્યુત્તમ શુભ ગુણમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થાય અને તે મુનિશ્રી દિર્ઘાયુષ્ય ભોગવી; મહિ મધ્યે અત્યંત ખ્યાતિ પામો.

લી૦ ચર્ણરજ કિંકર
બુકશેલર્સ-જીવરાજ નિમચંદ. શાહ.
એફ૦ એ૦ એમ૦ ટી૦ એસ૦ સાયલા.

દોહરો.

મહારાણીના મુગટમાં, કોહીનુર ચળકે જેમ;
જૈનધર્મમાં શોભિતા, ઉત્તમચંદ્રજી તેમ.

(સોરઠીગઝલ)

ધન્ય ધન્ય દિવસ આજ તો, અણી દિવાળી દિન દિપતો. (ટેક.)
પુરણ પુન્ય આજે ઉદયે થયાં, મુનિ દેખતાં દુઃખ દૂર ગયાં,
સદા રોમાંચે દયાળુ દમા, થયાં સાફલ્ય સહુ કામતો.— ધન્ય.
મયુર મેહની પેરે પ્રિતથી, ચંદ્ર ચકોરનીજ રીતથી,

એ દ્રષ્ટાંત પેરેજ ચિત્તથી, નિત્ય ચાહીયે મહારાજતો.— ધન્ય.
ઉત્તમ, લક્ષ્મિ, માણેક બોલતા, જાઉં રોજ ઉપાશ્રે શોધતા,
પૂરાં પુન્યે માંડ થયા છતા, બીજે નહિં જવા દઇ મળ્યેપનો —ધન્ય.
પ્રેમ ધરીને જ પધારશો, સાયલા શેહેર હર્ષ વધારશો,
આંહી આવ્યા પછી તો બીજે જશો, આપ અર્જ કરાવો માન્યતો—ધન્ય.
આપ કૃપાથી સુખ થાયછે, વળી અજ્ઞાનતાતો જાયછે,
ગુણ જૈન કંપની ગાયછે, માની આપનોજ આભારતો— ધન્ય.
ગામ સાયલા શેહેરમાં વાસછે, આપવિના દિલ ઉદાસછે,
રૂપિ આપ આધાર ખાસછે, પ્રણુમિ પ્રિતેંવાર હજારતો—ધન્ય.
દીનદાસ જીવો એ ઓચરે, દર્શન આપો એમ જપ્યાકરે,
વિનંતિ લખાવી સહુ નરે, આપ પ્રતાપે સુખકારતો— ધન્ય.

(ઉર્દુ બનજારો.)

અરે આજ (૩) આનંદ ઉર ભારી,
મુનિ મળ્યા મહા ગુણકારી—અરે. (ટેક)
અહો આજ ખુશી બહુ છું, મુની જોઈ રાજી થાઊંછું,
બહુ પ્રેમ ધરી કહું છું, નરનાર, સુણો ધરી પ્યાર,
ઉત્તમ અણુગાર, જોઇ આવારી. મુની—અરે.
બાળ બ્રહ્મચારી નિહાળી, થઈ પૂરણુ આજ દિવાળી,
દુષ્ટ બુદ્ધિ દુરે ટાળી, ધન્ય ભાગ્ય, ધર્મનો રાગ,
હર્ષ અથાગ, હૃદયમાં ભારી. મુની—અરે.
સદા દરિશન કરીયે પ્રિતે, રટી નામ આપ એક ચિત્તે,
જેમ ચકોર ચંદ્રની રીતે, સુખકાર, થયાં આવાર,
ધરીને પ્યાર, વંદી હરવારી. મુની—અરે.

બચપણમાં વૈરાગ લીધો, કાળ ક્રોધને છોડી દીધો,
" **અમી** " પાસ અમીરસ પીધો, કરૂણાળ, છ કાય પ્રતિપાળ,
લહોને ભાળ, બાળવિચારી. મુની—અરે.
જીવરાજ સેવક ગુણ ગાવે, તુમ દેખી મુખ મકલાવે,
વ્યાખ્યાન વાણિ મન ભાવે, **સાયલા શેહેર,** કરીને મ્હેર,
ભ્રમર પુષ્પ પેર, આવો દાતારી. મુની—અરે.

---

(૧૫) **નાના પુરુષોત્તમજી**—તેઓ હાથીજી મહારાજના શિષ્ય છે વળી અભ્યાસ પણ સારો છે. તેમજ તેઓની કંઠકળા પણ ઘણી સારી છે.

દોહરો.

પુરૂષોત્તમજી મુનિને, નમન કરો નરનાર;
શિસુ વયમાં સંયમ ગ્રહ્યા, ધન્ય તેહ અવતાર.

(રાગ—લે પત્રિકા આ તું દાસી.)

લઘુ વયે દિક્ષા ગ્રહી ધન્ય વદુ અપાર. ટેક.
ગુણના ભંડાર છો ગંભીર જ્ઞાનકાર—લઘુ.
હાથીજી મુનીની પાસ વૈરાગી થયા,
કાળ ક્રોધ મોહ માયા છોડીને રહ્યા—લઘુ.
પુરૂષોત્તમ પ્રવિણ વંદુ વાર હું હજાર,
આપ ગુણ વર્ણવા બેસે આવે ન પાર—લઘુ.
સુ શ્રદ્ધાથી સર્વદા રહ્યા કૃપાળુ આપ,
છકાય રક્ષકાર છો, સદા જપું છું જાપ.—લઘુ.

સ્વધર્મની વૃદ્ધિ થવા, મચ્યાત મે સદા,
ધ્યાન ધર્મ વિના બીજે રાખ્યું નહિં કદા—લઘુ.
સર્વદા સેવક જીવો સ્નેહથી કહે,
આપને દેખીને મન મગ્નતો રહે— લઘુ.

---

(૧૬) **શીવલાલજી**—તે મોટા ઊત્તમચંદજી મહારાજના શિષ્ય છે. ધર્મનું જ્ઞાન સારૂં સંપાદન કરેછે.

દોહરો.

શીવલાલજી નિર્ખતાં, અત્યંત આનંદ થાય;
ગુણ તેહના સ્નેહથી, જે૦ એન૦ સેવક ગાય.

(રાગ—કર્તાકૃત નવિન લાવણી.)

આજ આનંદ જેમ દિવસ દિવાળીરે,
શીવલાલજી મુનીવર આજે તો નિહાળીરે—આજ. (ટેક)
પુરણ પુણ્ય ઉદય થતાં આપજ અમને મળીયારે,
વ્યાખ્યાન સુણીને સર્વ પ્રાશ્ચિત દુરે ટળીયાંરે— આજ.
અમૃતરૂપી વાણિ જાણી દુધે મેહ ઝરતારે,
મુનિશ્રી નિર્મળ છો દેખી ચક્ષુ ટાઢી કરતારે— આજ.
મહા ગુણી ગુરૂ તમને ઉત્તમચંદ્ર મળીયારે,
જેમ તારા માંહે ચંદ્ર સૂર્ય આવી ભળીયારે— આજ.
ભોળા ભદ્રિક રહ્યા આપ ગુણ છે અપારીરે,
પ્રિત ધરી નમે સર્વ નર અને નારીરે— આજ.
મોહ માયા તજી શુભ કાર્ય આપે કીધુંરે,
અજ્ઞાનતા કાપી સૌને જ્ઞાનદાન દીધુંરે— આજ.

સાયલાના શ્રાવકોની અર્જ ઉર ધરજોરે,
દર્શન આપી આ આપ ક્ષેત્ર પાવન કરજોરે— આજ.
જીવરાજ કહે કરજોડીને સેવકને સુધારોરે,
ભુલ ચુકની મારી માગું સાગર પાર ઉતારોરે—આજ.

---

(૧૭) જીવાજીમુની—તેઓ ગચ્છાધિપતી મહારાજશ્રીના શિષ્ય છે. અભ્યાસ સારો જોવામાં આવે છે. તેઓ ગણિતકળામાં હુંશિયાર છે.

દોહરો.

નીચતણી સોબત થકી, થાય નર્કમાં વાસ;
કીર્ત્તિ જાયે વિશ્વથી, ગણાય તે જન લાસ.

(રાગ—કહું વાત મારી શું આજ.)

સુણો સુજ્ઞ બંધુ આવાર વાત આ મારી (ટેક)
ગુણી જીવાજી છે ઋષિરાજ વૈરાગી ભારી— સુણો.
જેણે રાગ દ્વેશને મોહ જાળ સર્વે છોડી;
છે અરિહંતમાં સદા ચિત્ત ધર્મ પ્રીત જોડી. સુણો.
જાણી અસ્થિર આ સંસાર બન્યા છે યોગી;
કરે શુભ સર્વદા કામ ધર્મનાં ભોગી. સુણો.
કરી વિત્રાગ માર્ગની પ્રિત દ્રઢ મન ધારી;
કર્યો જ્ઞાન વૃદ્ધિ ફેલાવ ધર્મ વધારી. સુણો.
છે સિદ્ધાંત સુત્રનાં જાણુ ગુણભંડારી;
કાપી કુમતિ આપો જ્ઞાન હર્વે ઉર ધારી. સુણો.

જીવરાજ કરે કર જોડ વિનંતી સારી;
લહો દરિશન કેરો લાભ સહુ નર નારી. સુણો.

---

(૧૮) ઇશ્વરજી મુની—તેઓ મહાપુરૂષ શ્રી પુરૂષોત્તમજી સ્વામિના શિષ્ય છે. જ્ઞાન સારૂ સંપાદન કરે છે.

દોહરો.

પ્રેમે વંદો સર્વદા, ઇશ્વરજી મહારાજ;
નરનારી પ્રત્યે વદે, નિમચંદ્ર સુત જીવરાજ.

(મારે સોના સમોરે સુરજ ઉગીયોરે—એ રાગ.)
ઇશ્વરજી વંદુ આપનેરે. (ટેક.)
આપે લઘુવયે દિક્ષા લેઇનેરે, સહુ છોડયાં સૃષ્ટિ તણાં કાજરે. ઇશ્વરજી.
તમે વરત લીધોરે બહુ આકરોરે, અહીં જ્ઞાન વધારી બહુ લાજરે. ,,
ધન્ય ધન્ય પિતા તુમ માતનેરે, તમે પંથ લીધો વિતરાગરે. ,,
ગુણે ગંભીરને વળી શાન્તછોરે, ગુણ ગણુતાં આવે નહીં તાગરે. ,,
પંચ મહાવ્રત પાલણુહારછોરે, જીવ જંતુ તણા પ્રતિપાળરે. ,,
છેલ્લે અર્જ કરી વદુ એટલુંરે, દેઇ દર્શન જીવાની લહો ભાળરે. ,,

---

(૧૯) મોતીલાલ મુની—તેઓ તુલશીરખજી મહારાજના શિષ્ય છે. ધર્મશાસ્ત્રનો અભ્યાસ સારો કરે છે, તે તપસ્યામાં શૂરવીર ને ધીર છે.

દોહરો.

નથી રહ્યું આ જગતમાં, અચળ કોઇ રંક રાય;
આવ્યા તેમ સૌનું જવું, એક પછી એક થાય.

(રાસડો.)

મુની મોતીલાલજી ગુણકાર વંદો સહુ પ્રિતેરે. (ટેક)
કરે સરવ ઉપર ઉપકાર સદા શુભ ચિતેરે.—મુની.
છે ગુણ તણાં ભંડાર ધર્મનાં જ્ઞાનીરે;
વળી તપસ્યામાં શૂરવીર જીનનાં ધ્યાનીરે.—મુની.
છે ગંભીર પ્રકૃતિ સદાય વિવેકી પૂરારે;
વળી ધર્મ કાર્યે હરગીજ તેઓ અતી શૂરારે.—મુની.
રહે શુદ્ધ શ્રદ્ધાથી તેહ એક નિશ્ચયેરે;
છે ગુણિયલ ને ભદ્રિક જપે દુઃખ જાયેરે.—મુની.
છોડી સંસારની મોહ જાળ ધરમને ઝાલીરે;
છે અરીહંત કેરી વાત તેહને વાલીરે.—મુની.
દીયો દરિશન લાવીને પ્યાર સાયલા શે'હેરેરે;
જીવો આનંદી નિશદિન તમારી મેહેરેરે.—મુની.

---

(૨૦) **નગીનલાલજી**—તે મહાપુરૂષ શ્રી પુરૂષોત્તમજી સ્વામિના શિષ્ય છે. અભ્યાસમાં ઘણો સારો સુધારો થયેલો જોવામાં આવે છે. તેઓ ઘણાજ ભદ્રિક અને વિનયભક્તિકારક છે.

દોહરો.

દે છે સારી દેસના, જૈન ધર્મની તેહ;
ઉપાધ્યાય ઉદાર છે, તપસ્વિ જેવી દેહ.

(સોઢા રાજપુત્રી—રાગ)

સુણો શ્રાવક સર્વે બંધુ વિનંતી મ્હારી એક. (ટેક)
નગીન મુનીનાં ગુણ ગાવા રાખો તમે ટેક.— સુણો.

ગુણુનાં ભંડાર છે વળી શાસ્ત્ર સુત્ર જાણુ;
સુખ શાંત્તિ ઇચ્છો તો સુણો તેહનુ વ્યાખ્યાન.—સુણો.
વિર પ્રભુનાં માર્ગનો નગીન મુનીજી વિવેક;
રાખે છે અતી તેઓ ધર્મ કેરો નેક ટેક.— સુણો.
મોહ માયા તૃષ્ણા જેને નથીરે લગાર;
ચર્ણુરજ જીવો તેને વંદે વારવાર.— સુણો.

---

(૨૧) રૈવચંદ્રજી—તેઓ મહારાજ શ્રી મોટા પુરૂષોત્તમજી સ્વામિના શિષ્ય છે. ધર્મશાસ્ત્રનો અભ્યાસ પણ સારો કર્યો છે. કંઠકળા સારી છે.

દોહરો.

સદ્‌ગુરૂના સમાગમે, થાય કુમતિ નાશ;
ગુરૂ વિના તો જ્ઞાનની, રાખો નહિં કદી આશ.

(દક્ષિણી લાવણી)

રૈવચંદ્રને વંદો મિત્ર મારારે (ટેક)
મુની સુજાણ, અમૃત વાણુ, શોભિતા ભાણુ,
ગુણુની ખાણુ, જૈન ધર્મે તારારે.— રૈવચંદ્રને.
સદા ધરૂંછું ધ્યાન લાગ્યા પૂર્ણ પ્યારારે,
મુની કૃપાળ, જાણીને બાળ, લીયોને ભાળ;
પડયા પછી જાળ, શર્ણું છી તમારારે.—રૈવચંદ્રને.
કરો મુની હવે આ જંગમાંથી ન્યારારે,
જીવો અજાણુ, નથી કાંઇ ભાન, રહ્યા નાદાન;
આપોને જ્ઞાન, જેથી હર્ષ ધારારે.— રૈવચંદ્રને.

---

(૨૨) લઘુ મુનિશ્રી હરખચંદજી—તેઓ પૂજ્ય મહારાજ શ્રી રૂગનાથજી સ્વામિના શિષ્ય છે. ઉમર તો ફક્ત ૧૫ પંદર વર્ષની છે. પણ અત્યારથી જ તેમનાં ચિન્હો આગળ જતાં વિદ્વાન થશે તેવાં જણાય છે. તેમણે પ્રાંતીજમાં સં. ૧૯૫૨ના કાર્તિક વદી ૭ના રોજ દિક્ષા લીધી છે તે "દિક્ષામહોત્સવ" નું બ્યાન આગળ ઉપર ત્રીજા પ્રકરણમાં આવશે.

દોહરો.

ધન્ય માત તુમ તાતને, ધન્ય ધન્ય તુંમ નામ;
ધન્ય કૂટુંબ પરીવારને, ધન્ય રાજપર ગામ. ૧
શિસુ વયમાં સંયમ લહી, કર્યું અતી શુભકાજ;
પ્રેમ ધરીને પ્રણમે, નિમચંદ્ર સુત જીવરાજ. ૨

(ધિઃકુધિઃકતુજને—એરાગ.)

હરખચંદજી મુનિ હમારી, અર્જી ઉરમાં ધારી લ્યો,
અર્જી ઉરમાં ધારી લેઈ, પ્રિત થકી દર્શન તો દ્યો.
ગચ્છાધિપતી ગુરૂજી સાથે, કૃપા કરી પધારો આપ,
કુમતિ કાપી સુમતિ આપો નિત્ય કરીએ આપનો જાપ.
વૈરાગી તમો સદા વંદીએ અમો,
દર્શનને પામી એવો માગીયે સમો;
ચંદ્ર કિર્ણ સમ શીતળતા ધરી,
કરી કૃપાળુ મેહેર—ઝટપટ અમને દર્શનદયો—હરખ.

---

(૨૩) લક્ષ્મચંદજી—તેઓ મહાપુરૂષ શ્રી અમિચંદજી સ્વામિના શિષ્ય છે. હજુ ઉમ્મરતો ફક્ત ૧૯ વર્ષની છે. આવી ભર-

સુબાનીમાં દિક્ષા લેવી એ કાંઈ જેવી તેવી વાત નથી. માટે તેઓની હિમ્મતને સૌ ધન્યવાદ આપે તેમાં નવાઈ શું ! તેમને જૈન ધર્મનાં ઉત્તમ પુસ્તકો અવલોકન કરવાનો બહુ પ્રેમ છે. તેમની કાંત્તિપરથી અને શરીરના ચેહેરાપરથી તેમનાં લક્ષણ એવાં માલુમ પડે છે કે તેઓ આગળ ઉપર ઘણા સારા જ્ઞાનવંત થશે કેહેવત છે કે " પુત્રના લક્ષણ પારણામાંથીજ પેખાય." તેમણે સવંત ૧૯૫૨ ના માગશર સુદિ ૧૩ ના રોજ લઘુ મુની શ્રી માણેકચંદજી સાથે વઢવાણ શહેરમાં દિક્ષા ગ્રહણ કરી છે તે " દિક્ષામહોત્સવનું " બ્યાન આગળ ઉપર (હવે પછી) ત્રીજા પ્રકરણમાં દાખલ થશે.

દોહરો.

બલીહારી તુજ નામને, વદે સુખ જીવરાજ;
માત તાતને કુળની, અતી વધારી લાજ.

(રાગ—નમું પદ ગીરજાપતિને.)

લળી નમું લક્ષ્મિચંદ્રજીને, એ ટેક.
મહા ગુણ ધામી, શીર નમાવી પ્રિત ધરી વદું છું;
લઘુ વયે દિક્ષા ગ્રહી, કાપી સૌ ફંદને—લળી.
ધરી પૂર્ણ હુલ્લાસ, રાખો ધર્મની આસ,
સુણી આ અરદાસ, જપો જીન્વર ખાસ,

રહી ઉત્તમ પાસ.

જી૦ ની૦ વદે છે ધર્મ કાર્યમાં, મસ્ત રહી હનિંશે,
તિર્થંકર નામ જપી કાપો કર્મ બંધને.—લળી.

---

૨૪) **લઘુમુનિ શ્રીમાણેકચંદ્રજી**—તેઓ મહાપુરૂષ શ્રી અમીચંદ્રજી સ્વામિના શિષ્ય છે. ઉમ્મરતો ફક્ત વરસ ૧૬ ની છે. પણ તેમની ધર્મપરની આસ્થા અને બોલવા ચાલવાની છટા અલૌકિકજ છે. ધર્મ શાસ્ત્રનો અભ્યાસ બરાબર ચિત્ત દેઇને કરે છે. માટે તે આગળ ઉપર ઘણા સારા પાયાપર આવશે એમ વકી રહે છે. તેમણે લક્ષ્મિચંદ્ર, સાથે સ. ૧૯૫૨ ના માગશર સુદિ ૧૩ ના રોજ જગપ્રસિદ્ધ વર્દ્ધમાનપુરી (વઢવાણ શહેર)માં પુષ્કળ શ્રાવક શ્રાવિકાના સમુદાય સાથે અને બેન્ડ વાજાના બડાં આડંબરથી દિક્ષા ગ્રહણ કરી છે. તે "દિક્ષા મહોત્સવ"નું બ્યાન આગળ ઉપર આપવામાં આવશે.

દોહરો.

માણેક તે માણેક નહીં, ખરૂં માણેક તુજ નામ;
માણેક જાય પાસંગમાં, એવું કર્યું શુભ કામ.

(રાગ—નેમ નગીન વહેલા વળજો,)

લઘુ મુનિ અરજ ઉર ધરજો, ધરજો, ધરજો, ધરજોરે, લઘુ
દર્શન દેઇને દુઃખ હરજોરે.—લઘુ મુની. ટેક.
નમ્રતા પૂર્વક વિન્તી કરૂંછું, નિચ મનુષ્યોથી ડરજોરે.—લઘુ.
અમીચંદ્રજીની પાસ રહીને, જ્ઞાનનો કયારો ભરજોરે.—,,
શાસ્ત્ર સિદ્ધાંતો સ્નેહ ધરીને, આપ અવલોકન કરજોરે. ,,
શુદ્ધ શ્રદ્ધાથી સદા રહીને, ગુરૂજી કહે ત્યાં ફરજોરે.— ,,
જે૦ એન૦ સેવક એજ વદે છે, કીર્ત્તિ કિરણ પ્રસરજોરે. ,,

---

(૨૫) સોમચંદ્રજી—તેઓ મહા પુરૂષ શ્રી અમીચંદ્રજી સ્વામિના શિષ્ય છે. ઉમ્મર વરસ ૨૪ ની છે તેમની સાદાઈ—ગાંભીર્યપણુ—ધર્મ પર પ્રેમ—ભણુવાપર પ્રેમ ઘણો સારો છે. આવી ભર યુવાનીમાં આવું વિકટ કામ કર્યું તે ખાતે સહુ તેમને સાબાશી આપે તેમાં નવાઈ શું ? ધન્ય તેહનાં માતપિતાને, કુટુંબ કબિલાને કે જેના કુળમાં આવું અમુલ્ય રત્ન પ્રાપ્ત થયું. તેમણે સંવત ૧૯૫૨ના વૈશાક શુદિ ૧૫ ના રોજ વિરમગામ મધ્યે દિક્ષા ગ્રહણ કરી. તે "દિક્ષામહોત્સવ" નું બ્યાન ત્રીજા પ્રકરણુમાં આવશે. સદરહુ મુનિનું નામ ફેરવીને આ ગ્રંથકર્ત્તાએ "સુધાકરસ્વામિ" રાખેલ છે.

દોહરો.

પ્રિત થકી નરનાર સૌ, વંદો સશી મહારાજ,
ગુણ અગણિત છે તેહમાં, સત્ય વદે જીવરાજ.

(રાગ સોરઠ.)

સશી સ્વામિને વંદોને સર્વ પ્યારથી રે. (ટેક)
યુવાવસ્થામાં સંયમ લીધો, કાળ ક્રોધ સૌ છોડી દીધો,
અમિરસ પીધોછે અમિદ્ધારથી રે. સશી.
મહા ગુણિ ગંભીર દયાળુ, છકાયનાં છે પ્રતિપાળુ,
ગાળ્યું નિજ શરીર તપશ્યા ભારથી રે. સશી.
અતી હર્ષ ને એક ચિત્તથી, ગુરૂજી સાથે રહે પ્રિતથી,
રીત એવી દેખાણીછે અત્યારથી રે. સશી.
જે૦ એન૦ સેવક સ્નેહ ધરીને, દર્શન માટે અર્જ કરીને,
સદા આનંદે ફરી આપ આધારથી રે. સશી.

---

(૨૬) મૂળચંદ્રજી—તેઓ મહાપુરૂષ શ્રી મોટા ઉત્તમચંદ્રજીના શિષ્ય છે. તેમણે ધોઘા મધ્યે સંવત ૧૯૫૨ના બીજા જેઠ શુદિ ૬ ને રોજ વૈરાગ્ય ગ્રહણ કરેલ છે. તેમની ચપળતાપરથી જણાય છે કે તેઓ આગળ ઉપર સારા જ્ઞાનવંત (વિદ્વાન) થશે.

દોહરો.

સુજ્ઞ બંધુ સાવધ થઈ, ગ્રહણ કરો આ ગ્રંથ;
પ્રિત ધરીને વાંચતાં, સાથ થશે અરીહંત.

(બનજારો.)

મુળચંદ્ર મુનિ ઉપકારી, પ્રિતે પ્રણમે નરને નારી. (ટેક)
સંસાર અસાર જાણીને, અતી હર્ષ ચિત્તમાં આણીનેરે
થયા આપ મુનિ જ્ઞાનકારી. પ્રિતે (મુળ)
મણિ તુલ્ય ઉત્તમ મુનિ મળીયા, તેઓ સાથે સ્નેહથી ભળીયારે,
છે ગંભીર એ ગુણકારી. પ્રિતે. (મુળ)
જે૦ એન૦ સેવક કરજોડી, લહે દર્શન દોડી દોડીરે,
વંદે હરખીજ વારમવારી. પ્રિતે (મુળ)

(૨૭) ગણપતલાલજી—તેઓ મુનિ મહારાજ શ્રી છગનલાલજી ના શિષ્ય છે, ભણવાપર પ્યાર સારો છે.

દોહરો.

ગણપત મુનિ નિરખતાં, અત્યંત આનંદ થાય;
ગુણ તેહના સ્નેહથી, જે૦ એન૦ સેવક ગાય.

(રાગ નવિન.)

ગણુપતલાલજી (એ વાર)

આ ભવજળમાંથી તારો, મુને આધારછે તમારો,
સુણી અર્જ હવે ઉગારો. ગણુ.
સંસાર સિંધુની માંહે, નિરંતર દિલતો દાહે,
મન ધ્યાન ધર્મનું ચાહે. ગણુ
છો શુદ્ધ આપ અણુગાર, વળી ગુણ તણા ભંડાર,
તર્યા તણું બતાવો દ્વાર. ગણુ.
જીવ છકાયના રખવાળ, જરા લહો અમારી ભાળ,
જીવો આપ પાસ છે બાળ, ગણુ.
લહો ક્ષેત્ર સાયલા ચિતે, દીયો દરિશન પૂરી પ્રિતે,
રાહ જુવે મયુર મેહ રીતે. ગણુ.

(૨૮) કલ્યાણચંદ્રજી—તેઓ મહંત મુનિ મહારાજશ્રી મોટા પુરૂષોત્તમજી સ્વામિના શિષ્ય છે તેમણે સંવત ૧૯૫૩ના મહા શુદિ ૧૩ ના રોજ પ્રખ્યાત શેહેર રાજનગર (અમદાવાદ) માં દિક્ષા ગ્રહણ કરી છે. શાસ્ત્ર સિદ્ધાંતનું જ્ઞાન સંપાદન કરવાપર તેમનું લક્ષ ઘણું સારૂં જોવામાં આવે છે.

દોહરા.

દર્શન કરવાથી સદા, થશે પુર્ણ આનંદ;
દ્વીકર જોડીને વદે, જીવરાજ નીમચંદ.


(રાગ પિતાજી આ કોપ.) એ રાગ.

કલ્યાણચદ્રજી નમું હું પાય, તુમ ગુણ ગાતાં કુમતિ જાય.
મુકી મમતા થયા મુનિરાય, વ્યાખ્યાન સુણીને સદા સુખ થાય.

ગુરૂના પ્રતાપે તમે તો તર્યા, અમારા કરમ તો ભર્યા ને ભર્યા
સદ્દગુરૂ વિના અમે તો ફર્યા, ચોરાશીના ફેરામાં રખડી મર્યા.
ગુણિ આપનારે ગુરૂજીની સાથ, ચોમાસુ કરીને પધારો સંગાથ,
સેવકની અરજ સ્વિકારો નાથ, નમે સર્વ સાથ જોડી બેઉ હાથ.
વૃદ્ધિ ઇચ્છક કંપની ધ્યાને ધરો, દર્શન આપી અમને આનંદી કરો,
ચોમાસુ કરવા પધારો તમો, જીનેંદ્ર એવો તો આપોને સમો.

દોહારા.

પિંગળ પાઠ જાણું નહિ, માત્રા મેળનો આંક;
ભુલ ચુક સુધારીને, માફી દેશો વાંક.
ગુરૂ મ્હારા છે ગુણનિધી, અમી ઉત્તમજી નામ;
તેહ તણા પ્રતાપથી, રચી કર્યું આ કામ.



दरियापुरी गच्छना साधुजीनी हकीकत.

नंबर.	मुनिराजनां नाम.	ज्ञाति.	रहेवाशी.	पितानुं नाम.	मातानुं नाम.	जन्मतिथी (संवत.)	दिक्षा गुरु.	दिक्षा तिथी. (संवत)	दिक्षा स्थळ.	विशेष हकिकत.
१	पुज्यश्री रुगनाथजी स्वामि.	लायसार.	विरमगाम.	डाह्याभाई.	अजबाई.	[illegible]	मोर [illegible]	संवत १९० माघ [illegible]	गुन्देल.	
२	पानीचंदजी स्वामि.	लेउवा पाटीदार.	[illegible]	जीजीभाई.	जीजबा.	सं. १९९०	अमरसीचेमस्वामी	सं. १९ द मागशर सुद	सुरत.	
३	अमीचंदजी "	लायसार.	विरमगाम.	झवेरचंद.	सामबाई.	सं. १९०३ आसो	पोतानी पेणे दिक्षा लीधी.	संवत १९२२ फागण सुद २	विरमगाम.	
४	मोटा पुरुषोत्तमजी "	लेउवा पाटीदार.	लाडरुण.	गीरधरभाई.	जालांबा.	सं. १९२० पोष सुद १३	हीराचंदजी.	सं. १९ ० अ [illegible] सुद २	सुरत.	
५	नाथुजी. "	"	"	गगाभाई.	धोमलबा.	•	रुगनाथजी स्वामी.	सं. १९३० पोष सुद १३	वणछरा.	
६	हाथीजी. "	"	"	जेठाभाई.	आलांबा.	सं. १९ . आसवा	"	सं. १९३० पोष सुद १३	वणछरा.	
७	मोहनलालजी. "	दशाश्री वणिक.	वणछरा.	झवेरभाई.	मकनबाई.	सं. १९२८ पोष.	"	सं. १९३० पौष वद १	अमदावाद.	
८	छगनलालजी "	"	मोटा वडोदरा.	सेवकराम.	लक्ष्मीबाई.	सं. १९०९ आ. सुद	हीराचंदजी.	सं. १९३२ पोष सुद १३	अमदावाद.	
९	झवेरलालजी "	लेउवा पाटीदार.	लाडरुण.	[illegible] भाई	[illegible] बाई.	•	[illegible]	सं. १९३३ माघ सुद १४	मेथी.	
१०	मोटा [illegible] चंदजी. "	दशाश्री वणिक.	लाठी.	गोवनजी.	कुंवरबाई.	संवत १९२०	हीराचंदजी.	सं. १९३६ पोष वद ४	पीसलपुर.	
११	मगनलालजी. "	"	[illegible] मगाम.	[illegible]	[illegible] बाई.	संवत १९१९	"	सं. १९३७ श्रा. वद १०	प्रांतीज.	
१२	केवळचंदजी "	लायसार.	"	लक्ष्मीचंद.	अंबाबाई.	संवत १९२६	रुगनाथजी स्वामी.	सं. १९४३ माघ वद ६	वणछरा.	
१३	नरोत्तमजी "	लेउवा पाटीदार.	लाडरुण.	मनोरभाई.	माणेकबाई.	संवत १९०४	मोटा पुरुषोत्तमजी.	सं. १९४४ पोष सुद २	अमदावाद.	
१४	नाना [illegible] मजी "	दशा श्री वणिक.	मुणी.	देवचंदभाई.	रामबाई.	सं. १९३० [illegible] सुद	अमीचंदजी.	सं. १९४६ माग शर	मुणी.	
१५	नाना पुरुषोत्तमजी "	लेउवा पाटीदार.	लाडरुण.	मथुरभाई.	कु [illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	
१६	दीपलालजी. "	दशाश्री वणिक.	लाभसर.	पुरुषोत्तम.	अंबाबाई.	संवत १९२४ सुद	मोटा उत्तमजी.	सं. १९४७ पोष वद ५	वडोदरा.	
१७	जेठाजी "	"	विरमगाम.	नाराचंद.	माणेकबाई.	संवत १९ माघ सुद	रुगनाथजी स्वामी.	सं. १९४७ पोष वद ६	वीरमगाम.	
१८	उम्मेदजी. "	लेउवा पाटीदार.	लाडरुण.	देसाईभाई.	हेतांबा.	संवत १९२९	मोटा पुरुषोत्तमजी.	सं. १९४८ महा वद	अमदावाद.	
१९	मोतीलालजी "	लायसार.	कोसंदा.	कुंवरचंद.	अंबाबाई.	सं. १९२४ फागण सुद ५	कुंवरजीरामजी.	सं. १९४९ चैत्र सुद २	मुणी.	
२०	नगीनजी "	दशाश्री वणिक.	मीठापुरी.	गोपाळदास.	जेठीबाई.	सं. १९२३ म.	मोटापुरुषोत्तमजी.	[illegible]	अमदावाद.	
२१	[illegible] चंदजी "	"	प्रांतीज.	रणछोडदास.	दीवाळीबाई.	सं. १९२७ पोष सुद ५	"	सं. १९५० फागण सुद	वीरमगाम.	
२२	हरखचंदजी. "	"	[illegible] पेर.	मुरारलाल.	उजमबाई.	संवत १९३८	रुगनाथजी.	सं. १९५४ [illegible]	प्रांतीज.	
२३	लक्ष्मीचंदजी "	"	वणजी दीकरा.	मुळीदास.	उजीबाई.	संवत १९३४ माघ सुद	अमीचंदजी.	सं. १९५२ माघ सुद	वडवाण.	
२४	माणेकचंदजी "	"	पुडा.	पुरुषोत्तम.	अंबाबाई.	सं. १९३५ फागण सुद	"	"	वडवाण.	
२५	सोमचंदजी [illegible] "	लायसार.	पेरडा.	पानाचंद.	माणेकबाई.	सं. १९३६ माघ सुद	"	सं. १९५४ पोष सुद १५	वीरमगाम.	
२६	मूळचंदजी "	लायसार.	विसलपुर.	मोतीचंद.	ईच्छाबाई.	[illegible]	[illegible]	[illegible]	घोडा.	
२७	गुलाबचंदजी "	[illegible]	[illegible]	[illegible]	[illegible]	सं. १९२३	छगनलालजी.	सं. १९५६ [illegible]	वडोदरा.	
२८	कल्याणचंदजी "	दशाश्री वणिक.	मीठापुरी.	गोपाळदास.	झबलबाई.	•	मोटा पुरुषोत्तमजी.	सं. १९५७ माघ सुद	अमदावाद.	

आ हकिकत मोकलावनामां दरियापुरी गच्छाधिपती महामुनिराज श्री श्री श्री श्री श्री श्री श्री १०८ — रुगनाथजी स्वामिना शिष्य ऋषिश्री केवळचंद्रजीए तेमज मुनिमहाराज श्री — अमिचंद्रजी स्वामिना शिष्य ऋषिश्री उत्तमचंद्रजीए पुरण मदद करीछे. केटलांक खानां हकीकत न मळवाथी खाली राखवामां आव्यां छे.

लखनार सेवक - जीवराज निमचंद शाह. सायला निवासी.

પ્રકરણ ત્રીજું.

દોહરા.

સુધાકર સમ શોભિતા, જાણે બીજો કામ;
વહાલા છે વિતરાગના, લક્ષ્મિ, માણેક નામ.
સશી, હરખનું બ્યાન પણ, આપુંછું આવાર;
અતી ઉમંગે વાંચશો, શાણા સહુ નરનાર.
જૈનમાર્ગ દિપાવવા, ઉત્તમ કીધું કામ;
શીસુ વયમાં સંયમ ગ્રહી, જુગમાં રાખ્યું નામ.

" પુરુષોત્તમ ઉર્ફે હરખચંદ્રજીનું જાણવા જોગ બ્યાન."

વઢવાણ તાબાના ગામ **બાળારાજપરમાં** બુદ્ધાલાલ નામે એક દિશાશ્રીમાળી વણિક, સુપત્ની ઉજમબાઈ સાથે બહોળા કુટું-બથી રહેતા હતા. તેઓને આ પુરૂષોત્તમ નામે પુત્ર થયો. તદ્દન નાની વયથીજ આ લઘુ મુનિશ્રી પુરૂષોત્તમજીને ધર્મપર આસ્થા લાગી હતી. તેથી સંસારની મોહ જાળ તેમને અણુગમતી થઇ પડી હતી. ને રાત્રી દિવસ દિક્ષા ગ્રહણ કરી વૈરાગી થયાનું રટણ થયા કરતું. એ અરસામાં વિહાર કરતા કરતા દરિયાપુરી ગચ્છના ગચ્છાધિપતી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી ૧૦૦૮ મુનિ મહારાજ શ્રી રૂગનાથજી સ્વામિ પોતાના શિષ્ય સહિત ત્યાં પધાર્યા. જેથી સદરહુ પુરૂષોત્તમજી ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા ગયા. અને તે સાંભળ્યાથી તેમનું મન તદન સંસારની મોહનીમાંથી ઉઠી ગયું અને વૈરાગ લેવાનો દ્રઢ મનસુબો કરી ગુરૂ મહારાજને કહેવા લાગ્યા. હે મહારાજ ! હે કૃપાસાગર ! હે કંચન કામનીના ત્યાગી

ને મહાવૈરાગી મુનિરાજ ! મને કૃપા કરી આ મોહનીથી દુર કરો અને વૈરાગી કરો. કારણુ–સંસારની રચના મને વિખની વેલી તુલ્ય થઈ પડી છે. હવે મારે મારા અમૂલ્ય આત્માનું સાર્થક કરવું છે. માટે દિક્ષા આપો. આ વચન સાંભળી મુનિ મહારાજે જવાબ આપ્યો; હે દેવાનું પ્રિય ! હે પુરૂષોત્તમ ! ભાઈ, મને દિક્ષા આપવાને કાંઈ હરકત નથી પણુ એ પંથ બહુ વિકટ છે. કારણુ મુનિ માર્ગ મહા કઠણુ અને દુર્લભ છે. માટે તે તમારાથી પળાય તેમ હોય તોજ હિમ્મત કરવી. સાંભળો ! અમારો માર્ગ કેવો કઠણુ છે તે માત્ર ટુંકામાં જણાવું છું.

(રાગ–કેરબો.)

સુણો સારી મારી વાત કહું પ્રેમે આજે રે,
પ્રેમે આજે રે કહું પ્રેમે આજે રે—સુણો. (ટેક.)
મહા કઠિણ છે ધર્મ પાળવો, બહુ સુલી એ માળા;
પળાય તો હું દિક્ષા આપું નહિંતર મેલો ચાળા—સુણો.
સુભોજનને મિષ્ટ મેવા અંહી નથી લગારે;
એક ચિત્તથી રહેવું પડશે સત્ય વદું અત્યારે—સુણો.
શાધુ થાવું સેહેલું નથી ધ્યાન ધરો આ વારે;
વળી કહેશો જે કહ્યું નહોતું પડશે પુરાં ભારે—સુણો.
ખડગ કેરી ધાર જાણી વિર લહો વિચારી;
હિમ્મત હોયતો આજ્ઞા લાવો વાત મુનિની ન્યારી—સુણો.
તપસ્યા સાથે ઊનાં પાણી નિત્ય પીવા ત્યાં પકરી;
અણુ વાણે ચાલ્યાથી ચર્ણ તડકાથી ફુડ ફુકશે—સુણો.

ઉપર મુજબ મુનિ મહારાજનું બોલવું સાંભળી પુરૂષોત્તમજીએ વાબ આપ્યો કે મહારાજ! એ તમામ હું ઘણી ખુશીથી પાળીશ તે આપના કહ્યા મુજબજ વર્તિશ. પણ મારે લક્ષ વાતે પણ દિ ા ગ્રહણ કરવી કરવી ને કરવી.—પુરૂષોત્તમજીનાં દ્રઢ પ્રણામ જોઇ હારાજજી તેમને તેમનાં માત પિતા પાસે દિક્ષા લેવાની આજ્ઞા વા વાસ્તે મોકલે છે.—માબાપ ગુજરી ગયેલાં હોવાથી પુરૂષોત્તમ મનાં વડીલ બંધુ પાસે આવી નીચે મુજબ અરજ કરવા લાગ્યા.

(રાગ ક્ષત્રીકલંક.)

આપો દિક્ષા લેવા તણીનો રજાય, મોટા ભાઇ અર્જ કરૂં આજેરે.
આંહી મન મારૂં મુંને ખાવા ધાય, મોટા ભાઇ અર્જ કરૂં આજેરે.
નહિં કોઈ કોઇનું જગ માંય, ,,
સ્વાર્થ સુધી સર્વે સગું અરે થાય, ,,
જન્મ મરણ સમે પીડા થાય, ,,
તે જાણીને દિલે પ્રગટે લાય, ,,
ધર્મ ક્રિયા કરવાને મારૂં મન, ,,
આ ભવાબ્ધિમાં બળે મારૂં તન, ,,
આગળ થયા છે જંબુ કુમાર, ,,
તેમજ બીજો ધનો અણગાર, ,,
રિદ્ધી છાંડતાં નવ લાગી વાર, ,,
એવાં દ્રષ્ટાંતો બન્યાં છે અપાર, ,,

કરી મોહ માયા તણો ત્યાગ,
મારે ચોક્કસ લેવો છે વૈરાગ, ,,

ઉપર મુજબ પુરૂષોત્તમજીનાં દિક્ષા લેવા વિષેનાં વચન સાંભળી તેમના વડિલ બંધુએ નીચે મુજબ શબ્દો સમજાવવા માટે કહ્યા.

(રાગ—કર્ત્તાકૃત્ય નવિન.)

હે મમ ભ્રાત આ છોકરવાદી લીધી શું વિચાર કરી
લીધી શું વિચાર કરી હે મમ. (ટેક.)
આવો ભમાવ્યો કોને (૨) શું મતિ ફરી. હે મમ.
પાણી તો ઉનાંજ પીવાં (૨) સુખ નહિં જરી. હે મમ.
શીર ને ચર્ણુ તો ખુલ્લા (૨) બપોરે ગૌચરી. હે મમ.
કષ્ટની પાટ બિછાનું (૨) વાત કરો પરી. હે મમ.
બહુ દિન ભૂખ્યાજ રેહેવું (૨) ચાલી થરથરી. હે મમ.
રાત્રે તો રોજ અંધારૂં (૨) તેં હોંશ શું ધરી. હે મમ.
પરીશા એવાથી ચેતી (૨) ચાલવું ડરી. હે મમ.
ચશે ફરીથી એ બોલે (૨) રોઝડી ખરી. હે મમ.
મુંગે મોઢે રહે સારૂં (૨) ક્રોધે રહ્યો ભરી. હે મમ.

ઉપર મુજબ સમજાવવા માટે પુરૂષોત્તમજીના વડિલ બંધુએ ઘણાએક કઠોર શબ્દ કહ્યા. પરંતુ તેથી પુરૂષોત્તમજી જરાપણ હિમ્મત હારી નહિં ચાલાતાં, તેમના મોટા ભાઇનો ગુસ્સો જ્યારે

શાન્ત થયો ત્યારે કરગરીને નીચે પ્રમાણે ફરીવાર વિનંતિ કરવા લાગ્યા.

(રાગ—ભરથરી ભ્રાતા વિચારીને)

હે બંધુ મ્હારા (૨) મમ વિનંતિ ધ્યાનમાં ધારી
આજ્ઞા આપો આપ પ્રિતથી તો દિક્ષા ગ્રહું આ વારી.—હે બંધુ (ટેક)
છો શિરછત્ર (૨) નહિં ક્રોધ કરશો લગાર;
હુકમ કરો હવે હર્ષથી, હું જલ્દી થઉં અણગાર.—હે બંધુ.
આ વિશ્વ માંહે (૨) નહિ કોઇ કોઇનું કોઇ;
જીવ ગયેથી જલ્દી બાળીને, રહેશે જસવાર રોઇ.—હે બંધુ.
આ મોહરૂપ (૨) છે સંસાર સાગર ખારો;
મારાં મારાં કરી રાજી થયાં, પણ એજ નર્કનો બારો.—હે બંધુ.
સાથે પુણ્ય પાપ (૨) એ બીજ વાનાં આવવાનાં;
આળપંપાળ એ તમે તજો એ ખોટાં સરવ છે બ્હાનાં.—હે બંધુ.
એક પળ માત્ર (૨) નહિ ગોઠે મુંને હવે આંહી;
વિતરાગ ધર્મનું ધ્યાન ધારી થશું સદા અતી સુખકારી.—હે બંધુ.
કરો કોટી યત્ન (૨) પણ નથી આ તલમાં તેલ;
રજા આપો તો તુર્ત જઇ હું બેસું ખરી એ રેલ.—હે બંધુ.
મેં આજ સુધી (૨) કહ્યું કાવ્યુંરે હોયે લગાર;
તસમિચ્છામી મુખે વદી હું ખમાવુંછું આવાર.—હે બંધુ.

પુરૂષોત્તમજીનું સંસારમાંથી મન તદ્દન ઉઠી ગયેલું જોઇ તેમના ભાઈ અને સહુ કુટુંબે વિચાર કર્યો જે હવે આ સંસાર ગમે તે

ઉપાય કરીશું તોપણ રહેશે નહિં. એમ ધારી દિક્ષા લેવાની આજ્ઞા આપીને સૌએ નીચે પ્રમાણે પુરૂષોત્તમજીને શિખામણ આપી.

(રાગ—એ શું વદોછો વિવેકી ભ્રાતા ભરથરી.)

શિખામણ છેલ્લી ભાઇ સાંભળો જરી
નીચ મનુષ્યોથી તમેતો ચાલજો ડરી.—શિખામણ. (ટેક)
ગુરૂના કહ્યા મુજબ ચાલજો સદા,
મરજીની મુજબ ચાલી વર્તો નહિ કદા— „
દોષ આવે નહિ લગાર એમ વર્તવું;
વિચાર કરીનેજ પછી વાક્ય વદવું.— „
ખીર સમુદ્ર તુલ્ય તો ગંભીરરે થજો,
જ્ઞાન મેળવી વિશ્વે સુકીર્ત્તિ કાઢજો.— „
વિતરાગ કાયદા હમેશાં યાદ રાખજો;
કુમતિ દુરે કરી સુમતિ ચાખજો.— „
ચડતી થાઓ સર્વદા એ ઇચ્છીએ અમો,
શુભાષિશ જીન્વરા પુરી કરો તમો. „

ઉપર મુજબ રજા મળવાથી પુરૂષોત્તમજી હર્ષ સહિત મુનિમહારાજ પાસે આવી તિખ્ખુતોનો મંત્ર ૧૦૮ વાર ભણી વંદના કરી સુખશાતા પુછી નીચે પ્રમાણે કહે છે.

(રાગ—ક્ષત્રીકલંક.)

ગુરૂ ગચ્છાધિપતીજી ગુણવંત—દિક્ષા લેવી છે મ્હારે પ્રિતેરે.
આજ્ઞા આપી તેથી હર્ષ છે અત્યંત— „

કૃપા કરી કરો એજ કાજ, ,,
છોડયાં આળપંપાળ માહરાજ.— ,,
મને ખોટો લાગ્યો છે સંસાર ,,
જ્ઞાની ગુરૂ કરો હવે અણુગાર.— ,,
રહીશ આપ હુકમ મોઝાર, ,,
વદું વાક્ય સત્ય નિરધાર.— ,,
કોણુ માત પિતા અને ભાઇ, ,,
દામ હોય ત્યાં સુધીની સગાઇ.— ,,
મારો આશ્રય હવે છો આપ, ,,
આપો મુનિરાજ વૈરાગની છાપ.— ,,

ઉપર અનુસાર દિક્ષા લેવાનો દ્રઢ નિશ્ચય જોઈ ગચ્છાધીપતી મુનિ મહારાજ શ્રી રૂગનાથજી સ્વામિએ અમદાવાદ જીલ્લાના પ્રખ્યાત શહેર પ્રાંતીજ મધ્યે સંવત ૧૯૫૨ના કારતક વદી ૭ ને રોજ પુરૂષોત્તમજીને દિક્ષા આપી. આ પ્રસંગપર શ્રાવક શ્રાવિકાનો જબરો સમુદાય એકઠો થયો હતો અને મ્હોટા આડંબરથી સદરહુ દિક્ષા-મહોત્સવ થયો હતો આ વખતે પુરૂષોત્તમજીનું નામ ફેરવીને હરખચંદ્રજી પાડયું.

દોહરો.

એક ઓચ્છવ પુરણુ કર્યો, ધરી અતી આનંદ;
વાંચો વાંચો સ્નેહથી, તજી જગતના ફંદ.

"રવચંદ ઉર્ફે લક્ષ્મિચંદ્રજીનું જાણવાજોગ બ્યાન."

ઝાલાવાડમાં રણની ટીકર બાંભણ નદીપર ચોફાળને માટે વખણાએલું ગામ છે. તે ગામમાં કાળીદાસ મેહેતા નામે દશાશ્રીમાળિ વાણિયા સુપત્નિ ડાઈબાઇ સાથે રહે છે. તેમની કુંખે આ રવચંદ નામે પુત્ર થયા. શિસુ વયથીજ સદરહુ રવિચંદ્રભાઇને ધર્મની વાતપર અત્યંત પ્યાર હતો. ધર્મ સિવાયની બીજી અન્ય વાતોને તે ધિઃકારતા. તે ગામમાં તેવા પ્રસંગમાં દરિયાપુરી ગચ્છના પ્રખ્યાત મુનિશ્રી અમિચંદ્રજી સ્વામિ તથા તેમના શિષ્ય રૂષિ શ્રી ઉત્તમચંદ્રજી આવી ચડયા. તેથી રવિચંદ્રજીને તો " જોઇતું હતું ને વૈદ્યે બતાવ્યું " એ કહેવત પ્રમાણે થયું. ને હમેશાં મુનિ મહારાજ પાસે ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા જવા લાગ્યા ને જ્યાં સંસારમાં કેવાં કેવાં દુઃખ છે! અને ધર્મથી થતા ફાયદા; વિગેરેની વાત સાંભળવામાં આવી ત્યારથીજ તેમનું મન આ અસ્થિર સંસારમાંથી ઉઠી ગયું અને દિક્ષા ગ્રહણ કરવાનો મનસુબો ધારી એકદમ ઉભા થઇને મુનિરાજને વિધી પૂર્વક વંદના કરી સુખશાતા પૂછીને કહ્યું કે, હે કૃપાસાગર! તરણતારણ! મને આ મોહ માયાના ફાંસામાંથી મુક્ત કરો મને હવે સંસારમાં ચેન પડતું નથી માટે દિક્ષા આપો. તે વારે મુનિમહારાજશ્રીએ કહ્યું કે હે દેવતાના વલ્લભ! સાધુ થવું એ સેહેલું નથી. છોકરાંના ખેલ નથી. એ પંથ બહુ વિકટ છે. એમ કહી નીચે પ્રમાણે બોલે છે.

(રાગ—ક્ષત્રીકલંક.)

સુણ સુણ રવિચંદ વાત—વૈરાગ કઠણ છે ભારેરે.

મુનિવ્રત કઠિન છે ભ્રાત. સદર.
સદા ચાલવું અણુ વાણે પાય. ,,
પીવું પડે પાણી ઉનું તહાં ભાય. ,,
નથી સુવા બિછાનું ત્યાં સાર. ,,
પાટપર સાથરાનો વ્યવહાર. ,,
વરસે મેહ જો આખો દિન. ,,
ભૂખ્યા રહી બેસી રહેવું પડે લિંન. ,,
નથી મિષ્ટ ભોજન ત્યાં લગાર. ,,
એ પળતાં મુશ્કેલ છે અપાર. ,,
માટે મુકો દિક્ષાનો વિચાર. ,,
મળે ખરે બપોરે આહાર. ,,
આવાં સંકટ તેમાં અપાર. ,,
ત્યાંતો ચાલવું ખાંડાની ધાર. ,,
પાછળ કરવા માંડશો વિચાર. ,,
જેમ કર્યો તો મેઘ કુમાર. ,,

ઉપર પ્રમાણે મુનિ માહરાજનું બોલવું સાંભળી તેનો જવાબ રવચંદ્રજી નીચે પ્રમાણે આપે છે.

(રાગ—સદર.)

એ શું વદો ગુરૂજી આપ વાણુ. વૈરાગ મારે નિશ્ચે લેવોરે.
ભલે પશ્ચિમમાં ઉગે ભાણુ. સદર
ભલે સિંધુ માજા મેલી જાય. સદર

બીજી વાત હવે નવ થાય. સદર
સંસાર અસાર અપાર. સદર
નથી કો–ઇ–કો–ઈનું લગાર. સદર
જુઠો જગત અતિ દુઃખકાર. સદર
તેને તજી થવું અણુગાર. સદર
માત તાત અને વળી ભ્રાત. સદર
સર્વે સ્વારથ સુધીની વાત. સદર

રવિચંદ્રજીનું મજબુત મન જોઇને અમિચંદ્રજી સ્વામિ તેમને માબાપ પાસે રજા માગવા મોકલે છે. જેથી રવિચંદ્રજી હરખાતા હરખાતા પોતાના ઘેર આવી માત તાતને નીચે પ્રમાણે અરજ ગુજારે છે.

(રાગ—બનજારો.)

માત તાત સુણી વાત મારી, આપો આજ્ઞા દયા દિલ ધારી. (ટેક)
છે આ સંસાર સાગર ખારો, ધર્મ વિનાં છુટયાનો નથી આરોરે;
વિત્રાગ માર્ગ ગુણુકારી.—આપો આજ્ઞા દયા દિલ ધારી.—માત.
સંસારની ખટપટ ખાલી, વળી સ્વારથનું સહુ ભાળીરે;
લેવી ભક્તિ અમૃતની ઝારી.—આપો. માત.
લક્ષ ચોરાશી ફેરારે ફરીયા, જીવે પાપ અતી ઉર ભરીયાંરે;
ક્યાંઇ થઈ ગતી નહિં સારી.—આપો. માત.
રહેવું ગોઠે નહિં હવે આંહી, લાગે સંસારતો દુઃખદાઇરે;
મારે શોધવી સ્વર્ગની બારી.—આપો. માત.

મેં ધર્માચરણ ધ્યાન ધાર્યું, એ વિનાં નહિં કોઈ સારૂંરે;
તેથી થશે ગતી સુખકારી.—આપો. માત.
જન્મ મરણનો ફેરો જાશે, ક્રૂર કાર્ય તેનાથી ધોવાશેરે;
રજા દીયો દિક્ષાની આ વારી.—આપો. માત.

દોહરા.

માત પિતા કહું કરગરી, રજા આપો આ વાર;
ચોકસ કહુંછું આપને, થવું મારે અણગાર.
કોટી ઇલાજ કરો તમે, નહિં માનું હું કેણ,
માટે આપો હર્ષથી, રજા માનીને વેણ.

ઉપર મુજબ રવિચંદ્રજીનું બોલવું સાંભળી તેમના પિતાશ્રી ગુસ્સે ભરાઇ નીચે પ્રમાણે સમજાવવા લાગ્યા.

(રાગ—કર્ત્તાકૃત્ય નવિન.)

એ શું વદે છે તું (બે વાર) ટેક.

રવિચંદ સમજ તું વાત, નક્કી ખાઈશ હવે તું લાત;
વૈરાગ્ય પળે નહિં છાત, એ શું વદે છે તું. (૨)
શું દિક્ષા ત્હારે લેવી, એ વાત કરે તું કેવી,
એ કઠણ અતિશે સે'વી, એ શું વદે છે તું. (૨)
મહા કઠણ કામ છે એહ, ચશે પગે ઉઘાડા તેહ,
તારી કંચન જેવી દેહ, એ શું વદે છે તું. (૨)
નહિં વદે એવી તું વાણ, સુણી લાગે તીખાં બાણ;

કાહુ મારી તારો પ્રાણુ, એશું વદે છે તું. (૨)
મળે ખરા બપોરે અન્ન, એ કેમ થાય સહન,
ચુપ રહે માની વચન, એ શું વદે છે તુ. (૨)

એવામાં રવચંદનો ભાઇ રૂપચંદ આવે છે અને નીચે પ્રમાણે કહે છે.

(સદર)

નથી સુવા સેજ ત્યાં વીર, પીવું ખદખદતુ ત્યાં નીર;
નહિં મળે શુભ ત્યાં ચીર, એશું વદે છે તું. (૨)
એવું દુઃખ તહાં છે ભારી, જરા જુઓને મન વિચારી;
મુનિ તણી વાત છે ન્યારી, એ શું વદે છે તુ. (૨)

(દોહરો.)

પાય અણુવાણે ચાલવું, પીવું ઉનું ત્યાં નીર;
મહા કઠિન એ કાર્ય છે, હઠ છોડો મુજ વીર.

પોતાનાં માત, તાત, અને ભ્રાતનો રોષ જરા ઉતર્યો એટલે વળી ફરીવાર રવચંદ્રજી તેઓ સર્વેને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

(રાગ—મન તું સમરન કર)

એહી સબ જગત સમજનાં ફનાં, સગાં ભી કુચ્છ નહિં અપનાં.
દેહકા ભરૂશા હે કચ્ચા, જીનકા નામ એક સચ્ચા.

રંગ હે પતંગકા જૈસા, ખલકકા ખેલ હુવા એસા.
સગાં સબ સ્વમાંકી બાજી, દેખકે મત થાનાં રાજી.
ત્રિયા, સુત, ભાયા, ભત્રિજા, જગતમેં સબ હે સ્વારથકા.
રટણ જીન જીન મુખસેં રટનાં, ફેરા લખ ચૌરાશી ફિરના.
જીનેંદર દેવ એક સચ્ચા, બિનાં સબ દુસરા હે કચ્ચા.
દિયો તુંમ દિક્ષાની રજાય, જેથી મન મગ્ન મુજ હો જાય.

ઉપર મુજબ સ્વચંદ્રજીનું બોલવું સાંભળી તેમનાં માત, તાત, ભ્રાત, અને કુટુંબ કબિલે મળી વિચાર્યું કે—હવે નાહક મફતનાં ફિફાં ખાંડવાં નહિં. કારણ આ તલમાં તેલ નથી; એમ ધારી સહુએ મળી દિક્ષા લેવાની આજ્ઞા આપી અને નીચે મુજબ શિખામણ આપી.

(રાગ—ક્ષત્રીકલંક)

માત પિતા કહે સુણ પુત્ર, વૈરાગ પુરી પ્રિતે પાળારે.
નિત્ય મનમાં રહેજે મજબુત. ,,
શુદ્ધ શ્રદ્ધા થકી પાળો વ્રત. ,,
થશે દુર તેથી નર્કની આફત. ,,
સદા સેવો ગુરૂજીના પાય. ,,
ભાઇ થશો તેથી સદા સુખદાય. ,,
કરવી તપશ્યા ધરીને વહાલ.
જાણી જુઠી જગતની જંજાળ. ,,
વિશ્વે કોઈ કોઈનું નથી કોઇ. ,

સ્વાર્થે સુધી સગુ સહુ હોય. ,,
તમે અંજવાળું અમારૂ કૂળ. ,,
સદા શોધજો સ્વર્ગનું મૂળ. ,,
માની શિક્ષા અમારી એ સાર. ,,
વર્તો તેહ મુજબ હર વાર. ,,

આજ્ઞા મળી; જેથી હર્ષ સાથે સ્વચંદ્રજી મુનિ મહારાજ પાસે આવ્યા. અને દિક્ષા આપવા વિષે નમ્રતા પુર્વક વિનંતિ કરી. ત્યારે વળી મુનિરાજે કહ્યું કે ભાઈ એ પંથ બહુ આકરો છે. માટે જો તે તમારાથી પળે તેમ હોય તો મને દિક્ષા દેવાને કાંઈ હરકત નથી. માટે હજું પણ વિચારી જુઓ કે પાછળથી તે વિષે વિચાર કરવો જ ન પડે. (મેઘકુમારની માફક) આ વાકય સાંભળી સ્વચંદ્રજી મુનિરાજને કહે છે.

(રાગ સુગ્રીવ થઇ આ શું અવળું)

ગુરૂજી મ્હારા સેવકને શું તમે હવે લલચાવોછો.
આ સંસાર છે અસાર નહિં ગોઠે પલવાર (૨) ગુરૂજી.
જગતમાં જંજાળ ભારી, સ્વારથીયાં નરનારી, } ધીમે.
તેથી રહ્યો હવે હારી, છેલ્લે મનમાં વિચારી. }
આવ્યોછું શર્ણ તમારી, બતાવો તર્યાની બારી; } જુસ્સામાં.
અરજ ઉરમાં ધારી, વૈરાગ આપો આ વારી. }
જેથી રહું સુખકારી,—ગુરૂજી મ્હારા.

આવો દિક્ષા લેવાનો દ્રઢ વિચાર જોઈ મુનિ શ્રી અમિચંદ્રજી સ્વામિએ જગત મશહુર વઢવાણુ સિટિમાં સંવત ૧૯૫૨ના મહા શુદ ૧૩ ને શુક્રવારને રોજ શિયાણીના દરવાજા બહાર જીવા ગઢવીના કુવા પાસે મેમકા ગામને મારગે ચુડાના રહિશ માણેકચંદની સાથે દિક્ષા આપી. આ દિક્ષા મહોત્સવ ઉપર પુષ્કળ શ્રાવક શ્રાવિકાનો સમુદાય એકઠો મળેલો હતો. બેન્ડ વાજા સહિત રવચંદ્ર તથા માણેકચંદ્રનો બેઉને છ વરઘોડા ચડાવ્યા હતા. દિક્ષા આપતી વખતે રવચંદનાં પિતાશ્રી કાળીદાસ મહેતાએ મુનિ મહારાજશ્રી અમિચંદ્રજી તથા ઉત્તમચંદ્રજીને નીચે પ્રમાણે પોતાના પુત્રની ભલામણ આપી.

(રાગ—સુતા જાગોરે એ ઢબ.)

મુનિ અરજ કરૂંછું હું એટલી, સદા સાચવજો મ્હારો પુત્ર હો લાલકે
વહોરાવુંછું હવે આપને. (એ ટેક.)

રાત્રી દિન સંભાળ લેઈ તેની,
તેને શીખવજો શુભ સુત્ર હો લાલ કે. વહોરાવુંછું.
હવે સંબંધ રહ્યો નહિં માહરે,
એનાં આશ્રય હવે છો આપ હો લાલ કે. ,,
ભુખ્યા તરસ્યાની ભાળ લેજો પ્રીતે,
એણે લીધી વૈરાગની છાપ હો લાલ કે. ,,
પળ પુત્ર વિનાં નોતું ચાલતું,
તેને તજ્યો હામુકો સંસાર હો લાલ કે. ,,
ધીમે ધીમે એને તો ભણાવજો,

નહિંતર મુંઝાશે એ નિરધાર હો લાલ કે. „
ભુલે ચુકે તો મારીજ આપજો,
વળી રાખજો પુત્રની તુલ્ય હો લાલ કે. „
એનાં બોલ્યાં સામું તો જોશો નહિં,
સદા આપજો મતિ અમૂલ્ય હો લાલ કે. „
કદી કહ્યું નથી મેંતો એહને,
મોઢે ચડાવી રાખ્યો છે નિત્ય હો લાલકે. „
સર્વ કુમતિ એની ટળાવીને,
એનું મજબુત કરજો ચિત્ત હો લાલ કે. „
વિત્રાગ દેવ વનિત એને કરે,
એવું ઈચ્છુંછું હું મુનિરાય હો લાલ કે. „
છેલ્લે સ્તુતિ કરી વદું એટલું,
રહે સુખ શાન્તિમાં સદાય હો લાલ કે. „

ઉપર મુજબ આપેલ ભલામણના જવાબમાં મુનિશ્રીએ ફક્ત એટલોજ ટુંકામાં જવાબ વાળ્યો કે—શ્રાવકજી ! ફિકર ન કરશો. ધર્મનાં પ્રતાપે સારૂં થશે. ઉપર મુજબ કહ્યા પછી મહારાજજીએ સર્વ શ્રાવક શ્રાવિકાઓની રજાથી દિક્ષા આપી. સદરહુ બુકનો કર્ત્તા મારતર જે૦ એન૦ આ દિક્ષા મહોત્સવ માટે પોતાની કલમ એટલે સુધી ચલાવી છે કે—આજ સુધીમાં દિક્ષામહોત્સવોતો ઘણાજ થયા હશે. પણ આવા આડંબરથી અને શ્રાવક શ્રાવિકાઓના ઉમંગથી

આમારા જોવામાં કોઈ જવલ્લે (કવચિતજ) આવ્યો હોય તો.
(એમ જોવા આવનાર માણુસો આં વાતો કરતા હતા.)

દોહરા.

રવિચંદ્રની હિસ્ટરી, આપી ઉપર સાર;
ભુલ ચુક સુધારીને, વાંચો સહુ નરનાર.
મણિતુલ્ય માણેકનું, ધરી પ્યારથી ધ્યાન;
આપે કર્ત્તા આ નીચે, વાંચો ધરીને ધ્યાન.



માણેકચંદ્રજીની જાણવા યોગ્ય હકીકત.

ઝાલાવાડમાં ત્રીજા વર્ગનો તાલુકો ચુડા એ ગામ કોઇથી અજાણ્યું નથી. ત્યાં દશાશ્રીમાળી વણિક પુરૂષોત્તમદાસ સુપત્નિ અંબાબાઇ સાથે રહેતા હતા. તેમની કુખે આ અમૂલ્ય "માણેક" થયા. લઘુવયમાંથીજ આ માણેકચંદ્રભાઈને ધર્મની આસ્થા વિશેષ હતી. અને રાત્રીદિવસ એવી જંખના કરવા લાગ્યા કે જો કોઇ સદ્ગુરૂજીનો સમાગમ થાય, તો સામાયક, પ્રતિક્રમણ, છકાયના બોલ, નવ તત્વ, દંડક, વિગેરે શીખવું, અને ધર્મ સંબંધીનું જરા જાણપણું કરવું. આ વખતે તેમના પિતાશ્રી પુરૂષોત્તમભાઇ ગુજરી ગયા હતા. તેથી તેમનાં માતુશ્રી અંબાબાઇને આડુંઅવળું સમજાવી થોડા દિવસની રજા લેઇ પોતે સદ્ગુરૂની સોબતનો જોગ શોધતા શોધતા વિરમગામ આવ્યા. તે વખતે ત્યાં મુનિશ્રી અમિચંદ્રજી સ્વામિ વિરાજતા હતા તેમની પાસે આગળ આવી ગયેલ રણનીટીકરનાં રવચંદ્રભાઈ અભ્યાસ કરતા હતા જેથી માણેકચંદ્રને આ સમાગમ સારો મળ્યો. અને તેથી તે પણ તેમની સાથે અભ્યાસ કરવા લાગ્યા. તે વખતમાં માણેકચંદ્રજીના પેટમાં બરોળ જેવું હતું અને પગે ગુમડાં હતાં. વળી વીરમગામનું પાણી પણ તેમને માફક ન આવ્યું જેથી તે વખતે સાયલામાં મહાસતીજી જીવકોરબાઇ સ્વામિનું ચોમાસુ હતું. તેથી થોડો વખત વિરમગામના શ્રાવકોએ ત્યાં ભણવા વાસ્તે મોકલ્યા. સાયલાના શ્રાવકોએ ઘણાજ પ્યારથી ડૉકટરની અને દેશી વૈદ્યોની દવાઓ કરી તેમનું શરીર ઘણુંજ સારૂં કર્યું. અને તમામ રોગ દુર થયો. આંહી લગભગ ત્રણ માસ રહ્યા, અને

અભ્યાસ ઠીક કર્યો. તેવામાં સાયલામાં તેમને ખબર મળ્યા કે—રણુની ટીકરના રહિશ રવચંદ કરીને કોઈ વણિક પુત્ર અમિચંદ્રજી સ્વામિ પાસે દશ વીશ દિવસમાં દિક્ષા લેનાર છે. આ ખબરથી માણેકચંદ્રનું મન એકદમ તેની પાસે જવા ઉશ્કેરાયું, અને મહાસતીજીને તથા સાયલાના શ્રાવકોને અરજ કરી કે—મારે અને રવચંદ્રભાઇને ખાનગીમાં એવો કોલ કરાર છે કે સાથેજ દિક્ષા લેવી. માટે મને કૃપા કરી ત્યાં જવાની મંજુરી આપો. તેથી સૌએ ઘણી રકજકે રજા આપી. આ વખતે ચત્રમાસુ પુરૂં થવાથી મુનિશ્રી અમિચંદ્રજી સ્વામિ ઇત્યાદિ વઢવાણ શેહેર પધાર્યા હતા. જેથી માણેકચંદ્ર સત્વર વઢવાણ ગયા, અને ઉપાશ્રયમાં જઇ મુનિશ્રીને વિધી પૂર્વક વંદના કરી સુખશાતા પૂછીને કહેવા લાગ્યા કે, હે કૃપાળુ નાથ! તમે નોધારાના આધાર અને મુક્તિનું દ્વાર બતાવનાર રામબાણ ઔષધરૂપ છો. મારે અને રવચંદભાઇને સાથેજ દિક્ષા લેવાનો ગુપ્ત કોલકરાર છે. માટે મેહેરબાનીના રાહે તેમની સાથે મને પણ દિક્ષા આપશોજી. આ સંસાર સમુદ્રનાં તોફાની મોજામાં મ્હારૂં દિલ (હૃદય) બળે છે. મહારાજજીએ જવાબ આપ્યો કે—હજુ તમારી ઉમ્મર નાની છે, અને વૈરાગ્યની વાત બહુ નિરાળી છે. (કઠણ છે) માટે આગળ ઉપર ધર્મના પ્રતાપે બને તે ખરૂં. હાલ અભ્યાસ જારી રાખો. આથી માણેકચંદ્ર બોલતા બંધ થઇ ગયા. અને મુનિશ્રી જરા બહાર પધાર્યા એટલે માણેકચંદ્રજી પોતાના મનમાં પસ્તાવા સાથે નીચે મુજબ વિચાર કરવા [illegible]ા.

(સ્વગત).

ધિ:ક છે ધિ:ક મતી માહરીરે ધિ:ક છે ધિ:ક મતી (ટેક)
અસાર આ સંસારમાં, સ્વાર્થ લગી સગાઇ;
તેમાં હું વળગી રહ્યો, જગત અતિ દુઃખદાઇ.—માહરીરે.
માત અને વળી ભ્રાત કે, ખમાં ખમાં આ વાર;
જીવ ગયેથી જલ્દી તે, કાઢશે ખોળ્યું બા'ર. ,,
ઉપાય શોધું એહ જે, મળે મોક્ષનું દ્વાર;
સંસારમાં રહ્યા થકી, પડીશ નર્ક મોઝાર. ,,
મહી મધ્યે વિત્રાગના, ખરો ધર્મ આ વાર;
કરૂં ભક્તિ તેની સદા, તરૂં સિંધુની પાર. ,,
બેશી રહ્યામાં હવે, સાર નથી લગાર;
જે૦ એન૦ કહે એમ ચિંતવે, માણેક મન મોઝાર.,,

એવામાં બહારથી મુનિમહારાજશ્રી અમિચંદ્રજી ત્યાં પધાર્યા. તેમણે માણેકચંદ્રજીના મુખ સામું જોયું તો તે એક મહા ઊંડા વિચારમાં છે એમ જાણી લેઇ પૂછ્યું કેમ શ્રાવકજી? શું વિચાર કરો છો? આમ એકદમ મુખ નિસ્તેજ કેમ થઇ ગયું છે! ત્યારે માણેકચંદ્ર કહે છે કે—સાહેબજી! કાંઇ બીજો વિચાર નથી, પણ આપ દિક્ષા આપવાની ના કહો છો તે ખાતાની ગમગીનીમાં છું. માટે હવે તો એમજ મનમાં દૃઢ મનસુબો ધાર્યો છે કે—કાંતો સ્વચંદ્રની સાથે દિક્ષા આપો નહિતર આપની સમક્ષ અંન અને પાણીનો ત્યાગ કરીને બેઠો છું. આપ મ્હારા મુરબ્બીશ્રી છો માટે ગમેતો તારો અને ગમેતો મારો. આપ મ્હારા ગુરૂજી છો, માટે (ગુરૂ ભક્તિનો અ-

કાર કરીશ) આવાં દ્રઢ પ્રણામ જોઈ મહારાજશ્રી બોલ્યા કે ભાઈ દિક્ષા આપવામાં મને કાંઈ હરકત નથી. આંહી મુનિમાર્ગ છે તે વેળુના કોળીયા તુલ્ય છે. આંહી સંસારનાં જેવું સુખ નથી. આ માર્ગમાં ઘણા પ્રકારનાં સંકટ સહન કરવાં પડે છે અને આ ધર્મ ઝીણામાં ઝીણો છે, માટે મુનિવ્રતના જે જે કાયદા છે તે તે તમારાથી જો પળાય તેમ હોય તો હું ખુશીની સાથ તમોને દિક્ષા આપીશ, પણ પ્રથમ તમારાં માબાપની રજા લાવો. જેથી માણેકચંદ્ર સત્વર આનંદ પામી સુડે પોતાનાં વિધવા માતુશ્રી અંબાબાઈ પાસે ગયા, અને પોતાનાં માતુશ્રીને કહેવા લાગ્યા કે—હે મ્હારાં વહાલાં માતુશ્રી! આપે મ્હારા પ્રત્યે અનેક એહેશાન (આભાર) કર્યા છે, તે આ દીન અને ચર્ણરજ કિંકરથી (સેવકથી) તે આભાર માંહેનો એક પણ આભારનો એક લક્ષમો ભાગ પણ વળે તેમ નથી. માતુ! આ બાળક આપની પાસે દીનપણાથી ફક્ત એક વચનને માટે અરજ કરે છે. ને આશા રાખે છે કે આપ તે અરજ નિગાહમાં અવશ્ય લેશોજ એમ મને તો પક્કી ખાતરી છે. આપના તરફથી જ્યારે એ વચન ખુશીની સાથે આપવાનું બનશે ત્યારે પછી મ્હારી જીજ્ઞાશા પૂર્ણ થશે. પ્રિય માતાજી! આપતો સારી રીતે જાણો છો કે—આ સંસાર સાગર તદ્દન જૂઠો અને ખારો તેમ નર્કનો ભારો છે. સર્વ મોહજાળની માયા છે. તેમાં અનેક પ્રકારની વ્યાધિઓ અને વ્યાધિઓ રહેલી છે. જો જો હો માતુશ્રી આપ ગુસ્સો લાવશો નહિ. કારણ આપતો જાણોજ છો કે—" ક્રોધનાં ફળ કડવાં છે. " મ્હારી મતીતો અલ્પ છે. હુ તો આપનો બાળક છું. માતુશ્રી એવા અનેક સંકટોથી ભરપુર આ અસ્થિર સંસારનાં અવળ ચક્રમાંથી મ્હારૂં મન તદ્દન ઉઠી ગયું છે. હું ધારૂં છું કે મારી રીતભાતપરથી એ વાતતો આપના ધ્યા-

નમાં લાંબા વખતથીજ હશે. માટે આપ દયાળુ આ બાળકપર કૃપા કરી તેવા દુઃખોમાંથી મુકત થવા માટે " દિક્ષાની " મંજુરી આપશો કે જેથી મ્હારા અમર આત્માનું સાર્થક થાય.–ઉપર અનુસાર માણેકચંદજીનું બોલવું સાંભળી તેમનાં માતુશ્રી અંબાબાઈ પોતાના પુત્રને નીચે પ્રમાણે સમજુતી આપવા લાગ્યાં.

(રાગ—નવિન.)

અંબાબાઈ—પ્યારા પુત્રરે વાત સુણો તમે મારી ટેક.
માણેક—માતુ મ્હારીરે આજ્ઞા આપોને આવારી.
અંબાબાઈ—વૈરાગ કઠણ છે ભારીરે, લઘુવય હજુ છે તમારીરે,
જરા જુવોને મન વિચારીરે, પ્યારા પુત્રરે.
માણેક—આ સંસાર છે દુઃખકારીરે, સહુ સ્વારથીયાં નરનારીરે,
લેઇ દિક્ષા થવું સુખકારીરે.—માતુ મ્હારીરે.
અં—આમ કોણે તને ચડાવ્યોરે, થઈ ઉતાવળો ક્યાંથી આવ્યોરે,
આવા શીદ સમાચાર લાવ્યોરે—પ્યારા.
મા—નથી કોઇએ મુંને ભરમાવ્યોરે, જુઠો જગત જાણીને આવ્યોરે,
વિતરાગ મારગ મન ભાવ્યોરે—માતુ.
અં—છોઠ બાળ બુદ્ધિ તું બાળારે, નવકર દિક્ષાના ચાળારે,
નથી માન કઠણ છે એ આળારે.—પ્યારા.
મા—રજા એમ ધરી મને આપોરે, માતુ મોહમાયાને કાપોરે,
મારે લેવો વૈરાગનો થાપોરે.—માતુ.
અં—પાણી ઉનાં પીવાં આં પડશેરે—ત્યારે વેણુ મારાં સાંભરશેરે,
પાય તાપ થકી ફડફડશેરે—પ્યારા.
મા—બધી વાત સાચી છે તમારીરે, પણ લખેલ દિક્ષા મારીરે,
તેમાં મિથ્યા ન થાયે લગારીરે,—માતુ.

અં—તેતો કહ્યું માન્યું નહિ મારૂંરે, શીદ કરોછો મનનું ધાર્યુંરે,
કરજો જતન હવે તમારૂંરે.—પ્યારા.
મા—છેલ્લે કરજો ધરમનાં કામરે, માતા લેજો જીનેંદ્રનું નામરે,
જેથી મળશે મોક્ષ તણું ધામરે.—માતુ.

દોહરો.

માતાએ સમજાવવા, કર્યો ઘણો ઉપાય;
તોપણ માણેકચંદ્રતો, જરા ન પાડી હાય.

ઉપર મુજબ અંબાબાઇએ ઘણું ઘણું કહ્યું, પણ માણેકચંદ્રનું દ્રઢ મન કોઇથી જરાપણ પલળ્યું નહિ. હવે માણેકચંદ્રને તેના ભાઇએ સગાંવહાલાંઓએ અને આડોશીપાડોશીએ ઘણું ઘણું બોલીને સમજાવા માંડયા, અને અનેક પ્રકારની ધાસ્તીઓ પણ બતાવી, પણ તેથી હિમ્મત ન હારતાં સૌને નીચે પ્રમાણે માણેચંદ્રે બોધ કર્યો.

(રાગ—માર માર તલવાર.)

ધિઃક ધિઃક આ સંસાર કહું સુણજો સહુ,
સુણજો સુણજો સુણજો સહુ—ધિઃક ધિઃક—ટેક.
મોહ માયાના બુરા હવાલે, આપણ સર્વે પડયા બહુ—ધિઃક.
માત તાત ભ્રાત સર્વ જુઠાહે, સ્વારથ અર્થે મચ્યા સહુ—ધિઃક.
ધર્મનાં બોલ કર્ણે સુણ્યાં નહિ, દુર્ગતી થાશે ચોકસકહું—ધિઃક.
જ્ઞાની ગોતીને કારજ સારૂં, આ રાત્રી દિવસ ખેદ ઉરે લહું—ધિઃક.
જ્ઞાનથહીને પુરણ પ્રીતે, તપ જપેથી તન દહું— ધિઃક.
છેલ્લો ઇલાજ હાથ આવ્યો છે, ચંદ્ર મુનિની પાસજહું—ધિઃક.
આજ્ઞા આપો હવે કૃપા કરીને, દિક્ષા લેઈ વૈરાગી થહું—ધિઃક.

દિક્ષા લેવાનાં આવાં ઉત્તમ પ્રણામ જોઈ, સહુએ મળી વિચાર્યું કે—આ હવે આપણું પાલર ડોવે તેમ લાગતું નથી, માટે ખુશીથી આજ્ઞા આપવી. એ સૌથી શ્રેષ્ટ છે. સૌએ મળી અબાબાઇને તથા માણેકચંદના ભાઇને કહ્યું કે હવે મોહમાયા છોડી દ્યો. તમે લાખો ઇલાજ કરશો તોપણ તેનું મન ખુચશે નહિ.

માટે હવે નાહક ખોટી દલીલ કરવી યોગ્ય નથી જેથી માણેકચંદને તેમની માતુશ્રીએ તથા તેમના ભાઇએ અને કુટુંબના માણસોએ દિક્ષા લેવાની આજ્ઞા આપી, અને તે સાથે તે વખતે સંયમ શુદ્ધ પાળવા વિષે ઘણી સારી સારી શિખામણ આપી. તેમનાં માતુશ્રી ચ. બાબાઈએ કહ્યું કે માગસર શુદિ ૧૩ ને રોજ હું વઢવાણ શેહેર દિક્ષા ઓચ્છવમાં હાજર રહીશ.

આજ્ઞા મળવાથી માણેકચંદ ખુશી થતા થતા વઢવાણ આવ્યા, અને મુનિશ્રી અમીચંદજી સ્વામિને કહ્યું કે—મહારાજ! મને આજ્ઞા મળી છે, અને તે બાબતની ખાત્રીનો પત્ર પણ આપને તથા અત્રેનાં શ્રાવક બંધુઓની સમક્ષ વંચાવવા વાસ્તે સામેલ છે, માટે હવે તો રવચંદભાઈ સાથે જો દિક્ષા આપો તો બડી કૃપા. ત્યારે મુનિરાજે નીચે પ્રમાણે કહ્યું,—

(રાગ—બાગ આજ સારી છે.)

સુણ માણેકચંદ બાત મારી તું પ્રીતે કરી,
નાની સુની વાત ભાઈ દિક્ષાની નથી જરી—સુણ૰ (ટેક)
હાલ તું મારી વાત માની હઠ તું મુકીદેને,
સાધુ થવું સેહેલું નથી કહ્યું તું માની લેને.—સુણ.
ઉઘાડાં માથે ચાલવું શરીરે સાદાં વસ્ત્રથી,
કરવી મધ્યાને ગૌચરી મુનિ પાસે મુડી નથી.—સુણ.

મુની માર્ગતો મુશ્કેલ છે કઠિન પાળવો ઘણો,
નથી લગાર કામનો કાચી છાતીવાળા તણો.—સુણ.

ઉપર મુજબ મુનીરાજનું બોલવું સાંભળી માણેકચંદે તેનો નીચે પ્રમાણે જવાબ આપ્યો.

(રાગ—મામા આવો જુલમ શું.)

દિક્ષા દિયો મુનિશ્રી મુંને મ્હેર કરીરે,
મુંને મ્હેર કરીરે દયા દીલ ધરીરે;
આપની વાણી છે ખરી.—દિક્ષા (ટેક.)
સંસાર ખારો, દુઃખનો ભારો,
જોઈ સ્વારથનું સહુ ગોઠે નહિ જરીરે.—આપની.
વિત્રાગદેવા, તણીજ સેવા,
કરૂં હરનિશ હવે હું તો હર્ષ ધરીરે.—આપની.
આપ કૃપાળુ દીલ દયાળુ,
આપો દિક્ષા એવું વદું હુંતો ફરી ફરીરે.—આપની.

દિક્ષા લેવાનો દ્રઢ મનસુબો જોઈ મુનિરાજે રવચંદ અને માણેકચંદની પરીક્ષા કરવા વાસ્તે વઢવાણ શેહેરના મુખ્ય શ્રાવકો પાસે રજા લેવા વાસ્તે મોકલે છે. શ્રાવકોએ તેમને નીચે પ્રમાણે કહ્યું અને તેનો જવાબ પણ બન્ને જણે નીચે પ્રમાણે સાથેજ આપ્યો.

(રાગ—ભેખરે ઉતારો.)

શ્રાવકો—રવિ, માણેક તમે સાંભળો, મુનિવ્રત તણી વાતજી;
બ્રહ્મચર્ય હમેશાં પાળવું, એ ગુણ મુખ્ય જોઈ ભાતજી,
શુભ શિખામણ સાંભળો.

રવિ, માણેક—બ્રહ્મચર્ય વૃત પાળીને, વદશું સત્યનાં વેણુજી,
નીચ નરોથી દુરે રહી, માનીશું ગુરૂજીનાં કેણુજી.
આજ્ઞા આપોને સુગ્ન શેઠીયા.

શ્રા—પાટ પથારી કરવી પડે, કોઈ દિન નહિ મળે આરજી;
કોટ મોજાં બુટ નહિ મળે, ત્યાં વાય ટાઢ અપારજી.
શુભ શિખામણ સાંભળો.

ર. મા—ગુરૂ ભક્તિ આ'ર કરીશું, ગણશું પાટ પલંગજી.
વસ્ત્ર વિવેક રૂપી ધરીશું, રહીશું ગુરૂજીને સંગજી.
આજ્ઞા આપોને સુગ્ન શેઠીયા.

શ્રા—પાણી ઉનું પીવું ત્યાં પડે, ચાલવું અણુવાણે પાયજી;
એચે નિમાળા શિરથી, તે તમે સહ્યું નહિ જાયજી.
શુભ શિખામણ સાંભળો.

ર. મા—બહુ દિન નીર ઠંડુ પીધું, કર્યું પાપ અમાપજી;
સંસારમાં સુખ નહિ જરા, જપશું જીનવર જાપજી.
આજ્ઞા આપોને સુગ્ન શેઠીયા.

શ્રા—બાવિશ પરીસહ ખમવા, એ મુનિવર તણી રીતજી;
ખડગની ધારપર ચાલવું, રાખવું શુદ્ધ ત્યાં ચિત્તજી.
શુભ શિખામણ સાંભળો.

ર. મા—સહન સરવ અમે કરશું, ધરશું અરિહંત ધ્યાનજી.
તપસ્યા પુરણ પ્રિતે આદરી, ગ્રહશું જ્ઞાનનું દાનજી.
આજ્ઞા આપોને સુગ્ન શેઠીયા.

ઉપર મુજબ શ્રાવકોએ ઘણી ઘણી રીતે સમજાવી પરીક્ષા લીધી, પણ તે બન્નેની રીતભાત અને દિક્ષા લેવાનાં દ્રઢ પ્રણા-

મથી શ્રાવકો ઘણા ખુશ થયા, અને મુનિરાજને કહ્યું કે મહારાજ આ બેઉ રત્ન છે. માટે હવે ખુશીથી બન્નેને દિક્ષા આપો. તે બન્નેનું મન મજબુત છે. એમ અમારી પકી ખાત્રી છે. કહેવત છે કે—"પુત્રનાં લક્ષણ પારણાંમાંથીજ પરખાય." તે પરથી મુનિશ્રી અમિચંદજી સ્વામિએ દિક્ષા દેવાની ખુશી જણાવી. અને માગશર શુદિ ૧૩ ને શુક્રવારે દિક્ષા દેવાનું બેઉનું મુકરર થયું. બીજી બાજુ શ્રાવકો તરફની બન્નેના વરઘોડાની સામગ્રી થવા લાગી. આ પુસ્તકનો લખનાર (પ્રકાશક) માસ્તર જે. એન૦. શાહ લખે છે કે, આવો સુશોભિત વરઘોડો મેં મ્હારી ૨૯ વીશ વર્ષની વયમાં કોઈ વખ્ત જોયો નથી. જો હું તે વરઘોડા વિષેનું તથા આભૂષણ વિષેનું સવિસ્તર બ્યાન કરવા બેસું તો બેશક એક જબરો ગ્રંથ ભરાય જેથી ટુંકામાં વરઘોડાનું વર્ણન નીચે મુજબ નિવેદન કરૂં છું.

(રાગ. વાલમ વેલા પધારજોરે.)

શુભ સ્થાન વઢવાણ શહેરમાંરે, થયો દિક્ષા ઓચ્છવ સારહો લાલ;
વર્ણન ટુંકામાં તેહનુંરે, સુણજો સરવે નરનાર હો લાલ.
વરઘોડાનું વર્ણન શું કરૂંરે.
કાળીદાસ ઠાકર રહીશ છેરે, સુત તેનાં રવચંદ હોલાલ;
સંસાર છોડીને દિક્ષા ગ્રહુરે, ધરી મનમાં આનંદ હોલાલ—વરઘોડા.
અંબાબાઈ ચુડા રહીશ છેરે, પુત્ર તેના માણેકચંદ હોલાલ;
તેહપણ છોડી સર્વનેરે, લહી દિક્ષા છોડયા ફંદ હોલાલ. વર.
ઘણાં ઘણાંએ સમજાવીયારે, તોપણ માન્યું નહિ લગાર હોલાલ;
ધ્યાન ધરવા વિવામનુંરે, ધર્યો વૈરાગ નિરધાર હોલાલ. વર.

ઉત્તમ અમિચંદ મુનિશ્રીરે, ગચ્છ દરિયા પુરી માંહી હોલાલ;
તેહ પાસે દિક્ષા લેઇનેરે, થયા પુણ્ય સુખદાઈ હોલાલ. વર.
સુગ્ન વઢવાણ શેહેરના શેઠીયારે, કર્યા દિક્ષા ઓચ્છવ સાર હોલાલ.
શોભા વર્ણવી જાએ નહિરે, ખર્ચ્યા પૈસા ધરી પ્યાર હોલાલ. વર.
સાબેલાતો છ ચડાવીયારે, તેની શોભાનું બિયાન હોલાલ;
સુણો સ્વધર્મી બધુ વ્હેનોરે, રાખી બરાબર ધ્યાન હોલાલ. વર.
નાનજી[1] હીમાને ઘરે થકીરે, પેહેલું મુરત સુખકાર હોલાલ;
સાંબેલો શોભાથી ચાલીયોરે, નીર્ખે ધારી નરનાર હોલાલ. વર.
બીજો સાબેલો શુભ ડેળથીરે, સુંદરજી કુંવરજીને ઘેર હોલાલ;
બેન્ડ વાજાં ઢોલ નાદથીરે, શોભે શાણું વઢવાણ શેહેર હોલાલ. વર.
ત્રીજો વરઘોડો હોંશે ભર્યોરે, ગાંધી ચાંપશી મકન ઘેર હોલાલ;
પુરી પ્રિતે શેહેરમાં ફેરવ્યોરે, જોઈ થાયે લીલા લ્હેર હોલાલ. વર.
ઝુંઝાભાઈ વેલશીનાં ઘેરથીરે, ચોથો વરઘોડો શ્રીકાર હોલાલ;
પૈસો પુરી હોંશે વાપરીરે, ફેરવ્યો શેહેર મોઝાર હોલાલ. વર.
લધુધરમશી ભાઈને ત્યાં થકીરે, પાંચમો વરઘોડો દિપકાર હોલાલ;
ઇંદ્ર ઇંદ્રાણી દેવ દેવતારે, નીર્ખે આકાશે તે વાર હોલાલ. વર.
છઠો દાદભાને ત્યાં થકીરે, તેની શોભા સુરજ કોડ હોલાલ;
બહુ દીપે બેઉ બાળકારે, રામ લક્ષ્મણની જોડ હોલાલ. વર.
એવી રીતે પુરી પ્રીતથીરે, નીકળ્યા વરઘોડા છબ હોલાલ;
ઘણ દ્રવ્ય ખરચ્યું શ્રાવકેરે, રવિ, માણેક ગુણિયલ હોલાલ. વર.
આવી શોભા કોઈ વખતમાંરે, થઈ નોતી એકેવાર હોલાલ;
ઢોલ ત્રાંસા વાજાં ઘોરથીરે, ઉપમા ઇંદ્રપુરી અનુસાર હોલાલ. વર.
આવ્યાં પરદેશી બહુ શ્રાવકોરે, કરી પુષ્કળ બરદાસ હોલાલ;
ઘણ ખાંતેથી જમાડીયારે, ધરી મનમાં હુલ્લાસ હોલાલ. વર.

ધન્ય રવિ માણેકચંદ્રનેરે, છોડયો શિશુ વયમાં સંસાર હોલાલ;
દિક્ષા લેઇને મુનિ થયારે, ધરી હર્ષ ઉર અપાર હોલાલ. વર.
તુલસીરામ, હાથીજી, મોતીજીરે, પુરશોત્તમજીની પાસ હોલાલ;
દિક્ષા સમે એ મુનિ હતારે, ગમિ ઉત્તમને હુલ્લાસ હોલાલ. વર.
ગચ્છ દરિયાપુરી દિપિયોરે, દિપ્યા દરિયાપુરી જન હોલાલ;
સદા વૃદ્ધિ થાય તેહમાંરે, એવું ઇચ્છો સર્વે મન હોલાલ. વર.
માગશર માસ શુદિ ૧૩ મીરે, બાવન સાલ શુક્રવાર હોલાલ;
શુભ ચોઘડીયે દિક્ષા ગ્રહીરે, થયા બન્ને અણગાર હોલાલ. વર.
ક્રિસ્ત અઢારસેં પંચાણુંમાંરે, તારીખ ઓગણત્રીસમી સાર હોલાલ;
માસ ડિસેંબર દિપતોરે, થયો મહોત્સવ તે વાર હોલાલ. વર.
પોળ શીયાણીની બારણેરે, જીવા ગઢવીના કુવા પાસ હોલાલ;
ગામ મેમકાના મારગેરે, શોભે વડ ફુલવાડી ખાસ હોલાલ. વર.
"દિક્ષા ઓચ્છવ" બુક હર્ષથીરે, રચી મેં તો ધરી વ્હાલ હોલાલ;
સેવક જીવો મુખેથી વદેરે, થયો ઝાક ઝમાળ હોલાલ. વર.

સદરહુ બુકનો મેકર માસ્તર જે૦ એન૦ શાહ નમ્રતા પૂર્વક વાંચનારને વિનંતિ કરે છે કે મેં મારી નજરે ફક્ત છેલ્લા બે વરઘોડા જોયા છે. ચાર દિવસ હું મોડો જઈ પહોંચ્યો હતો. જેથી પહેલા ચાર વરઘોડાનું વર્ણન મેં મારી અલ્પમતિ અનુસાર કરેલ છે. તો તેમાં થયેલ ભુલચુક ક્ષમા કરશો. જો હું અઠવાડિયા અગાઉ જઈ પહોંચ્યો હોત તો અલબત આ બુકમાં વિશેષ હકિકત દાખલ કરત. પણ "લાચાર" કારણ—આંહીની (સાયલાની) તાલુકા સ્કુલમાં મેહેરબાન ઝાલાવાડ પ્રાંતના સવસાહેબ કૃષ્ણલાલભાઇ ગોવિંદદાસ મહેતા ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ બહાદુર વાર્ષિક

પરીક્ષા લેવા પધાર્યા હતા. જેથી મારા તાબાનો વર્ગ પસાર થયા પેહેલાં મારાથી ત્યાં જઈ શકાયું નહોતું. હું અને મારો મિત્ર મિ. જગજીવનદાસ સોમચંદ શાહ તા. ૨૮–૧૧–૯૫ ને રોજ દિવસનો ૧૧ા વાગતાં વઢવાણ શેહેર જઈ પહોંચ્યા. તે વખતે શેહેરમાં ધવળ મંગળ વર્તાઈ રહ્યું હતું. ચોતરફ ઢોલ, ત્રાંસા, વાજાં અને સ્ત્રીઓના સુંદર ગીતના અવાજ સાંભળવામાં આવતા. મારા મિત્ર મિ૦ જગજીવને તે વખતે મને નીચે પ્રમાણે કહ્યું તેનો મેં છેલ્લી બે લીટીમાં નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો.

(મનહર.)

રેશમી કીનખાપતણી સાડીઓ ઓઢીને સારી,
આ ભુષણ ઉમદાથી આ તે કોણ આવે છે.
ઈંદ્રાણી કે અપસરા તુલ્ય ડ્રેસ મારી આવે,
સશી તુલ્ય શોભા જીવાભાઈએ જણાવે છે.
શુભ શબ્દ થકી તેહ મુખમાંથી બોલે કાંઈ,
સંસય મટાડો આ તે શોભા શેની થાવેછે.
(જીવો) સુણો મિત્ર મારા કહું એ તો છે શ્રાવિકા બ્હેનો.
વરઘોડા વાંહે એહ ગીત રૂડાં ગાવે છે.

અમે પણ ત્યાંથી ચાર વાગ્યા સુધી વરઘોડાની સાથે વઢવાણ શેહેરમાં ફર્યા. બરાબર ચાર વાગતાં વરઘોડો શેહેરમાં ફરી ઉપાશ્રયમાં આવ્યો. આ વખતે પુષ્કળ માણસની ઠઠ જામી હતી તે વખતે ઉપાશ્રયમાં મ્હારા તરફથી કેટલીએક મુનિ મહારાજના ગુણગ્રામ વિષેની, તેમજ સદગુરૂ રવચંદ્ર તથા માણેકચંદ્રની હિમ્મતની, અને બીજી ઉપદેશી લાવણીયો સાથે ધર્મની સમજ

એક ધર્મ સબંધમાં ભાષણ કરીને આપી હતી. ત્યાર બાદ સારી રીતે ખુલ્લા હાથથી પતાસાં વિગેરે આવેલ સજ્જનોને ખુશાલીમાં આપ્યા બાદ વરઘોડો અને સર્વ માણસો સાસાના ઠેકાણે ગયા. બીજે દિવસે માગશર શુદિ ૧૩ ને શુક્રવારે તો દિક્ષા આપવાનું મહુરત હતું. જેથી તે દિવસ સવારમાં પ્રખ્યાત મરહુમ શેઠ માણેકચંદભાઈ ઉર્ફે દાદભાને ત્યાં આવેલ માણસોને જમાડી લેવામાં આવ્યા હતા, અને દશ વાગતાં તો પાછો વરઘોડો પણ ચડાવ્યો. તે પૂર ભપકાથી આખા શેહેરમાં ફેરવવામાં આવ્યો. અમારી સાથેના જે જે સોબતીયો હતા, તે શિયાણીના દર ાજેથી અમારાથી ખુબ ઉતાવળા ચાલી જુદા પડવા લાગ્યા. ત્યારે મેં (આ ગ્રંથ કર્ત્તાએ) તેઓને પૂછ્યું કે, આમ દોડવાનું કાંઈ પ્રયોજન! ત્યારે તેઓએ મને જવાબ આપ્યો, કે ઉતાવળા ચાલો. ઉતાવળા ચાલો. સત્વર આપણે દિક્ષા સ્થળમાં જઈ બેશી જઈએ કે જેથી આપણને જોવાની અચ્છી ગમ્મત આવે. જો ધીમે ધીમે વરઘોડા સાથે ચાલશું; તો પછી ત્યાં બેસવાનો માર્ગ નહિ મળે. તેટલા માટેજ જુઓ! આ માણસો દોડે છે. જેથી મેં કહ્યું છે ચાલો ત્યારે આપણે પણ સત્વર ચાલીયે. હું જરા ઉતાવળો ચાલ્યો ત્યાં પછવાડે રહેલા મ્હારા દોસ્ત મિ૦ જગજીવને મને બૂમ મારી કહ્યું કે, કેમ દોડો છો. વરઘોડો તો હજુ દુર છે. પણ હું તો સદરહુ કારણથી વાકિફ થયો હતો જેથી મ્હારા મિત્રને તાકીદે ત્યાં બોલાવ્યા ને ખુબ જુસ્સાથી ઉતાવળા ચાલતાં ચાલતાં મેં નીચે પ્રમાણે કહ્યું.

(રાગ—અમારે નિર્ધનનું ધન રામ.)

શિયાણી પોળે જઇએ ચાલોને ભાઇ (૨) ટેક.
આજ દેખાવ આનંદે ભર્યો છે, ભાગ તે માંહે લઇયે.—ચા. શિ.
જીવાંગઢ વીના કુવાની પાસે, વડની નીચે જઇયે:—ચા. શિ.
મેમકાના માર્ગે સર્વે ચાલે છે, હોંશ જેને છે હૈયે—ચા. શિ.
સર્વ સાધુજી તિહાં બેઠા છે, દર્શન આપણું લઇયે.—ચા. શિ.
વળી જુઓ એ તંબુ તાણ્યા છે, જોઇ આશ્ચર્ય થઇએ.—ચા. શિ.
સહરહુ કારણ જાણવા માટે, પૈસા બેઠા ત્યાં રઇયે—ચા. શિ.
ગાડીમાં બેશી રવિને માણેક. જુઓ આવે છે અહિંયે.—ચા. શિ.
નક્કી એ સ્થળે વરાગ લેશે, ધન્ય તે એને કહિયે.—ચા. શિ.

ઉપર મુજબ વાતો કરતા કરતા અમો સર્વ દિક્ષા સ્થળે પહોંચ્યા. તે ઠેકાણે તો અવ્વલથીજ દરિયાપુરી ગચ્છના મુનિશ્રી પુરુસોત્તમજી, અમિચંદ્રજી, ઉત્તમચંદ્રજી, હાથીજી, મોતીજી, અને નાના પુરૂષોત્તમજી એ સિવાય લિંબડી સંઘાડાનાં તેમજ ગોંડળ સંઘાડાનાં પણ ચાર થાણા પધાર્યા હતા. માણુસોનો જબરો સમુદાય એકઠો મળ્યો હતો. હું અને મ્હારો મિત્ર વિગેરે મુનિરાજને વિધીપૂર્વક વંદના કરી તેમજ સર્વને સુખશાતા પુછી સારી જગોપર બેઠા. એવામાં તો રવિચંદ્ર અને માણેકચંદ્રને લઇને ગાડી ત્યાં આવી પહોંચી. આ વખતે સહરહુ બન્ને જણના ડ્રેસની તેમજ આભૂષણની અને સિકલની શોભા અલૌકિકજ હતી. તેમણે ગાડીમાંથી ઉતરી સર્વ મુનિરાજને યથાયોગ્ય (ઉઠ બેસ કરીને) વંદના કરી સુખશાતા પુછી. આ વખતે વઢવાણ શેહેરમાં તો કોઇક જવલ્લે માણુસ રહેલ છે. કારણ આખું વઢવાણ શેહેર ત્યાંજ હા-

જર હતું. તે ઉપરાંત વઢવાણ કેમ્પ તેમજ આજુબાજુના તમામ ગામનાં માણુસો તે ઠેકાણે જોવા મળ્યાં હતાં. વળી આ વખતે વઢવાણ કાંપમાંથી તેમજ વઢવાણ શેહેરના મ્હોટા મ્હોટા ઓફિસર અને યુરોપિયન જેવા અમલદારો પણ જૈનધર્મની રીતભાતથી વાકિફ થવા માટે પધાર્યા હતા.—આ વખતે રવચંદ તરફથી તેમના પિતાશ્રી કાલીદાસ મેહેતા અને તેમના ભાઈ ટપુચંદ અત્રે હાજર હતા. જેથી તેમની અને માણેકચંદ્રના માતુશ્રી અંબાબાઇ અને તેના ભાઈ શીવલાલ અત્રે હાજર હતા. જેથી તેમની મહારાજે સર્વની સમક્ષ દિક્ષા દેવાની પરવાગી મેળવી, તેમજ પધારેલા શ્રાવક શ્રાવિકાની પણ મુનિરાજે આજ્ઞા લીધી. જેથી સૌએ ઘણા આનંદની સાથે દિક્ષા આપવાની મંજુરી આપી. તે વખતે માણેકચંદ્રની મા અંબાબાઇએ મુનિરાજને પોતાના પુત્રની નીચે પ્રમાણે ભલામણ આપી.

(રાગ—ધોળ.)

મારા લાડકવાયા પુત્રને, હું તો સોંપું છું આપને હાથ,
હવે તમસાથ, સાચવજો સ્નેહથી.
એને ખરો આધાર હવે આપનો, માટે રાખજો પુત્રની તુલ્ય,
રત્ન એ અમૂલ્ય—સાચવજો સ્નેહથી.
કદી ખીજી નથી હું તો એહને, હજુ બાળક છે એ મહારાજ,
થોડું દેજો કાજ.—સાચવજો સ્નેહથી.
એને રાજી રાજી સદા રાખજો, તપસ્યા કરવા દેશો નહિ આપ,
ખમે નહિ તાપ—સાચવજો સ્નેહથી.
સદા વે'લું વે'લું ખવરાવજો, લાવી દેજો ભાવે તે ભોજન,
ખુશી રાખી મન—સાચવજો સ્નેહથી.

થોડે થોડે એને જ્ઞાન આપજો, નહિતર મુંઝાશે એ નકી પુત્ર,
શીખવજો સુત્ર—સાચવજો સ્નેહથી.
કોઈ વહોરાવે આ'ર, પાણી, પાતરાં, હું તો વહોરાવું છું મુજબાળ,
લેજો સદા ભાળ.—સાચવજો સ્નેહથી.
એના વિના પળવાર ચાલે નહિ, એવી પુત્ર સાથે મારે પ્રિત,
લાગી મુજ ચિત્ત.—સાચવજો સ્નેહથી.
હવે હરવું ફરવું મને નહિ ગમે, મને નહિ ગમે કરવું કાંઈ કામ,
રટું પુત્ર નામ.—સાચવજો સ્નેહથી.
છેલ્લે સ્તુતિ કરી કહું આપને, એનું મન કરજો મજબૂત,
જાણી નીજ સુત.—સાચવજો સ્નેહથી.
રહે સંવદા સુખને શાંતિમાં, એવી આશિષ આપું અપાર,
પુત્રને આવાર.—સાચવજો સ્નેહથી.

આ બાબતનો મુનિરાજ મહારાજ તરફથી ફક્ત એટલોજ પ્રત્યુત્તર આપવામાં આવ્યો કે, બ્હેન ! જીનેશ્વર દેવનું રટણ કરો, મોહ માયા મુકી દયો, ધર્મને પ્રતાપે સારૂં થશે. ચિંત્તા દૂર કરો. બાદ પછી બેઉનાં ડોકમાંથી વિગેરે અવયવો ઉપર જે શૃં-ગાર હતો, તે ઉતારી લેવામાં આવ્યો. ને દિક્ષા આપવાના તંમ્બુમાં લઈ જવામાં આવ્યા. ત્યાં ધર્મ ક્રિયા અને દિક્ષા વિધી વિગેરે રા-બેતા પ્રમાણે શુભ ક્રિયા બજાવી. (કરાવી.) ત્યાંથી મુનિનાં જેવાં સાદાં વસ્ત્ર પેહેરાવી સભામાં લાવવામાં આવ્યા. તે વખતે તે બે-ઉનો દેખાવ જોઈ કાચી છાતીવાળાં સ્ત્રી પુરૂષોનાં મુખ તો રડવા જેવાં થઈ ગયાં હતાં, અરે ! થઈ જાય તેમાં નવાઈ શી ! કારણ જે એક કલાક ઉપર તો લહેરીયા કુંવર જેવા હતા, તે એકદમ બ-

ગવાં ધારણ કરે, ત્યારે કેવો દેખાવ લાગે, તેનો વિચાર વાંચનાર સાહેબોજ કરો ! પણ ધન્ય છે રવચંદ્ર અને માણેકચંદ્રને કે તેમનાં મુખ તો હસી રહ્યાં હતાં. જાણે દિવાળીનો દિવસ હોય નહિ ! તે બન્ને જણે યથાઘટિત (વિધિ પૂર્વક) સર્વ મુનિશ્રીને વંદના કરી, સુખ શાતા પુછી, ને ત્યાર બાદ તમામ સ્ત્રી પુરૂષને હાથ જોડીને કહ્યું કે-હે શ્રાવક બંધુઓ અને શ્રાવિકા બ્હેનો ! આજ દિન સુધીમાં તમોને કાંઈ પણ બાબત કહ્યું કાવ્યું હોય તેમાં તમોને કાંઈ પણ ખોટું લાગ્યું હોય વિગેરે વિગેરે બાબતો કહી સૌને તસ્થ મિચ્છામિ દુકડં: કહી ખમાવ્યાં. (અભરામકુલ નદાવા માફક) ને પછી પોતાનાં યોગ્ય આસનપર વિરાજમાન થયા. ત્યાર બાદ મુનિ મહારાજ શ્રી અમિચંદ્રજી સ્વામિએ સૌને સંસારની મોહમાયા કેવા પ્રકારની છે તે વિષે ઘણાં ઘણાં અમૂલ્ય દ્રષ્ટાંતો સહિત દેસનાં આપી. તેથી ઘણાં ઘણાં માણસોએ અનેક પ્રકારની બાધાઓ લેઈ વ્રત પચખાણ કર્યાં. તે પૂર્ણ થયા બાદ મળેલ માણસોએ આ બન્ને શિષ્યોને (લઘુ મુનિવરોને) ઓછામાં ઓછી કુલ્લ કિમ્મતે મહારાજશ્રીએ નાના પાડતાં છતાં લગભગ ૧૦૦૦ એક હજાર રૂપીયાના રેશમી રૂમાલો ચાદરો વિગેરે ઘણા પ્રકારનાં તેઓને યોગ્ય કપડાં વહોરાવ્યાં, અને લગભગ ૨૦૦૦ બે હજાર રૂપિયાની કિમ્મતનાં ઘણાં જ ઉમદાં જુદાં જુદાં પુસ્તકો વહોરાવ્યાં. તે ખલાસ થયા બાદ પધારેલા મુખ્ય શેઠીઆઓએ સદરહુ બન્ને લઘુ મુનિવરને નીચે પ્રમાણે કહ્યું.

(રાગ—જોઈ જંગલ આ ભારી.)

મુનિ અર્જ હમારી, અર્જ હમારી લ્યો ઉરમાં ધારી, મુનિ અર્જ હમારી.

એ ટેક.

મોહ માયાને કપટ કાપી, થયા સંયમધારી, સંયમધારી લ્યો ઉરમાંધારી.

મુનિ અર્જ હમારી.

ગુરૂ ભક્તિમાં લિન રહીને, કર્જો કર્મ વિચારી (૨) લ્યો૦ મુનિ૦
શુદ્ધ હૃદયથી સદા રહીને, લેજો જ્ઞાન અપારી (૨) લ્યો૦ મુ૦
સિદ્ધાંત વાચિ સ્તુત્ય જાણીને, શોધો સ્વર્ગની બારી (૨) લ્યો૦ મુ૦
સશી તુલ્ય શિતળતા ગ્રહો, ક્રોધ કશાય મારી (૨) લ્યો૦ મુ૦
ગુરૂ ભક્તિમાં દિન રાત્રી રહો, વળીએજ આ વારી (૨) લ્યો૦ મુ૦
ધર્મ વિના બીજે ધ્યાન ન ધારો, એવી વિન્તી હમારી (૨) લ્યો૦ મુ૦

ઉપર પ્રમાણે શ્રાવકોનો બોધ સાંભળ્યા બાદ સદરહુ બન્ને લઘુ મુનિજીએ ત્યાં પધારેલ સર્વ જનોને નીચે પ્રમાણે સુશિક્ષા આપી.

(રાગ—અચાનક.)

સુણો જૈન બંધુ બ્હેનો છેલ્લી એક વાત,
સંસારની બાજી સર્વે ખોટી છે સાક્ષાત.—સુણો૦ ટેક.
કાળ ચક્ર સર્વ માથે ફરે દિન રાત,
તેહ લઈ જતાંવાર લગાડે ન છાત— „
બાઈ ભાંડું માત તાત સ્વપ્નાની બાજી,
તેહને જોઈને કેમ બનોછો રાજી— „
કર્મે તે ભોગવશે એવો અનાદી છે ચાલ,
તેથી ધ્યાને ધર્મ ધારો લાવી બહુ વહાલ— „
ઝાકળનું જળ જેવો પાણી પરપોટો,
વાદળાંની છાયા તુલ્ય દેહ છે ખોટો— „
વિજળી ચળકાટ જેમ રહે પળવાર,
તેમ આ જીવને જતાં તેટલીજ વાર— „

અતિ મોહ માયા નક્કી નર્કે લઈ જાય,
આખર વખતે કોઈ સગું નવ થાય— „
વિતરાગ વચન સદા ધ્યાન રાખવાં,
કુમતિને કાપવા ઉપાય દાખવા— „
સ્વધર્મિ અને સહુનું શુભ ઇચ્છજો,
સાધુ સંતને વહોરાવી આનંદી થજો— „
નીચ કાર્ય નિંદા તેથી દુરે ચાલજો,
કામ, ક્રોધ, લોભને મમત ટાળજો— „
છેલ્લે ખમાવીને કહી એટલીજ વાત,
જીવ દયા, નીતિ નિત્ય રાખવીજ ભાત— „

આર બાદ સ્વચંદજીનું નામ બદલીને તે વખત "ઋદ્ધિચંદ્રજી" આપ્યું અને માણેકચંદ ઉપરથી "માણેકચંદ્રજી" આપ્યું. તેવામાં ઘોડાગાડીને જોડેલો એક ઘોડો વારંમવાર તે જગોએ જમીનપર પગ પછાડયા કરતો હતો તે ઉપરથી મ્હારા ફ્રેન્ડે મને પુછ્યું આ ઘોડો જરૂર કોઈકને લગાડશે માટે કોચબીન જરા ચાબુક બતાવે તો હબકારા કરતો રહે નાહક એ હય કંટાળો આપે છે. તે વખતે મેં મ્હારા પ્રિય મિત્રને નીચે પ્રમાણે કહ્યું.

મનહર.

ખાવા, પીવા, વિવાહ, તણી વાતો વિસરી જવાય,
વાર તેહેવાર ઘણાં ઘણાં વિસરાય છે.
જન્મની તારીખ તણી યાદી પણ જતી રહે,
પણ કાંઈક સમાચારો સરતથી જાય છે.

સુણો પ્રિય મિત્ર કહું વાત ઉર આણી પ્યાર,
હયનું કારણ હાલ નિરાળું જણાય છે.
પગને પછાડી એહ યાદીતો આપે છે એમ,
જગો આ સંભારવાને પગ પછડાય છે.

હે મ્હારા વહાલા દોસ્ત ! એ બિચારા પશુને કાંઈ વાચા છે. માટે તે બિચારો ઘોડો પગને પછાડીને આપણુને ઈશારતમાં એમ સમજાવે છે કે—હે ભાઈઓ આ પવિત્ર જગો હમેશાં યાદ કરજો. (મતલબ કે આ જગોપર જે જે અમૂલ્ય—શિક્ષા મળી છે તે ભુલી ન જતાં બરાબર યાદ કરજો.)

દિક્ષા આપીને તો વઢવાણ શેહેરમાં ન રહેવાય માટે તે દિવસ તે જગોએથી મુનિશ્રી અમિચંદ્રજી સ્વામિ, તથા ઉત્તમચંદ્રજી સ્વામિ, તથા નવલ દિક્ષિત સદરહુ લઘુ મુનિશ્વરો ત્યાંથી બે મઈલ દુર મેમકા કરીને ગામ છે ત્યાં પધાર્યા. બાકી બીજા મુનિરાજ શેહેરમાં પધાર્યા. તે વખતે તમામ એકઠા મળેલ માણસોને ભાવે તેટલું સાકરનું પાણી પાયું, અને બીજી તરફ પતાસાં દેવા માંડયાં. સૌ માણસો હરખાતાં હરખાતાં શેહેરમાં ગયાં. તે વખતે બહાર જે ખરચ થયું તેનો અડસટો.

(ચોપાઈ.)

આતો ટુંકામાં કહુંછું વાત, એવું ખર્ચ થયુ કાંઈક ભાત,
પુસ્તક જોડ હજારનાં થયાં, મુનિરાજને હોંશેથી ધર્યાં.
રેશમી રૂમાલ ને બીજાં ચીર, તેહ પણ હજારનાં વીર,
વહોરાવ્યાં બે શિષ્યને મિતે, લાવી હર્ષ અતિશય ચિતે.
સત્તર મણ સાકરનું પાણી, બહાર જોયું ઓળખાણી એ વાણી;

પતાસાં મણ પંદર થયાં, ફક્ત વેંચ્યામાં એટલાં ગયાં.
બાકી ખર્ચનો રહ્યો ન પાર, નાના મુનાનો આમાં શું બાર;
ધન્ય તેહ શ્રાવકોને રંગ, જોઈ જીવાને થયો ઉમંગ.

દિક્ષા મહોત્સવના પ્રસંગપર જે જે સાહેબો ત્યાં પધાર્યા હતા તેમને ખાવાનું નીચે પ્રમાણે જમણુ આપવામાં આવેલું હતુ તે વસ્તુની યાદી. (જુજ વાત.)

(ચોપાઈ.)

કહું જમણુની વાત ભાત, ભોજન રચ્યાંતાં ભાતેરે ભાત,
સર્વે બ્યાન કહું ધરિ પ્રિત, સુણો રાખી બરાબર ચિત્ત;
મીઠું મર્ચું ભભરાવી ન કહું, જે જે જમ્યો તેનાં નામ દહું,
મેસુબ, મગસને વળી લાડુ, લ્યો લ્યો કહીને નાંખતા ત્રાડુ.
પેંડા, બરફીને, દુધપાક, જાત અનેકનાં હતાં શાક,
શીરો સાકરનો બહુ સારો, તેનો સ્વાદ હતો અતિ ન્યારો;
હલ્વો, શિખંડ, બાસુદીપુરી, મિલ્ક મળતાં ભેંસોનાં જુરી,
પાંચ જાતનાં પાપડ સાર, ખાતાં આવતો અત્યંત પ્યાર.
ભજીયાં ભાત ભાતનાં કર્યાંતાં, મિઠા મર્ચાંથી તેહ ભર્યાંતાં,
કમોદ ઉંચીનો કર્યો તો ભાત, દાળ જમતાં આવતી ખાંત;
ડાળાં, કેરી, લિંબુનાં અથાણાં, મર્ચાં ગુંદાનાં ભર્યાંતાં ભાણાં,
આદુ, કેરાં ને કાચરી સારી, સ્વાદ સેલરાંનો હતો ભારી.
ડાળ, સોપારી, એલચી, પાન, ખાઇ કર્તાં સહુ ગુલતાન,
ત્યાંથી વરઘોડા સાથેરે જાતાં, ત્યાં તો ખુશી ખુશી બહુ થાતાં;

કુવા સાકરીયાનું રે પાણી, પીધું સરવે ખૂબ વખાણી,
વાહ ! વઢવાણ શેહેર નિવાસી, પડી મજા જીવાને આં ખાસી.

આગેવાન ગૃહસ્થોનાં નાંમ અને ધન્યવાદ વિષે.

દોહરા.

આ ઓચ્છવનાં કામમાં, પુરણ ભીડી હામ,
તે શ્રાવકનાં આ નીચે, આપું છું હું નામ;
સુત કેશવજી ભાઇના, મરહુમ માણેકચંદ,
પૈસો પુરણ વાપર્યો, ધરી અતી આનંદ.
આગેવાની આદરી, દેવજી ગોકળદાસ,
બેન્ડ વાજાં ઇત્યાદિમાં, કર્યો ખર્ચ હુલ્લાસ;
ઝુંઝાભાઇના પુત્રનું, મલુકચંદ છે નામ,
વરઘોડામાં હર્ષથી, ખરચ્યા છે બહુ દામ.
ભાત ભાતનાં ભોજનો, કર્યાં અતિશે સાર,
ખાંતેથી જમાડિયા, લઇ હૃદયમાં પ્યાર;
ગાંધી જે શાહ દેવચંદ, થઇ અતિ દાતાર,
સંભાળ લીધી સ્નેહથી, પરણાંની હરવાર.
દોશી ખીમચંદ ભાઇ જે, ઝવેરચંદના પુત્ર,
સંભાળ રાખી સર્વની, વહોરાવ્યાં બહુ સુત્ર;
ખુબ ખાંતે જમાડીયો, શ્રાવકનો સૌ સાથ,
હરજી દોશી હોંશથી, મળે ભીડીને બાથ.
કુંવરજી વોરા તણું, સુત સુંદરજી નામ,
બંદોબસ્ત રાખીને, કર્યાં સુધારા કામ;

ધરી ઉલટ બહુ ધર્મમાં, નેચંદ નરશી નામ,
તલકશીભાઈ તાકોદે, કરે ગચ્છનું કામ.
વોરા થાવર ભાવચંદ, પશુ પક્ષિ પ્રતિપાળ,
ખોજા ઢોરનાં કામમાં, સદા સહિ સંભાળ;
વિશ્વ વખાણે તેહને, ધરે જીવપર પ્યાર,
પાંજરા પોળનાં કામમાં, સાથ તેની હરવાર.
ધન્ય સુત ભાગચંદ્રનાં, ધન્ય માતને તાત,
પરમારથનાં કામમાં, ઘુંજ ખરચ્યું ભાવ;
નાનજી હીમા સર્વને, નિર્ખી હર્ષિત થાય,
શ્રાવિકા બ્હેનો સહુ, ગીત રૂડેરાં ગાય.
શ્રમ લીધો સહુ શ્રાવકે, ધરી અતિ આનંદ,
ધન્યવાદ આપે સદા, જીવરાજ નીમચંદ.

દોહરો.

ઓચ્છવ માણેકચંદ્રનો, પૂર્ણ કર્યો ધરી પ્યાર;
હવે સુધાકર સ્વામિનો, સુણો સહુ અધિકાર.

सामचं[illegible] सुधाकर स्वामिनुं दिक्षा महोत्सवनुं वर्णन.

દોહરો.

સજ્જન સુણો સ્નેહથી, પ્રિત થકી મુજ વાત;
આ પુસ્તકને વાચતાં, સુખ મળે ભલી ભાત.

સદરહુ મુનિનો જન્મ સંવત ૧૯૨૯ માગસર શુદિ ૫ ને રોજ વડોદરા જીલ્લાના ગામ ખેરડા મધ્યે થયો હતો. તેઓ જ્ઞાતે ભાવસાર છે, તેમના પિતાજીનું નામ પાનાચંદભાઈ અને માતાજીનું નામ માણકુરબાઈ છે. તેહ (સોમચંદ્ર) સંસાર અસ્થિર લાગવાથી પોતાના મનમાં નીચે પ્રમાણે વિચાર કરે છે.

(રાગ—ધનાશ્રી ગજલ.)

દુઃખે ભર્યો સંસાર, અતિશે દુઃખે ભર્યો સંસાર.
તજું હું આ વાર, અતિશે દુઃખે ભર્યો સંસાર.
મોહ માયામાં વશ થયો હું, ધિઃક ધિઃક ગમાર. અતિશે.
સ્વારથની છે સરવે બાજી, છોડી દઉં આ વાર. ,,
માત તાતને માલ ખજાનાં, સાથે નહિં થનાર. ,,
ઝાળકનાં પાણીની પેઠે, પલમાં નાશી જનાર. ,,
તજું તે આ વાર. અતિશે.

એવી રીતે રાત્રી દિવસ ચિંતવન કરી ગમગીનપણે દિવસ નિર્ગમન કરે છે. તેવામાં મુનિ મહારાજશ્રી અમિચંદજી સ્વામિ, તથા બા૦ બ્ર૦ રૂષિશ્રી ઉત્તમચંદજી તેમજ નવલ દિક્ષિત લઘુમુનિશ્રી લક્ષ્મિચંદજી અને માણેકચંદજીનો સમાગમ થયો. તેથી સદરહુ સોમચંદ્ર તેમની સાથે રહી અભ્યાસ કરવા લાગ્યા ને ફરતા ફરતા શ્રી સાયલે પધાર્યા. ત્યાં લગભગ એક માસ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. ત્યાંથી વિરમગામ પધાર્યા. તે વખતે સોમચંદજીએ મુનિમહારાજ શ્રીઅમિચંદજી સ્વામિને કહ્યું કે, સાહેબ? હવે મને આમતે આમ અમસ્થો ક્યાં સુધી ફેરવશો. માટે આપ કૃપાવંત કૃપા કરી વૈરાગ્ય આપો. ત્યારે

મહારાજશ્રીએ જવાબ આપ્યો કે તમારા માત, પિતા, ભ્રાત, કુટુંબ કબિલાની દિક્ષા દેવાની આજ્ઞા લાવો કારણ રજા મેળવ્યા સિવાય અમારાથી દિક્ષા ન દેવાય. તેથી સોમચંદ્ર ત્યાંથી બીજે દિવસ પોતાને ગામ ગયા અને પોતાના માત, પિતા અને સહુ કુટુંબને નીચે પ્રમાણે નમ્રતા પુર્વક વિનંતિ કરી.

(રાગ—આજ દાદાજીના દેશમાંરે.)

સંસાર બાજી છે જુઠડીરે, તેમાં લપટાયા ભાઈ; } ટેક.
દુઃખ થશે અંતે એહથીરે, માટે ચેતાય કાંઈ. સંસાર.
મહી મધ્યે મોહ જાળ છેરે, સહુ સ્વાર્થની સગી;
સ્વારથે કહે મારાં માહરાંરે, દામ હોય ત્યાં લગી. ,,
સંયમ લેવો છે મ્હારે સ્નેહથીરે, લેવા મોક્ષનું ધામ;
તેહ વિના સર્વ વ્યર્થ છેરે, નથી કામનાં દામ. ,,
લક્ષ ચોરાશી ફેરા ફર્યાંરે, તોય સર્યું ન કાજ;
આજ્ઞા આપો આપ મુજનેરે, સુણી અરજ આજ. ,,
જૂઠો માયાનો જંજાળ છેરે, ખોટો આપણો દેહ;
અરસ પરસ સૌ સગાં થયાંરે, જરા વિચારો એહ. ,,
જૈન ધર્મ એક જગતમાંરે, સાચો સર્વથી ભાઈ;
વિત્રાગ વાણી સુણ્યા થકીરે, થશો સહુ સુખદાઇ. ,,
સત્યપણે સદા ચાલજોરે, તેથી આનંદી થાશો;
ધર્મ નીતિ શુદ્ધ જો ધરી તો, તેથી મુક્તિમાં જાશો. ,,
સશી સેવકની વિનંતિરે, ધરો ધ્યાન મોઝાર;
કહ્યું કાવ્યું હોય કોયને તો, ખમાવુંછું આ વાર. ,,

ઉપર અનુસાર સોમચંદનું બોલવું સાંભળી સહુએ મળી વિચાર કર્યો કે, જો આને રજા નહિ આપીએ તો તે હમેશાં નાહક ઠપકો આપશે, અને જ્યાં ત્યાં નાશ ભાગ કરશે. માટે ખુશીથી રજા આપવી, એવો સંકલ્પ કરી સૌએ દિક્ષાની આજ્ઞા આપી. તેથી સોમચંદ્ર વીરમગામ આવ્યા ને મહારાજશ્રીને આજ્ઞા મળ્યાની વાત કરી નીચે પ્રમાણે પ્રાર્થના કરી.

(રાગ—હજુ હાસી નહિં આવી.)

આ સંસારની બાજી, લાગે ખોટી મુનિરાજ; } ટેક.
લાગે ખોટી મુનિરાજ, આ સંસારની બાજી. }
ગોઠે નહિં પળવાર, સુઝે નહિ કાંઈ કાજ. આ.
લેવા દિક્ષા આપ પાસે, કર્યો વિચાર મેં આજ. આ.
કરી કૃપા આપ પાસે, મને રાખો શિરતાજ. આ.
જીવ ઉંચો હતો છતાં, બેશી રહ્યો ધરી લાજ. આ.
સશી લેવા ભેખ પ્રિતે, આવ્યો પાસ મહારાજ. આ.

ઉપર પ્રમાણે સોમચંદ્રનું બોલવું સાંભળી મુનિશ્રી અમિચંદ્રજી સ્વામિ કહે છે.

(રાગ—કર્તાકૃત નવિન.)

એ બહુ કઠણું છે કામ, સશી સુણુ વાત તું મારી;
તમે લેવા બીડો છો હામ, દિક્ષાની વાત છે ન્યારી.
પળે તો લેજો એનું નામ, પાળવું દુઃકર ભારી;
મુનિ પાસે નથી કાંઇ દામ, લેજો ઉરમાં ધારી.

નહિં નવાય તેથી કામ, મારો દિલની મોઝારીક
એ સેહેવાય તો આવો આમ, આશું દિક્ષા આ વારી.

ઉપર પ્રમાણે મુનિવરજીનું બોલવું સાંભળી સોમચંદ્રજી કહે છે.

(રાગ—હિંડી.)

બધી વાત સાચી ગુરૂજી તમારી, લેવા વૈરાગ કરૂં છું હું તૈયારી,
ઉર ધારી લ્યોને અર્જ આપ મારી, બધી વાત. (ટેક.)
માત, તાત, ભ્રાત, સર્વ છે ભોળાં, દૂર છોડી આવ્યો એ તોફાની ચાળા,
મને પ્રિય લાગે જીનવરની માળા, બધી વાત.
કાપી કુમતિને સુમતિ બતાવો, જેથી લહું સદા જ્ઞાન કેરો લા'વો,
આપો દિક્ષા એ કરૂં છું હું તો દાવો, બધી વાત.
અણુગાર થઈ રહુ આપ પાસે, જેથી દુષ્ટ કાર્ય મારાં દૂર નાસે,
આપ આશો જાણી આવ્યો છું હુલ્લાસે, બધી વાત.

ઉપર પ્રમાણે દિક્ષા લેવાનું દ્રઢ મન જોઈ મુનિ મહારાજશ્રી અમિચંદ્રજી સ્વામિએ સંવત ૧૯૫૨ ના વૈશાખ શુદિ ૧૫ ના રોજ શ્રી વીરમગામ મધ્યે શ્રાવકોના સમુદાય સમક્ષ દિક્ષા આપી. વૈરાગ લીધા બાદ સદરહુ નવલ દિક્ષિત મુનિશ્રી સોમચંદ્રજીએ મળેલા શ્રાવક શ્રાવિકાને નીચે પ્રમાણે બોધ કર્યો.

(રાગ—દેખ્યા નહિ કુચ્છ સાર.)

જુઠો હે સંસાર સુનો સો જુઠો હે સંસાર
અસંત હે ભાઈ જુઠ જગતમેં, જુઠા હે સંસાર. } સુનો. (ટેક.)

રાવન, ઔર દુર્યોધન રાજા, ઉનકી સુના પુકાર,

કાયા ક્રિઅકભી જરમે ભરાયા, પહોંચ્યા રામ દ્વાર.
પહોંચ્યા રામ દ્વાર. સુનો.
ભર્તૃહરીકી હુઇ ખુવારી, પિંગલા હોઈ નીચ નાર;
પ્રિતીમેં જો અંધ હુવા તો, ડુબા સમુદ્ર મોઝાર (૨) સુનો.
સશી તણી ઉર અરજ સુણી, છોડો મોહ સો પ્યાર;
જીન રટન તુમ કરો ખુશીસેં, હોગા આપ ઉદ્ધાર. (૨) સુનો.

ત્યારબાદ ત્યાં એકઠા મળેલા સજ્જનોએ, આંહીથી મ્હારા તરફથી બનાવીને મોકલેલ કવિતા નીચે પ્રમાણે સર્વ સમક્ષ વાંચી બતાવી.

(રાગ—પુનમ ચાંદની.)

શ્રાવક બંધુઓ આનંદ આજે ઘણોરે,
શુભ પ્રસંગ મળ્યો "દિક્ષા મહોત્સવ" આજ;
જેથી જન્મારો સફળ થયો આપણોરે. શ્રા. (ટેક.)
ઉરે ઉમંગ અધીક આજે થાય છે રે,
જાણી આજે દીપે દિવાળીનો દિન. જેથી. (શ્રાવક.)
સશી સમ સુંદર શોભિતા, શ્રાવકનાં શિરતાજ;
જ્ઞાનીને ગુણવંત છે, અભિ, ઉત્તમ, મહારાજ.
ગુણવંતાને ગંભીર છે તેઓ ઘણાંરે,
નિત્ય જપે છે જીનેશ્વરજીનું નામ. જેથી. (શ્રાવક.)
અત્યાનંદથી આવીયા, દિક્ષા ઓચ્છવ કાજ;
પાવન કીધા સર્વને, બ્રહ્મચારી ઋષિરાજ.

સુણી આખ્યાનને દુઃખ તો દૂરે કર્યાંરે,
બહુ હરખ્યો છે શ્રાવક સમુદાય. જેથી. (શ્રાવક.)

પ્રતાપીને પવિત્ર છો, વિશ્વ વધારી લાજ;
પુણ્ય પુરવ ઉદયે થયાં, ધન્ય ધન્ય ઘડી આજ.

(મુનિપ્રત્યે)આપો સુમતિનું જ્ઞાન અમને સ્નેહથીરે,
સુણી ટાળાયે ત્રિવિધીતણું તાપ. જેથી. (શ્રાવક.)

ગુણ અગણિત છે આપનાં, ગણતાં નહિ ગણાય;
ગંભીર ખીર સમુદ્ર સમ, રટી નામ સદાય.

કાપી અજ્ઞાન પવિત્ર કર્યા સર્વનેરે,
આપ્યું સુબુદ્ધિનું સૌને સારૂં જ્ઞાન. જેથી. (શ્રાવક.

ધન્ય ધન્ય રવિ ચંદ્રને, ધન્ય માણેક સશી નામ;
શિશુ વયમાં સંયમ ગ્રહી, કર્યું શુભ બહુ કામ.

વાણિ અમિ તુલ્ય મુનિ અમિ ચંદ્રનીરે,
સુણી પાવન થયાં છે નરનાર. જેથી. (શ્રાવક.)

નરનારી સૌને થયો, હર્ષ અતી મનમાંય;
જે૦ એન૦ સેવક હર્ષથી, ગુણ ગુરૂજી ગાય.

દયા દ્રષ્ટિ રાખો સર્વ પર સર્વદારે,
દેજો દર્શનૂ દયા કરીને દાતાર. જેથી. (શ્રાવક.)

ઉપર પ્રમાણે સદરહુ કવિતા વાંચી રહ્યા બાદ સર્વ જનમંડળ વિસર્જન થયું, અને સદરહુ ગ્રંથકર્ત્તાએ ચારે મુનિરાજનો "દિક્ષામહોત્સવ" ત્રીજા પ્રકરણમાં પોતાની અલ્પ મતિ પ્રમાણે બનાવી પ્રસિદ્ધ કર્યો.

તેમાં આવેલ ભુલચુકને માટે કર્તા માફી માગે છે. અને સુધારીને વાંચવા નમ્રતાપુર્વક વિનંતિ કરે છે. તથાસ્તુ ! ! !

દોહરો.

રસિક ઓચ્છવ ચારતો, રચી કર્યો તૈયાર;
નિત્ય પ્રભાતે ઉઠીને, વાંચો સૌ નરનાર.



પ્રકરણ ૪ થું.

મુનિ મહારાજ શ્રી અમિચંદ્રજી સ્વામિ, તુળશીરખજી સ્વામિ, ઉત્તમજી, મોતિલાલજી, લક્ષ્મિચંદ્રજી, માણેકચંદજી ને સોમચંદ્રજી એ સાત થાણાં વઢવાણ શેહેર ચત્રમાસુ કરવા પધાર્યા ત્યારે સદરહુ ગ્રંથ કર્ત્તાએ નીચેની કવિતાઓ રચીને ત્યાંના શ્રાવકોને માન પત્ર તરીકે વાંચવા મોકલાવી હતી.

(દોહરા).

વઢવાણ શેહેર પધારતાં, ગુરૂ મારા ગુણવંત;
કસ કાવ્ય રચી કરી, મોકલાવી ધરી ખંત.
રાગ નવિન રસાળછે, વાંચી ઉપજે પ્રેમ;
શબ્દ સહુ આ ગ્રંથનાં, ખરે ખરા છે હેમ.

(કલ્યાણ)

આનંદ છે અતિ, નિરખી આજ આકૃતિ;
ગુણિ ગુરૂ પધાર્યા, રાખો ધર્મમાં વૃત્તિ. ટેક.
તુલસીરખજી ગુરૂજી ગરવા, દુનિયામાં દેખાય;
ગુણવંતા ગંભીર ભલેરા, મહિ મધ્યે પેખાય— આનંદ.

અમિચંદ્રજી મુનિવર દેખી, શાન્ત થાય શરીર;
કાળ, ક્રોધ, મોહ, માયા મેલ્યાં, ધર્મ કાર્યે શૂરવીર.— „
દયા તણાછે તેહ દરિયા, ક્ષમા તણી છે ખાણ;
પરમ શુભેચ્છક મચ્યા સર્વ દિન, અમૃત જેવી વાણ.— „
ચંદ્રની પેરે શિતળ રહીને, ધરે નિરંજન ધ્યાન;
ઉત્તમ ચંદ્રજી મુનિવરનું છે, વિશ્વ વિષે બહુ માન.— „
ચકોર ચંદ્ર દેખીને હરખે, વર્ષાદ દેખી મ્યુર;
મોતિલાલજી નીખી શ્રાવક, આનંદમાં ભરપુર.— „
સશી, માણેક, લક્ષ્મિને લઇને, આવ્યા છો આ ઠામ;
ધર્મ લાભ તો લેશું ભારી, મનમાં છે બહુ હામ.— આનંદ.
આવા મુનિવરનાં દર્શન કર્તાં, પાપ સર્વ દૂર જાય;
નિત્ય ઉઠીને નામ લેવાથી, કાર્ય સાફલ્ય સૌ થાય.— „
પ્રેમ ધરી પ્રણામ કરે છે, સાયલા શેહેર મહારાજ;
દશા શ્રીમાળિ જ્ઞાતિ માંહે, નિમચંદ્ર સુત જીવરાજ.— „

(રાગ—નવિન.)

થયો હર્ષ સૌને અતી ભાઈ (૨) દિવાળી દિન આજ (૨) ટેક.
પુરી પ્રિતે દર્શન લીધાં, જેથી સર્વ કાર્ય અમ સિધ્યાં,
એ કામ રૂડેરાં કીધાં, થયું છે શુભ કાજ (બેવાર)— થયો.
પ્રીતેથી આનંદ પામી, લળી લળી નમી શીરનામી,
મુનિ સમ શોભિતા સ્વામિ, ધન્ય છે મહારાજ (૨)— થયો.
ગુરૂ ગુણ તણાછે દરિયા, સંસાર સિંધુથી તરીયા,

વિત્રાગ માર્ગને વરિયા, વધારી બહુ લાજ (૨)— થયો.
છે જૈ० એન० સેવક બાળ, તેના ટાળો ક્રોધને કાળ,
કરી કૃપા રાખો નિત્ય ભાળ, મણિતુલ્ય મુનિરાજ (૨)—થયો.
સર્વ આવ્યા આપના શરણે, તુમ મહિમા સુણ્યો કરણે,
નમે નિત્ય આપતાં ચરણે, ગંભીર ગુણનાજ (૨)— થયો.
છીયે અમે સર્વ નાદાન, નથી ધર્મ જ્ઞાનની શાન,
આપોને ગુરૂ જ્ઞાન, શ્રાવક શિરતાજ. (૨)— થયો.
છો સર્વ સુત્રનાં જાણ, અમૃત જેવી છે વાણ,
શોભિતા જાણી ભાણ, વદે છે જીવરાજ. (૨)— થયો.

(રાગ—ગભરામણ મને ઘડપણમાં)

પધાર્યા જ્ઞાની ગુરૂજી બહુ મ્હેર કરીરે (૨) ટેક.
આજ દિન દિવાળીરે, મહા મુનિવરને નિહાળીરે,
શ્રાવક હોંશે આવે, સુણી વ્યાખ્યાનને પાવન થાવે,
દુષ્ટ બુદ્ધિ દુરે જાવે, નમે હર્ષ ધરીરે.— પધાર્યા.
છ કાયાના રખવાળીરે, સહુ મોહ માયા દુર ટાળીરે,
પ્રિત ધરીને આવ્યા, બહુ હર્ષ થકી વધાવ્યા,
વળી સૌને મન ભાવ્યા, ફર્જ અનુસરીરે— પધાર્યા.
સમ શોભિતા સ્વામિરે, નમી અમે શીરનામીરે,
વાણિ છે અતિ સારી, લાગે છે બહુ પ્યારી,
જીવો વદે વારમવારી, માનો વાત ખરીરે— પધાર્યા.

(રાગ—કર્સાકૂત નવિન)

ગુરૂ ગુણવંતા, આજ દેખંતા (૨) સર્વને લાગ્યા પૂર્ણ પ્યારાજ
પ્યારા, પ્યારા, પ્યારા—ગુરૂ (ટેક)
મહાવ્રત ધારી, જ્ઞાન દાતારી (૨) મોહ માયાથી ચાલો ન્યારાજ(૩)ગુરૂ.
ગુણનાં દરિયા, સાગર તરીયા (૨) અજ્ઞાનતાથી આજે તાર્યાંજ(૩) ,,
મહા ગુણધામી, અમે શીરનામી (૨) વંદતાં આજે થઇ આનંદ ધારા(૩),,
શુદ્ધ સમકિતી, આણી પ્રિતી, (૨) શ્રાવક સહુને સુધાર્યા જ (૩) ,,
પૂર્ણ કૃપાળુ ને પ્રતિપાળુ (૨) છ કાય જીવ ખરા પાલણહારા(૩) ,,
પ્રીતે પધારી, હર્ષ વધારી, (૨) આપ્યાછે જ્ઞાનકેરા ક્યારાજ(૩) ,,
આપ નિહાળી, આજ દિવાળી (૨) દિવસ થયોછે મન મ્હારાજ(૩) ,,
જીવો આવી, શિર નમાવી (૨) વદેછે સૌનાં ભાગ્ય સારાંજ(૩) ,,

(રાગ—ચમકતી ઠમકતી પદમણિ રે)

અત્યાનંદ ઉરમાં આજે થયોરે
ગુણી ગુરૂજી મળ્યા, દુઃખ દુર તો ટળ્યા. } ટેક.
કૃપા કરીને આપ પધાર્યા
સર્વ કાર્ય અમારાં સર્યાં રે—ગુણિ—અત્યા.
શ્રાવક વિનતિ હૃદય ધારી,
ચોમાસાનાં વચને ભળ્યારે—ગુણિ—અત્યા.
અજ્ઞાન કાપી જ્ઞાનજ આપ્યું,
ધર્મ નીતિનાં કાયદા કળ્યારે—ગુણિ—અત્યા.
અસ્થિર સંસારથી લીયો ઉગારી,

આ દુઃખી સિંધુમાં અમે બળ્યા રે—ગુણિ—અત્યા.
સર્વની વતી વદે છે જીવો,
પૂરણ પુણ્ય ઉદયે થયા રે—ગુણિ—અત્યા.

(રાગ—નવિન).

આજે દિવાળી દહાડોરે, તુમશી રખ મુનિ મળ્યા,
કર્યા દર્શન ધરી ઉમંગ, જેથી સર્વ કાર્ય સર્યા— આજે. (ટેક)
જીવ છકાયનાં રખવાળ, મહા વૃત ધારીરે,
કરી મોહ માયાનો ત્યાગ, બન્યા અણુગારીરે— ,,
નીજ ક્ષેત્ર પરે કરી મહેર, પધાર્યા છો પ્રિતેરે,
આજે મળ્યા ચકોરને ચંદ્ર, હર્ષ અતિશેરે— ,,
જોઈ રાજી મયુરછે મેહ, માછલાં જળનેરે,
દેખી આનંદ પ્રસર્યો એમ, વઢવાણ સ્થળનેરે— ,,
દયા દ્રષ્ટિ કરી મહારાજ, શ્રાવકપર ભારીરે,
કર્વા આવ્યા ધર્મનો ફેલાવ, નમે નર નારીરે— ,,
ભોળા ભદ્રિક છો મહારાજ, નમી શિર નામીરે,
વદે શ્રાવકનો સહુ સાથ, પાવન કીધા સ્વામિરે— ,,
ચત્ર માસા થકી સુખકાર, સેવક તમારારે,
જીવરાજ કહે ધન્ય ભાગ્ય, થયાં છે અમારાંરે—,,

(રાગ—એવીરે રંભા)

અમિચંદ્ર મુનિ અરજ સુણોને અમારી (ટેક)
આનંદ પામી, અમે શિરનામી, દર્શન પ્રીતે કરીયે;

પ્રેમ ધરીને વંદન કરતાં, સંકટ સરવે હરીયેરે—અભિ.
કરી કૃપા બહુ ભારી ગુરૂ, દિન દિવાળી આજ;
મ્હેર કરીને આપ પધાર્યા, મણિ તુલ્ય મા'રાજરે— ,,
અમે અજ્ઞાની, આપ છો જ્ઞાની, ગુણવંતા ગંભીર;
મોહ જાળથી દુરે થયા છો, તપસ્યામાં શૂરવીરરે— ,,
શાસ્ત્ર સિદ્ધાંતે પ્રવિણ પુરા, વળી ઘણા વિદ્વાન;
અમૃત જેવી વાણિ સુણી, થાયેછે ગુલતાનરે— ,,
જીવે દયાળુને પ્રતિપાળુ, હરગીજ છો મહારાજ;
ભાવ ધરીને વંદન કરતાં, સર્વ સરે છે કાજરે— અભિ.
જેમ ચાહના પુષ્પ કેરી, નિત્ય કરે ભ્રમર;
તેજ મિસાલે આપ ચાહના, કરતાતા કરકરરે— અભિ.
સાયલામાં રહી ગુણ ગાવે, જીવો વારમવાર;
ચણરજ કિંકર છું સદા, આપ તણો આધારરે— અભિ.

(રાગ—આડું લગાડોતો મારા સમછે)
થયોછે આનંદ જૈનબંધુ આજે ભારીરે. (ટેક)
બ્રહ્મચારી બોધ દેવા આવ્યાછે આ વારીરે— થયોછે.
ઉપાશ્રય ઉમંગથી જાયે નર નારીરે,
વાણિ અમિ રસ તુલ્ય લાગે અતી સારીરે— ,,
વ્યાખ્યાન સુણિને થાયે શાન્તિ તો અપારીરે,
ઉત્તમ છે ગંભીરને ગુણમાં ભંડારીરે— ,,
આપ્યું ધર્મ જ્ઞાન થયા સેવકો આભારીરે,
લઘુ વયે દિક્ષા ગ્રહી એજ બલિહારીરે— ,,

શ્રાવક સંતોષ પામી નિર્મ ધરી ધારીરે,
ગચ્છની વિખ્યાતિ કરી કિર્તિને વધારીરે— ,,
ઉત્તમચંદ્ર રૂષિ લાખી પાનજ છે ન્યારીરે,
નામ એક ચિત્તે જપે જીનો વારંવારીરે— ,,

(રાગ—પંડિતકા બચન)

મુનિ મોતીલાલ (ર) મહારાજ આજે તો આવ્યા. (૨૬)
સહુ શ્રાવકને મન માંહે પુર્ણુ તો ભાવ્યા— મુનિ.
જાણી અસ્થિર રૂપ સંસાર મુકી મોહબાજી,
જેથી વિશ્વવિષે તો રહી આબરૂ ગાજી— ,,
સુમતિ આપીને દુર્મતી દેછે નિવારી,
છે ગંભીરને ગુણકાર શુદ્ધ અણગારી— ,,
વળી સુત્ર શાસ્ત્રનાં જાણુ મહા ગુણુ ધામી,
હર્ષ ધરી નમે નરનાર નિત્ય શિર નામી— ,,
કરે ભક્તિ ભાવથી ભલી જીનેશ્વર કેરી,
કરે શુદ્ધ મનથી તપસ્યા તેહ ઘણેરી— મુનિ.
મુનિ મોતિલાલ મહારાજ મા'રા મેં'રબાન,
નિમચંદ્ર સુત ઝવેરાજ ધરે શુભ ધ્યાન— ,, "તુમ"

(રાગ—નેમ પ્યારા આરજ)

સખી, સાહિબ, માલેક અર્જ ઉર ધરજો,
અર્જ ઉર ધરજો અર્જ ઉર ધરજો.

મુનિ પ્યારા અરજ ઉરમાં ધરજો (૨) સખી.
ધન્ય ધન્ય ધન્ય ધન્ય મુનિવર,
દિક્ષા લીધી ધરી પ્યાર—અરજ—મુનિ—સખી.
શિસુવયમાં સંયમ ગ્રહી, કર્યું ભલું બહુ કામ;
વિશ્વે ખ્યાતિ મેળવી, વળી કાઢયું જગનામ.
જે૦ એન૦ સેવક સ્નેહ ધરીને (૨)
પ્રણમે વાર હજાર (૨) અરજ—મુનિ—સખી.

(દોહરો)

દર્શન કરવાને ગયા, વઢવાણ શેહેર મોઝાર;
તેહ કવિતાઓ હવે, દર્શાવું ધરી પ્યાર.
ખામી ખોડ સુધારીને, વાંચો સહુ તરનાર;
મતિ મુજબ રચી કરી, ગ્રંથ કર્યો તૈયાર.

સદરહુ બુકનો મેકર જે૦ એન૦ શાહ.

દિક્ષા મહોત્સવની બુક રચીને સંવત ૧૯૫૨ ના ચૈત્ર-માસમાં મુનિશ્રીને વાંદવા વઢવાણ ગયો. ત્યારે કરેલ કવિતાઓ.

(દોહરો)

સમ મુનિવર દેખીને, થયો દિવાળી દિન,
દિક્ષા ઓચ્છવ પ્રિતથી, રચ્યો રાગ નવિન.

(રાગ—રમો રાસ મળી સૌ સંગે)

આવો આવો મળી સૌ સંગે (૨)

ભાઈ બ્હેનો બની નવરંગે,

નવરંગે—ઉમંગે—આવો આવો. (ટેક)

પ્રથમ વિતરાગ વંદન કરીયે, જેથી સદાય સુખમાં ફરીયે,

ફરીયે—ભવ તરીયે—આવો.

હું દર્શન કરવા આવ્યો, રચી દિક્ષા મહોત્સવ લાવ્યો,

લાવ્યો—મન ભાવ્યો—આવો.

અમે સાયલા શેહેરમાં રહીયે, ગુરૂ ગચ્છાધિના ગુણ ગઈયે,

ગઇયે—સુખ લઇયે—આવો.

મુજ કાવ્ય સુણો સહુ આજ, એમ અર્જ કરે જીવરાજ,

જીવરાજ—વદે આજ—આવો.

(રાગ—નવિન)

થયો આજે આનંદ અધીક (૨)
અધીક, કર્યું ઠીક, ગઈ બીક.—થયો. } ટેક.

મળ્યા મહા સુખિ મુનિરાજ (૨)

મુનિરાજ, વંદી આજ, મહી જ્ઞાનની નીક—થયો.

વાહ વઢવાણ સુંદિર શેહેર (૨)

ગુરૂ મ્હેર, લીલા લ્હેર, જોઈ તપસ્યાની ઝીક—,,

સેવો સર્વ મુનિનાં રે પાય (૨)

દુઃખ જાય, સુખ થાય, ચાલી હર્ષની ઢીક—,,

નર નારી સુણી ધરી પ્રીત (૨)
ધર્મ પ્રીત, રાખો ચિત્ત, વાંચી બુક રસિક—,,
વદે જીવો ધરીને ઉમંગ (૨)
ઉમંગ, અતિ અંગ, આતો કીધી જરીક થયો.

(રાગ—નમું પદ ગીરજાપતિને)
સદા નમું અમિચંદ્રજીને (ટેક)
પુર્ણ કૃપાળુ ને પ્રતિપાળુ છકાયના રખવાળા,
કામ, ક્રોધ, જીતી મોહ મમતાને ટાળ્યા— સદા.
ગુરૂ ગુણનાં ભંડાર, વ્યાખ્યાન વાણિ છે સાર,
સુણી હરખે નરનાર, ટાળે કુમતિ તે વાર,
ગ્રહિ જ્ઞાન અપાર.
પુરણ ભાગ્ય સેવક જીવાના આજે આપજ મળીયા,
ઉત્તમ, લક્ષ્મિ, માણેક, સાક્ષી નીરખિ દુઃખો ટળીયાં—સદા.

(રાગ—અજીત પ્રભુજી અરજ કરૂં છું)
ઉત્તમ મુની અરજ કરૂં હું અરજ ઉરમાં ધારોને, (ટેક)
સેવક જાણી સાથ થઈ જ્ઞાન આપીને પાર ઉતારોને૦
મુનિ તમે ન તારેસ્તો હવે કોનો છે આધાર (૨)
કૃપાળુ કૃપા કરીને સુધારો આ વાર,
રૂષિજી હવે કરો આ સેવકની સાર—મુનિ—ઉત્તમ.
તપ જપ અનિ ધર્મ કામે આપ મજબુત,

કાપી કુબુદ્ધિ સુધારો જાણી આપતાં છે સુત,
દર્શનનો લાભ આપી કરો ફળીભુત—મુનિ— ઉત્તમ.

(રાગ—નીકળતું પાપી દુષ્ટી અહિંથી)

અરે સર્વ શ્રાવકજી શાણા થાઓ તમે તૈયાર,
રવિ, માણેક, સશીની પેરે સમજી થાવ હુશિયાર.
ચક્ષુ વિંચી, દ્રષ્ટિ નિચી, કરો નહિં નાદાર,
સૌ આ વાર, કરી વિચાર,
જ્ઞાનતણું અભીમાન ધરાવી, થાવ હવે હુશિયાર,
અરે સર્વ.

(રાગ—મરાઠી ચાલની સાખી)

લક્ષ્મી-માણેક-મુનિ સશીજી (૨) વિનંતિ ધ્યાનમાં ધારી (૨) ૯૬
સાયલા શેહેરમાં આપ પધારી (૨) દર્શન દયો સુખકારી (૨)
આપ કૃપાળુ, દિલે દયાળુ (૨) છકાય જીવ રખવાળી (૨)
બચપણમાં વૈરાગને લીધો (૨) મોહ માયા દુર ટાળી (૨) લક્ષ્મિ.
જીનવરજીનું ધ્યાન ધરો છો (૨) અમે અભાગી અપારી (૨)
સુમતિ આપી દુર્મતિ કાપી (૨) બતાવો તર્યાની બારી (૨) ,,
કેહેવત છે કે ગુરૂજી વિના (૨) જ્ઞાન મળે ન લગારી (૨)
દર્શન દેઈ સુબોધ આપો (૨) જેથી થઈ સુખકારી (૨) ,,
સાયલા ગામે, શુભ ઠુળ ધામે (૨) સહી વંદુ હરવારી (૨)
નેમચંદ્ર સુત જીવાને નિત (૨) આપસે લગની લાગી (૨) ,,

(પ્રભુ વિનંતિ હમારી--એ ઢબ)

ગુરૂ ગંભીર અરજ અમ ઉરે ધરજો, (ટેક)
સાયલે પધારી ક્ષેત્ર પાવન કરજો.—ગુરૂ.
પ્રેમ ધરીને વંદન કાજે, સેવક આવ્યો છે અહિં આજે,
આનંદ આનંદ આજે અમોને (૨)
મુનિરાજ, આવ્યા આજ, છો શિરતાજ,
સિદ્ધ કરો શ્રાવકનાં કાજ (૨)—ગુરૂ.

(રાગ—સદર ઢબ બીજી)

મુનિ વિનંતિ હમારી ધ્યાને ધરજો. (ટેક)
દર્શન દેવાને દયા દ્રિષ્ટીતો કરજો.—મુનિ.
બાલ અજ્ઞાની આ શરણે આવ્યા છે,
એને કુમતિ કાપીને સુમતિ ભરજો.—મુનિ.
એક આધારછે એહને આપનો,
આપ બોધ આપી અજ્ઞાનતા તેની હરજો.—,,
ઉત્મ, લક્ષ્મિ, સશિ, માણેક લેઇને,
આપ સાયલે પધારી પુર્ણ કરો ફરજો.—,,
ચંદ્ર ચકોર મેહ મયુરની પેરે,
નિર્ખવાને રાહ જુએ સાયલે સર્વ નરજો. મુનિ.
અલ્પ મતિની આ સેવક જીવાની આપ,
ઉરમાં ધરી લહો સર્વ અરજો.— મુનિ.

(રાગ—કંગનવા મેરે કરસે.)

નમું પ્રેમ ધારી, વારી વારી, જ્ઞાની ગુરૂરે. (ટેક)
છકાય રક્ષ કરનારારે, મોક્ષ સુખ વરનારારે.
મુનિ શુભ ગુણમાં વિસ્તારા, સહુ ટાળ્યા મન વિકારા,
નિશ દિનમેં દસ દસ વારા, મારા શીર નમેરે.— નમું.
સદા સત્ય વેણુ વદનારારે, રહ્યા મોહ માયાથી ન્યારારે.
સ્થિર મનમાં ધીરજ ધારી, નાંખ્યા સૌ કર્મ સંહારી,
સમાવી ભ્રાંતિ મારી, ઈંદ્રિયોને દમેરે.— નમું.
ધરો અર્જ ધ્યાનમાં મ્હારીરે, છો આપ બડા ઉપકારીરે,
આપ અભ્યદાન દાતારી, મેલી મનથી મમતા ન્યારી,
જીવાને એક ચિત્તે ગાવા ગુણુ ગમેરે.— નમું.

દોહરો.

ભાગ પૂર્ણ ચોથો કર્યો, ધરી ઊર આનંદ;
દાસ જી. ની. શાહ ઓચરે, મતિ મુજછે મંદ.



પ્રકરણ ૫ મું.

દોહરો.

સપ્ત ભાગ આ ગ્રંથનાં, વાંચે જે નરનાર;
સંકટ સહુ દુરે ટળે, રહે સદા સુખકાર.

पर स्त्री विषे शिखामण.

પ્રિય વાંચનાર ! આપ સારી રીતે જાણુતા તો હશો જે—પર-સ્ત્રીના સહવાસથી ઘણા સક્ષ નવી મધરનું દુધ પીવા પહોંચી ગયાછે. દાખલા માટે જુઓ—સીતાજી વાસ્તે રાવણ. દ્રૌપદી માટે કાચોકિચ. તેમજ સ્ત્રી માટે સિદ્ધરાજ અને ભતૃહરીની વાત ધ્યાનમાં તો હશે.

ચંદ્રમાને લંછન લાગ્યું. ઈંદ્ર સત્ય ભંગ થયા. શીવ તપસ્યા ચુકયા. એવાં અનેક ઉદાહરણ છે. તેવા માણુસોને માટે નિરંતર નર્કનાં દ્વાર ખુલ્લાં રહે છે. તેમાં દસ મ્હોટી હાનીયો છે (૧) પારકી સ્ત્રી ભોગ-વવાથી આયુષ્ય ઘટે છે. (૨) શરીર નિ:સત્વ થાયછે (૩) લોકો મ-શ્કરી કરેછે (૪) ઠામઠામ ગલીએ ગલીએ સર્વે નિંદા કરે છે (૫) સંપત્તિનો નાશ થાય છે. (૬) મોટપણું જાય છે અને હલકાઇ આવે છે. (૭) આ લોકમાં અને પરલોકમાં ઘણું દુઃખ ભોગવવું પડે છે. (૮) રોગ થાય છે અને અણુધાર્યું મૃત્યુ થાય છે. (૯) કંકાસનું બીજ રોપાય છે. (૧૦) ઘરડાંઓએ મેળવેલ સુકીર્ત્તિને નામોશી લાગે છે, અને જેલખાનું સંપાદન કરવું પડે છે. માટે હે બાઇઓ ! **याद राखजो के,** નારી એ એક નર્કની ખાણુછે. કિર્તી

અને કુટુંબનો નાશ કરાવનાર રામબાણ ઔષધ છે. તેની મોહજાળ એવા પ્રકારની છે કે—તેમાં જે ફસાયો તેનું મોત અણધાર્યું થાયજ એ ખાત્રીપુર્વક છે. તે ક્ષય જેવો મહા ભયવાળો રોગ લાવે છે. શરીરનું રૂધીર અને કૌવત ઘટાડનાર તે એક કિમિયાગર યાને દેવતાઈ જાદુગર છે. માટે તેનાથી જે જે ચેતીને ચાલશે તે સંપૂર્ણ સુખી થશે.

વળી **याद राखजो के**—એને છંછેડવી નહિ—નહિતર કાળી નાગણી જેવી છે. "**રહે તો આપસુ ને જાય તો સગા બાપસું.**" એ કહેવત ધ્યાનમાં ધારી તેની યારીથી દૂર રહી ચેતી ચાલવાના ઉપાય યોજવા.

(દોહરા.)

પર પ્રિયાની પ્રિતથી, જાય દામને લાજ;
રાવણ મૃત્યુ પામીયો, ગયું લંકાનું રાજ.
બીજું દ્રષ્ટાંત સાંભળો, શાણાં સૌ નરનાર;
દ્રૌપદી કાજ કીચકમરી, ગયો નર્ક મોઝાર.
ભલો ભણેલો ભૂપતિ, હતો ભરથરી નૃપ;
જોગી થઇ જતો રહ્યો, નારી ડાકણ રૂપ.
જી૦ ની૦ અરજ ઉરમાં ધરી, ચેતી ચાલો યાર;
નારી નર્કની ખાણ છે, ફળ તેમાં નહિ સાર.

विश्वमां केटलीएक स्त्रीओ वखणायेली प्रसिद्ध छे.

(દોહરા.)

સતી સીતાને દ્રૌપદી, તારા, અહલ્યા, નાર;
એવી પણ કાંઈક થઈ, આ જગની મોઝાર.
આંગળીઓ સરખી નથી, એક કર મોઝાર;
બધી તેવી નહિ જાણવી, ચેતી ચાલે સાર.
નારી રત્નની ખાણ છે, નારી નર્કની ખાણ;
ભોજ, વિક્રમ, તેથી થયા, માટે કરૂં વખાણ.
નમી નારથી ચાલીયે, ટુંકામાં એ વાત;
છંછેડી સર્પણ થઈ, કરાવશે એ ઘાત.

(રાગ—ધનાશ્રી.)

પર પ્રિયાની લાર, મિત્રો મારા કોઈ ન કરશો પ્યાર. (ટેક.)
અણધાર્યામાં આવી મરશો, ખરે થાશો હાં ખુવાર. મિત્રો
કુબુદ્ધિ આવે, સુબુદ્ધિ જાવે, ભમે ભ્રષ્ટ વિચાર. ,,
નિરંતર નિરાશજ રહેશો, જીંદગી થાશે ખુવાર. ,,
મોહમાં લુબ્ધ કરી પરદારા, બેડી નંખાવે કોઈ વાર. ,,
દોસ્તી થતાં એ નારી નરને, ભાસે ભલી દિલદાર. ,,
સ્નેહ ઘણો પરનારીની સાથે, છેલ્લે થવાનો ખાર. ,,

પ્રેમ વધારી એ નીચ નારી, થશે વેરણ કોઈ વાર. ,,
ત્રિયા તણો તો નેહ નિહાળી, વીર થશે હાં વિકાર. ,,
દારૂણ દુઃખનો સિંધુ જાણીને, પડો નહિં ધરી પ્યાર. ,,
દ્રષ્ટિ મારી ભાવ બતાવી, સ્નેહ કરે પર નાર. ,,
રૈ રૈ નર્કનું મૂળ પેખી ભાઇ, તજી કરો તુચ્છકાર. ,,
ચોકસ પ્રાણ પોતાનો ગુમાવે, કુસંગતે ચડનાર. ,,
પહેલાં તમો પુર્ણ આનંદે, પડશો આવી યાર. ,,
ઉમંગમાં ઉદાશી કરાવે, વિયોગ થાય તે વાર. ,,
સંપત્તિ નાશક ઔષધ નારી, જાણી ન કરશો જાર. ,,
પરની પ્યારી પ્યાર જણાવી, વહી જશે કોઈ વાર. ,,
એવા ધંધાથી આગળ તમને, હાની પહોંચે હજાર. ,,
એવી નારોથી અવર જનને, નથી મળ્યો કાંઈ સાર. ,,
નિશ્ચે એ સંગતથી થાયે; કૂળતણો તો સંહાર. ,,
સુણ બંધુઓ ! સાવધ રહેવા, વદે સેવક આ વાર. ,,
જે૦ એન૦ અર્જ ઉરમાં ધારી, તજો તમે વ્યભિચાર. ,,

(રાગ—નવિન.)

પર ત્રિયા સંગે નર ચાલમાં. ચાલમાં, ચાલમાં, ચાલમાંરે,
પર ત્રિયા સંગે. (ટેક.)
ઓચિંતો પડીશ કાળમાંરે, (પર), નાહક જીવને બાળમાંરે. પર.
ક્ષણ ભંગુર સુખને માલમાંરે,(પર),અરે ! જેલખાનું સંભાળમાંરે. પર.

પછી કેહેવાયે કાળું હાળમાંરે,(પર); વિનાં કારણ કૌવત ટાળમાંરે.પર.
પડે કોઇ દિન જોડાં ટાલમાંરે,(પર), ખરેખરો રિપુ ઘેર ઘાલમાંરે.પર.
કુળ નાશક ઔષધ ઝાળમાંરે,(પર);નીચ ! નારીનો નેહ નિહાળમાંરે.પર.
ચેતી ! અમૂલ્ય અવસર ગાળમાંરે,(પર),કરી કાવ્ય જીવે નિશાળમાંરે.પર.

" जीवने ऊपदेश. "

જીવ પાપી હે જીવ પાપી, (ટેક.)

હાંરે તારી કુડી કલપનાં ન કાપી. હે જીવ પાપી. જીવ.
હાંરે ખોટી વાતે દેખે તું પરાઇ દારા,
,, તારી આંખોમાં ઘાલું અંગારા. હે જીવ પાપી. જીવ.
,, ખોટી વાતે તારા કાન છે હઠીલા,
,, તને મારૂ અણીદાર ખેર ખીલા. હે જીવ પાપી. જીવ.
,, હૈયે હુંપદની બળે નિત્ય હોળી,
,, આખી ઉમ્મરતેં રાખમાં રોળી.હે જીવપાપી. જીવ.
,, લુંડ લવરી તને ગોળ જેવી લાગે,
,, તારી જીભડી જરૂર ડામ માગે. હે જીવ પાપી. જીવ.
,, તારૂં મન કરે ભાત ભાત ચાળા,
,, કશું નહિં સરે કરમનાં કાળા. હે જીવ પાપી. જીવ.
,, પર ત્રિયા તણી વાત તને પ્યારી,
,, તેથી ગતી થવાની નઠારી. હે જીવ પાપી. જીવ.
,, કુડ કપટનો પોટલો ભર્યો છે,

„ તેથી નર્ક અધિકાર તેં ધર્યો છે. હે જીવ પાપી. જીવ.
„ તારૂં મન ભુત તણી પેરે ભટકે,
„ ગ્રંથકર્ત્તા કહે સંત જોઈ સટકે. હે જીવ પાપી. જીવ.

सारी शिखामण.

(ખમાચ.)

સુણો શ્રાવક ભાઇ, ખોટી સરવ સગાઈ,
સંસાર દુઃખદાઈ, નકી માનો તમે.
તજી જગતના ફંદ; જીન નામ જપો. સુણો.
નથી નારી તમારી, બળી વિર્યની યારી,
લહો ઉરે વિચારી, તમે તો ભાઇઓ.
ટાળીને મોહ જાળ; ધ્યાન ધર્મ ધરો. સુણો.
પાણીનો પરપોટો, તેવો દેહ છે ખોટો,
ગણો નહિં એ મોટો, સાચે સાચું કહું.
કહ્યું માનીને યાર; ગ્નાન વસ્તુ ગ્રહો. સુણો.
ગ્રહો શિયળ રતન, સ્થિર કરો તમે મન,
મન માનો વચન, પ્રિતે કહું સહુને.
રાખો “ વિર ” સરન; જેથી કાજ સરે. સુણો.
કહે જીવો આ વાર, ધ્યાન ધરો નર નાર,
વાણિ શાસ્ત્રની સાર, જુઠો જગત બધો.
કરો સુગુરૂ સેવ; જેથી મુક્તિ મિલે. સુણો.

(સહિયર દુઃખ શું દાખવું.)

લક્ષ ચોરાશી ફેરા ફરી, ભમ્યો જીવ અનંત; (ટેક.)
જન્મ મરણ કીધાં ઘણાં, નાવ્યો કર્મનો અંત. લક્ષ.
નૃપ ઘણા ઘણા થઇ ગયા, મહી મધ્યે અપાર;
તેહ સરવ મૂકી ચાલીયા, સંપત્તિ પરીવાર. ,,
જન્મ મરણ નદી જળ સદા, રહે ચાલ્યું સદાય;
એક આવ્યા તે એક જાવું, સહુ રંકને રાય. ,,
મરણ પ્રસંગે સંભારશો, બોલાવો મુનિરાજ;
તે તો નથી પછી કામનું, કહું નિશ્ચય આજ. ,,
સંસારમાં સુખ નહિ જરી, મોહ માયા અપાર;
તેથી ઘણાંજ નર્કે ગયાં, લખતાં નવ આવે પાર. ,,
ધ્યાન ધરો જિનરાજનું, જેથી સરે સહુ કાજ;
વચન મારાં ચિત્ત ચોડજો, વદે મુખ જીવરાજ. ,,

(રાગ—બનજારાનો.)

સુણો સુજ્ઞ શ્રાવકો ભાઈ, સર્વ જૂઠી છેરે આ સગાઈ. (ટેક.)
જુદો જીવ પડશે જ્યારે, કોઈ સંગ ન આવે ત્યારેરે;
સાથે પુણ્ય, પાપ દો ભાઇ, સર્વ. (સુણો.)
માત તાત સ્વારથીયાં જાણો, આ વેણ ધ્યાનમાં આણોરે;
રેહેશે જગમાં ભલાઈ બુરાઈ, સર્વ. (સુણો.)
છે રંગ પતંગી કાયા, ખોટી ધન બાદલની છાયારે;
વસુ માટે વદે સહુ ભાઇ, સર્વ. (સુણો.)

માટે કાળ ક્રોધને છોડો, ચિત્ત વિરાગ માર્ગમાં જોડોરે;
તેથી થશો સદા સુખદાઇ, સર્વ. (સુણો.)
સંસાર અસાર સૌ જાણો, કરી ધર્મ મુક્તિ સુખ માણોરે;
રાખો સર્વ સાથ મિત્રાઈ. સર્વ. (સુણો.)

(રાગ—નથી મને વર વરવાતણી મરજી.)

જગતમાં છે સરવે આળ પંપાળ,
શાને રાખી રહ્યા મોહ જાળ. જગતમાં. (ટેક.)
માત, તાતને કુટુંબ કબિલો, ભગની, ભાઇ છે જંજાળ;
એક અરિહંત નામ ખરૂં છે, એ વિણુ છે અગ્નિ ઝાળ. જગતમાં.
જેમ બને તેમ ધર્મ કરી લ્યો, નહિંતર પસ્તાવો થાશે;
પુણ્ય, પાપ દો સાથેજ આવે, બાકી બધું બળી જાશે. „
શુદ્ધ મને જીન નામને જપો, એ ખરેખરી છે સગાઈ;
વાહ વાહ કહી લોક વખાણે, એ સંપત્તિ સંપત્તિથી કહે ભાઈ. „
પૈસા વિના જન જંગલી બનાવે, ને બોલાવે નહીં વળી કોઇ;
ત્યાર પછી ઈશ યાદ કરોછો, એક ખુણે બેઠા રોઇ. „
માટે શ્રાવકજી ! ચેતી ચાલીને, ધર્મ નીતિ ઉર ધારો;
જીવો વદે છે સ્નેહ ધરીને, તેથી તર્યા છે હજારો. „

(દેખ્યા નહિં કુચ્છ૭ે હબ નવિ.)

સુણો નર નાર જુઠો સંસાર. (બે વાર.) (ટેક.)
મોહ વિષે મત લુબ્ધો ભાઈ, સરવ બાજી અસાર. સુણો.

આરે દેહ છે જળ પર પોટો, જતાં ન લાગે વાર;
ફૂંક આવતાં ફૂટી જાશે, અંતે નહિં કાંઈ સાર. „
રાગ, રંગ સબ જુઠા જાની, તજી કરો તુચ્છકાર;
શુદ્ધ શ્રદ્ધાથી ધર્મ કરીને, પામો ભવનો પાર. „
સંસારને સ્વપ્ના તુલ્ય જાણો, જૂઠો જાણો પરિવાર;
જીન ધ્યાનથી જીવો કહે છે, મળે મોક્ષનું દ્વાર. „

(રાગ—પરનારીની પ્રીત ભવો ભવ.)

શુભ શિક્ષા તણી વાત, બંધુ બ્હેનો સુણજો લલનાં. (ટેક.)
પર નિંદા કરી કોઇ જનોને ન દુણજો લલનાં. શુભ.
મિથ્યાત વાણિ લગાર, તમો નહિં ભાખજો લલનાં;
શાસ્ત્ર સિદ્ધાંતનું જ્ઞાન, પુરેપુરૂં ચાખજો લલનાં. „
કાળ, ક્રોધને જે મોહ, તેને તો નિવારજો લલનાં;
એક અરિહંત દેવતણું, ધ્યાન ધારજો લલનાં. „
પર પ્રિયાતણી પ્રિત, સાચી નહિ જાણજો લલનાં;
ધર્મ કામે શુદ્ધ શ્રદ્ધા, હૃદય માંહે આણજો લલનાં. „
ધર્મતણી રાખો ટેક, તેથી થશે શાન્તિ તો લલનાં;
ટળશે વ્યાધિને વિઘ્ન, વળી જશે ભ્રાંતિ તો લલનાં. „
સદા રાખો શુભ ચિત્ત, સંકટ સર્વે જશે લલનાં;
વિખ્યાત થાશો વિદેશ, કીર્તિમાં વૃદ્ધિ થશે લલનાં. „
મારાં મારાં તણી મોહમાયા, સર્વે છોડજો લલનાં;
જપી જિનેશ્વર દેવ, જૂઠી રીતો તોડજો લલનાં. „

દુષ્ટ મનુષ્યથી દૂર, સદા રહી ચાલજો લલનાં;
કુડાં તોલાં અને માપ, તેને નિશ્ચે ટાળજો લલનાં. ,,
ક્રૂર કૃત્યને અન્યાય, તેને તો નિવારજો લલનાં;
ઉપવાસ, પોષધ, સામાયક, ધ્યાનમાં ધારજો લલનાં. ,,
જીવ રક્ષાના ઉપાય, જૈનબંધુ રાખજો લલનાં;
જીનરાજની આ જોડ, સદાયે સંભારજો લલનાં. ,,

દોહરો.

વર્તે જે નર નાર આ, કાવ્ય મુજબ ધરી ધ્યાન;
સુખ, સંપત્તિ સાંપડે, મળે સજ્જનમાં માન.

(રાગ—કર્ત્તાકૃત નવિન.)

ધર્મ ન તજો પ્યારા જૈન બંધુઓ,
ધર્મમાં છે બહુ સાર— (ટેક.) ધર્મ૦
જૈન માર્ગ અતિ સાર, ધ્યાન ધરો નરનાર,
વદુ સત્ય હું આ વાર, ખોટું માનો ન લગાર,
તેથી થશો સુખકાર, મળે સ્વર્ગ કેરૂં દ્વાર. ધર્મ.
જીન વાણી રસાળ, જાણી અતીશે વ્હાલ,
સુણો બુદ્ધાને બાળ, ટાળો આળ પંપાળ,
તજો કુમતિની ચાલ, ધરો એથીજ ન્યાલ. ધર્મ.
કરો હમેશાં સુકાજ, જેથી વધે વિશેષ લાજ,

ધર્મ એજ શિરતાજ, એમ કહ્યું શાસ્ત્રમાંજ;
વાંચ્યું સાધુ મુનિરાજ, મુખ વદે જીવરાજ. ધર્મ.

नीच मनुष्य विषे भाषण.

પ્રિય વાંચનાર ! ધ્યાનમાં રાખજો કે, નીચ મનુષ્યને ગમે તે જગોએ રાખો, સારા માણસની સોબત કરાવો, તેનાપર હમેશાં એહેશાન કરો, અને તેની ઇચ્છાનુસાર વર્ત્તો, અને કૃપા દ્રષ્ટિ રાખો, પણ આખરે નીચ તે નીચજ. કવિ દલપત રામ કહે છે કે,—

સાકર તજે ન સરસપણું, સોમલ તજે ન ઝેર;
સજ્જન તજે ન સહનતા, દુર્જન તજે ન વેર.

એ મુજબ નીચ મનુષ્યો પોતાનો જાતિ સ્વભાવ મુકશે નહિ. એવા દુર્જન (નીચ) સાથે ગમે તેટલો પ્યાર રાખો, પરંતુ પ્રસંગે જો તેના ગુન્હામાં આવ્યા; તો વગર પુછ્યાજ બાર વાગ્યા.

કારણ—પોતાનું પાધરૂંજ પોત (જાતિ સ્વભાવ) પ્રકાશ્યા વિના રહેશે નહિ. કાંદાને એટલે (પ્યાજને) કેસર કસ્તુરીથી લેપન કરી, કપુરના ક્યારામાં અમ્બરનું ખાતર નાંખી રોપો. ઉપર રત્ન જડિત્ર સુવર્ણના ઘડાવતી ગંગાજળ સિંચો, તોપણ તે પોતાની દુર્ગંધ (જાતિ સ્વભાવ) કદી પણ તજશે નહિ.

નીચની સોબતથી ઘણુંજ નિમાણવું પડે છે, અને તે ઉપરાંત પુષ્કળ ધક્કા (ખત્તા) ખાવા પડે છે. કેહેવત છે કે, "नादानकी दोस्ती जीवका जान." નાદાન પણ નીચ તુલ્ય લેખાય છે. એવા

જનની, દોસ્તીથી શુભ થવાની આશા, સ્વપ્ને પણ ફળિભુત થતી નથી. મતલબ, કે—બારણે બાવળીયાનું વૃક્ષ વાવીયે; તો કાંટાજ પામીયે. તેમજ નીચ માણુસની પ્રિતી હમેશાં જીવને હાની કર્તા અને લોકમાં ધિઃકાર આપનારી છે. આપણે સર્પને પાળી રાખી મિલ્ક પાઈ મોટો કરીયે, અને પૂર્ણ લાડ લડાવીયે, પણ જો દુધ પાતાં વખતે વાર થઈ યા ખીજવાયો યા દબાયો તો વગર પુછ્યોજ કાળ આવી ચુકયો. તે મિશાલે નીચ છે તે એક કાળા નાગ તુલ્ય છે.

ફક્ત નીચના પાસામાં એકજ વાર ચંપાયા, પછી તેમાંથી બહાર નીકળવું એ તો નવો અવતાર યાને ધન્યભાગ્ય સમજવો. વિચારો કે, દુર્જન, દુરાચારી, અને નીચ કુળના માણુસની જાળમાં પડેલો કોણ સુખી થયો છે ! " **सोबत तेवी असर.** "

ઉદાહરણ—જુઓ એક ખરની (ગધેડાની) સંગતથી બિચારી ગાયની કોટમાં કાષ્ટ (લાકડા) નો ઘટ. (લાકડાનો જબરો ખીલો) બાંધવાની ફરજ પડી હતી. તે જોઈ એક સત્ય પુરૂષે કહ્યું કે,—હે ! ગાય માતા આ તમારી કોટમાં શું લટકે છે. ગાયે જવાબ આપ્યો કે, " **कुसंगा संग दोषण काष्ट घंटाने विटमणा.** " કોટમાં જે ટીંગાય છે તે સાહેબ ! એક નીચની દોસ્તીનું ફળ છે.

રત્નાગરે (મહાસાગરે) શ્રીરામચંદ્રજીને કહ્યું કે, હે મહારાજ ! મ્હારો શું ગુન્હો છે કે મારાપર પાગ બાંધી શા માટે મ્હારો મહિમા ઘટાડો છો. શ્રી રામચંદ્રજીએ જવાબ આપ્યો કે, હે સમુદ્ર ! તારો અપરાધ નથી, પણ હું જે એ વચન કહું છું તે તું સાંભળ.

કરત કુસંગ, ચાહત કુશળતા, એસી બડા અફસોસ;
સમુદ્રકો મહિમા ઘટચો, રાવણ વસ્યો પડોશ.

માટે હે સમુદ્ર! ક્રોધી, કામી વ્યસ્ની એવો જે રાવણ તેને તેં સોબતમાં રાખ્યો છે. તેથી આ પાગ બાંધી તારો મહિમા ઘટાડવો પડશે. આ તને ફળ ચખાડું છું.

દ્વારકાં પતી ચક્રવર્તિ મહારાજા શ્રીકૃષ્ણ જેવા જબરાઓને ગોકુળમાં ગોવાળીયાને ત્યાં રહ્યાથીઃ આજે તેમના સેવકો કૃષ્ણગોવાળીયા કહીને ગાય છે. કારણ તેમણે તેમની સોબત કરી માટે તેવી છાપ ચોટી ગઇ ને ગોવાળીયાનો (ચાંદ) મળ્યો. માટે હે વહાલા વાંચનાર! નીચની સંગતથી ભવિષ્યમાં ભલું ઇચ્છનારો ખરેખરો ખરું સમજવો. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે—સજ્જનને એક જીભ છે. સર્પને બે છે, બ્રહ્મદેવને ચાર છે, અગ્નિને સાત છે, અને કાર્તિક સ્વામીને છ છે. શેષને બે હજાર છે. રાવણને દસ હતી. પણ દુર્જનનાં (નીચનાં) મુખમાં કેટલા લાખ કે ક્રોડ છે તેનો કાંઇ નિયમ નથી.

દોહરો.

પાંચ ભાગ પરીપુર્ણ મેં, કર્યા ધરી બહુ પ્રીત;
જીવરાજ કહે સર્વને, છઠ્ઠો સુણો ધરી ચિત્ત.

પ્રકરણ છઠું.

દોહરો.

પત્રતણી ઉપમા સહુ, શીખો નરને નાર;
પછી આપણુ પ્રિતે સદા, વાંચો પ્રરીને પ્યાર.

श्रावकोने पत्रमां नीचे प्रमाणे उपमा लखाय.

પુજ્યારાધે, પરમદયાળ, પરોપકારી, સદ્‌ગુણ નિધાન, ચતુર સુજાણ, વિવેક સાગર, ધર્મના ધોરી, ગુરૂજીના ભક્તિકારક, સાંજ સવાર પ્રતિક્રમણના કરનાર, આઠમ પાખી પોષાના કરનાર, સદંત્તર વ્યાખ્યાન વાણિનાં સાંભળનાર, પચિશ ક્રિયાને નવ તત્વના જાણ, સાધ સાધવીને સુજતા અહાર પાણીના વહોરાવનાર, દ્રઢધર્મિ, પ્રિયધર્મિ, એવી અનેક શુભોપમાથી શ્રાવકજીના એકવિશ ગુણે કરી સહિત.

मुनि महाराजने पत्रमां नीचे मुजब उपमा लखाय.

ગુણવંત ગુણના ભંડાર, આત્માર્થિ, ક્રિયાપાત્ર,, ધર્મજાવ સેહેલ સ્વભાવિક, પ્રકૃતિના ઘણાજ ગંભીર અને ભદ્રિક, પંચ મહાવ્ર-

તના પાલણહાર, પાંચ સુમતિએ સુમતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા, પંચ-
ઇંદ્રિયોના દમણહાર, ચાર કષાયને પાતળાં પાડ્યાં છે, છકાયની ર-
ક્ષાના કરણહાર, સાત ભયરહિત, આઠ મદના ગાળણહાર, નવ વાડે
વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશ વિધિ પ્રકારે જતી ધર્મના પા-
લણહાર, દશ પ્રકારે સમાચારીના આદરનાર, અગ્યાર શ્રાવકની પડિ-
માના જાણ, બાર ભિક્ષુની પડિમાના આદરનાર, તેર ક્રિયાના વર્જ-
નાર, ચૌદ ભેદે જીવની રક્ષાના કરણહાર, પંદર પ્રમા સામીના પ્રાસ
થકી છોડાવનાર, સોળ સુયગડાંગ સૂત્રનાં અધ્યયનનાં ભણનાર, સત્તર
સંયમના પાલણહાર, અઢાર બોલ અબ્રહ્મનો પાળનાર ઓગણીશ જ્ઞાતા
સુત્રનાં અધ્યયનનાં ભણનાર, વીસ અસમાધીના ટાળનાર, એકવિશ
સબળા દોષના ટાળનાર; બાવીશ પરિસહના જીતણહાર, બાવન અ-
નાચારના ટાળનાર, છનું દોષ રહિત આહાર પાણીના લેવણહાર,
બાર ભેદે તપસ્યાના કરણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી,
કંચનને કામનીના ત્યાગી, મહા વૈરાગી, બહુ સુત્રી, શુદ્ધ સિદ્ધાંતના
પારગામી, કલ્પવૃક્ષ સમાન, તરણ તારણ (નાવ) સમાન, સફરી
ઝાઝ સમાન, કલ્પવેલ સમાન, રસ કુંપીકા સમાન, ધીરજવંત, લ-
જ્યાવંત, ક્ષમાવંત, શોભાવંત, સમતાના સાગર, ગુણમણિ આ-
ગર, સુધાકરસમ શિતળકારી, રવિની તુલ્ય ઉદ્યોતના કરનાર, મેરૂની
પેરે અડોલ પ્રણામી, વાયરાની પેરે અપ્રતિબંધ વિહારી, ખીર સ-
મુદ્રના તુલ્ય ગંભીર, મહીની પેરે ખમણ ગુણવાળા, ચિંતામણિ
રત્ન સમાન, પાર્શ્વ મણિ સમાન, મુક્તાફળ સમાન, એવી અનેક ઉ-
પમાથી બિરાજીત તે મુનિ મહારાજ અમોને કેવા પ્રિય છે. માથાના

મુગટ સમાન, કાનનાં કુંડળ સમાન, આંખની કિકી સમાન, દાંતની કળાએ સમાન, હૈયાના હાર સમાન, કાળજાની કોર સમાન, અંતહારી, પ્રાંતહારી, લુખહારી, તુચ્છહારી, અંતજીવી, પ્રાંતજીવી, લુખજીવી, તુચ્છજીવી, પ્રેમ પવિત્ર, પરમ વહાલેશ્વરી, પરમદયાળ, પરમમયાળ, સુગુણ સુનિધાન, સુસંયમ પાળનાર, સુતપસ્યાના કરણહાર, ઈત્યાદિ અનંત, અનંત, અનંત, મુનિરાજના સદ્ગુણને યોગ્ય.

(સાંભળ્યું શા બોલો તમારા રાણી. એ-રાગ.)

સાંભળો સૌ પ્રેમે મુનિની વાણી. (ટેક.)

કુમતિ કાપી સુમતિ આપે, વ્યાખ્યાન સુણી આનંદ વ્યાપે,
ભવસિંધુનાં સંકટ કાપે, આપે, વ્યાપે, કાપે, મુનિની વાણિ. સાંભળો.
શુદ્ધ શ્રદ્ધાથી ચાહજો સેવા, જેથી મળે મોક્ષતાજ મેવા,
મહા ગુણી મુનીવર એવા, સેવા, મેવા, એવા, મુનિની વાણિ. ,,
અતી ઉમંગે દર્શન કરશો, સુખ શાન્તિમાં સદાયે ફરશો,
દુષ્ટ કર્મોને દુરજ હરશો, કરશો, ફરશો, હરશો, મુનિની વા[illegible] ,,
જીવ છકાયના પ્રતિપાળા, મોહમયાના છોડીને ચાળા,
ધ્યાનમાં ધરી જીનની માળા, પાળા, ચાળા, માળા, મુનિની વાણિ. ,,
ચંદ્ર કિરણ સમ શિતળ છાંયા, રાખી રહ્યા છે એ મુનિરાયા,
જે૦ એન૦ શાહે ગુણજ ગાયા, છાંયા, રાયા, ગાયા મુનિની વાણિ. ,,

ધર્મ જ્ઞાન દર્શક સુચના.

પ્રિય વાંચનાર ! દિર્ઘ દ્રષ્ટિથી વિચાર કરીને જોશો તો

આપને ત્વરિત માલુમ પડશે કે, સંસાર સમુદ્રના તોફાની મોજામાં આ દેહરૂપ નાવ ભવિતવ્યતાના વમળમાં ગુચાયેલું છે, અને તેને ચલાવનાર સુકાન (એટલે જે કર્મબંધને બંધાયેલું દોરડું છે તે) તુટી ગયું છે. જેથી તે વાહાણને સામે પાર એટલે કિનારે લઈ જવાનું કોઇ સાધન રહ્યું નથી. એટલે હવે તે કર્મના પ્રભાવે ક્યા પાર જશે તે નિશ્ચય કહી શકાતું નથી.

જે મનુષ્ય આ દુનિયામાં જન્મ ધરીને પેહેલેથી ધર્મને પિછાનતા નથી. અને ઉલટા તેથી વિરૂદ્ધાચરણ આદરે છે. તે પોતાના દેહરૂપ નાવને ધારેલા બંદરે શી રીતે લઈ જાય. તેનો વિચાર આપ સુજ્ઞ વાંચનારજ કરો.

દરેક માણસે હમેશાં આટલું તો ખસુસ ધ્યાનમાં રાખવું કે,— આપણો ધર્મ શું છે ? અને જૈન માર્ગમાં અરિહંત સિદ્ધ ભગવંતે શી શી ફરજ પાડેલી છે ! તે પ્રથમ યાદ કરવું. કારણ તે પ્રથમ એક જૈન ધર્મનું પગરણ છે.

દુનિયા સ્વાર્થની સગી છે. જ્યાં સુધી આપણા શરીરમાં કૌવત છે મતલબ કે, રળવાની તાકાત છે અને ઘરમાં જર એટલે દોલત છે. ત્યાં સુધીજ આ અસાર સંસારના અજ્ઞાન માણસો મારો મારો કરનાર છે. કારણ, " સ્વાર્થે લગી સગાઈ છે. " મહી એટલે પૃથ્વી. એ એક મોહજાળની માયા છે.

આ ભવાબ્ધિમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રાણિ વસે છે. તે નિરંતર પોતાના સ્વાર્થના કામમાં મચ્યાં રહે છે, અને ઇચ્છાનુસાર ચાલે છે પણ તેઓના મનમાં કોઇ વખત એવો વિચાર નહિં થતો

હોય કે, આ દુનિયામાં આપણું કર્તવ્ય શું છે ! આપણુને કાળ ઓચિંતો આવશે ત્યારે પરમાધામીને શું જવાબ આપીશું. આ વિચાર જ્ઞાની જન વિનાતે જવલ્લે થતો હોય તો. કારણુ સૌ મનમાં એમજ મગરૂરી ધરાવી રહ્યા છે કે—શું એમ મરી જઈશું, બસ. આપણે તો અમરપટો લાવ્યા છીયે—પણુ પ્રસંગે કોઇનું અજાણ્યું અઘટિત મરણુ થાય છે; ત્યારે એ દાખલો જોઇને મતિ સારી ધરાવે છે, પણુ એ ચાર દિવસ થયા એટલે જેવુંને તેવુંજ. જેમકે, "**શેઠની શિખામણ ઝાંપા સુધી.**" એટલે એ સમશાન જ્ઞાન લાંબો વખત ટકી શકતું નથી.

યાદ રાખજો કે—આટલું તો સ્પષ્ટ છે કે, કેટલાએક ધનવંત માણુસો ધનના (પૈસાના) મદમાં રાત્રી દિવસ એવુંજ નક્કી કરી બેઠા છે કે, આપણે કોની ગરજ છે. આપણે પંચમાં પુછાઇએ છીયે. રાજ દરબારમાં આપણુને કેટલું માન મળે છે અને છત્ર ઢળે છે. આપણને સૌ સાહેબજી કહી કેવું આદરમાન આપે છે. માટે "**કોણે દીઠી કાલ.**" મોજ શોખ ઉડાવવો એ સાચું છે. મુવા પછી કોઈ જવાબ માગતું નથી. કોણુ સ્વર્ગમાં જઈ આવેલ છે. ઠીક છે પોલમપોલાં. આવો વિચાર માયાના મદમાં કરવો એ દેખીતુંજ અસંભવિતપણું પ્રકાશ કરે છે, અને તેથી કરીને એવા અહંકારી જન નર્કની મુલાકાત લહે છે.

વહાલા વાંચનાર ! પૈસાદારનો તો ખાસ એજ ધર્મ છે કે, પ્રથમ તો પોતાના સ્વધર્મિ બંધુઓનું સાર્થક કરવા તેઓને સારા માર્ગપર લાવવા વિચાર કરવો. સત્યના હુન્નરે ચઢાવવા ધર્મ કાર્યમાં

પૈસા વાપરવા. જીવની રક્ષા કરવી. અશક્ય અને અજ્ઞાન. (નિરાશ્રિત) જનોપર બહુ રહેમ રાખવી. પોતાએ ક્રૂર કાર્યથી અટકવું ને બીજાને અટકાવવા. સુમાર્ગે અને સુરિતથી ચાલી બીજાને તે પ્રમાણે ચાલવાની હમેશાં સૂચના (પ્રેક્ટિસ) આપવી. ઇત્યાદિ અનેક સારી ચાલચલગતથી ચાલે તો તે આ લોકમાંથી યશ સંપાદન કરી પરલોકમાં પણ શુભગતીનો અધિકારી થાય. તેમાં જરાપણ ન્યુનતા નહિ.

ધ્યાનમાં રાખજો કે, આ સંસાર અસાર છે. તેમાં કાંઈ પણ પદાર્થ રહેવાનો નથી. જેમકે, ડાભની અણી ઉપર પાણીનો બિંદુ કેટલીવાર ટકે છે ! તેનો વિચાર કરો. તેવો આ દેહ ક્ષણભંગુર છે જેવો કે, ઝાકળના પાણી સમાન, પાણીના પરપોટા સમાન, વિજળીના ચળકાટ સમાન, સૂર્યનાં પ્રતિબિંબ સમાન, વાદળાંની ઘટા સમાન, હોળીની ઝાળ સમાન, આ દેહ છે. પંચ ઇંદ્રિયોનું સુખ ક્ષણ બંગુર છે. જેમકે, વા વચ્ચે દીવો, વેળુની ભીંત, પિંપરનું પાન કુંજરનો કાન છે એ મુજબ આયુષ્યનો ડોળ છે. તેને જતાં જરાપણ વાર લાગશે નહિ. આપણે તો અનેક તર્ક વિતર્ક સાથે ગમ્મત કરતાં હશું, અને જોતાં જોતાંમાં જરા સંગ ચોપદાર યમ (પરમાધામી જમ રાજા) એક દિવસ ઓચિંની નોટીસ બજાવશે, તે અવલથી મુદ્દતના ખબર આપશે નહિ અને પકડી રવાના થશે. તેના હૃદયમાં દયાનો અંશ નથી. એ તો કાબુલના કાબલીથી, અરબસ્તાનના આરબથી, અને માળીયાના મિયાણાથી પણ સહસ્રગણા ક્રૂર અને વિચિત્ર સ્વભાવના કાળભૈરવ છે. તે ગમે તેટલી આજીજી કલ્પાંત કરીયે તે સાંભળતાજ નથી. માટે “ કર્યું તે કામ. ” ધર્મમાં ઢીલ શી.

એ કહેવત મનમાં ધારી રાખી સુમાર્ગે ચાલવું એ સારા મનુષ્યનું લક્ષણ છે. પણ બિચારા સાધુજી કહે છે કે, શ્રાવક હે શ્રાવિકા બ્હેનો! તમે પર્યુષણનાં દિવસમાં જે બોધ લીધો છે તે રખે "**કર્યાં પારણાં ને મેલ્યાં ઉપાશ્રયનાં બારણાં.** એવું મનમાં લાવી ધ્યાનમાંથી ખશેડતાના.

જુઓ ! સર્વે વસ્તુ નાશવંત છે. આયુષ્ય પાણીના તરંગની માફક અસ્થિર છે. ધન એટલે દોલત એક મુહુર્તમાં નાશ પામે છે. ઈંદ્રિયોના અગોચર સુખ સંધ્યા કાળના રાતા વાદળાંની માફક જરા વારમાં અદૃશ્ય થાય છે. દુનિયાનો દેખાવ ઈંદ્રજાલના ખેલ તુલ્ય છે. માટે વિચાર કરવો કે, એવી કઇ વસ્તુ છે કે જે નિત્ય આલંબન કરવા યોગ્ય છે !

જુઓ, દેખીતું સઘળું સુખરૂપ જણાય છે છતાં પળવારમાં દુઃખરૂપ નિવડે છે. જેમ આપણે વિષય ભોગની તૃષ્ણાને સુખરૂપ માનીયે છીયે. તેજ વિષયો થોડીવારમાં દુઃખરૂપ થઇ પડે છે. અને તેમાંથી ઇજ્જત આબરૂનો લય થાય છે. અને પ્રસંગે મૃત્યુ થાય છે. વળી સ્વાદિષ્ટ ભોજનને સુખરૂપ માનીયે છીયે પણ તેજ ધનથી ઘણાનાં મસ્તક કપાયા છે. શરીરને સુખરૂપ માનીયે છીયે પણ તેજ શરીર થોડીવારમાં રોગથી ઘેરાયેલું જોવામાં આવે છે. ટુંકામાં ફક્ત એટલુંજ નિવેદન કરવાનું કે, સંસારના સર્વે ચિન્હો નાશવંત છે. તે વિચાર કરવાથી સત્વર જણાશે. જે વસ્તુ ઘડી પહેલાં સુખપર હતી તેજ વસ્તુ આંખે બીજી ઘડીમાં તો દુઃખરૂપ માલૂમ પડશે.

ઉદાહરણ—એક ધનાઢ્ય સદ્‌ગૃહસ્થને એક પુત્ર છે. તે રાત્રી

દિવસ પોતાની પ્રિયા સાથે સંસારના સુખ ભોગવે છે અને તે દંપતિને કલ્લોલમાં જોઇને, તેમજ પોતાના ઘરમાં માયા જોઇને તે છોકરાનાં માત તાત કેવો હર્ષ પામતા હશે ! પણ અચાનક તે છોકરાનું મરણ થાય તો પછી જોઈ લ્યો તમાસો ! જુઓ કે જે વસ્તુ જોતાં મન અથાગ મગન થતું તેજ વસ્તુએ થોડીવારમાં ધડધડાક (દડદડ) આંસુની ધારા વહેવરાવી. માટે હે સુજ્ઞ જનો, આ સંસારની બાજી એવી સમજશો. ખરેખરૂં અખંડ સુખ આપનાર તો "ધર્મ." છે વળી તે સ્વર્ગનું દ્વાર બતાવનાર રામબાણ ઔષધ છે. અને જ્ઞાન છે તે એક આત્માનું હિત કરનાર જેષ્ટિકા છે. માટે સર્વે સ્ત્રી યા પુરૂષ વર્ગને ખાસ ધ્યાનમાં રાખવું કે, ધર્મ જ્ઞાન મેળવવા અત્યંત મથન કરવું અને સુનીતિ પકડવી એથી જરૂર પોતાના અમર આત્માનું સાર્થક થશે.

જુઓ, જ્યારે પ્રાણિ માત્રને પેદા કરનાર, નિયમમાં રાખનાર, અને તેને જોઇતા સાધનો પુરાં પાડનાર એકજ સર્વ વ્યાપક પરમેશ્વર છે.

એ મહા પ્રભુનો હુકમ જેને આપણે "ધર્મ" કહીયે છીયે. હવે જેમ ઈશ્વરની રચેલી સર્વ વસ્તુઓનો જેમ સદાય સરવે સરખો ઉપયોગ કરો છો, ત્યારે તેમનો હુકમ જે "ધર્મ" તેનો પણ વ્યાજબી રીતે સૌએ સરખો ઉપયોગ કરવો જોઇએ. તે બાબત શાસ્ત્રકારોએ આપણાપર ખાસ ફરજ પાડેલ છે. છતાં તે "ધર્મ" ને શા માટે યાદ ન કરવો. તેના પ્રતાપથીજ આલોક અને પરલોકમાં સુખ મળેછે. તે કુબુદ્ધિ કાપે છે. સુબુદ્ધિ સ્થાપે છે. લોકો ધર્મિષ્ટ કહીને

તેનું નામ જાપે છે. પંચમાં પ્રથમ સર્વે તેનુંજ નામ આપે છે અને તેનાજ ચર્ણ ચાંપે છે, અને તેનાજ મુખના શબ્દ સાંભળવાને સૌ હાંપે છે. માટે હે બંધુ બ્હેનો ! જો પોતાના અમ્મર આત્માનું સાર્થક ઇચ્છતા હો તો ફક્ત એક ખરો ઈલાજ ધર્મ છે તે કરવા માંડો.

કેટલાએક અજ્ઞાન માણસો તો એમ જ ધારે છે કે, હજુ ધર્મ કરવાના ઘણા દિવસ છે. શું હજુ મોટા થઇ ગયા છીએ. હજુ તો આપણે બચ્ચાં તુલ્ય ગણાઇએ. ધર્મ કરવાનાં ક્યાં થોડા દિવસ છે. માટે ખુબ સમજણા થઇશું ત્યારે નિરાંતથી ધર્મજ્ઞાન ગ્રહણ કરીશું. બચપણ વિત્યા પછી જ્યારે યુવસ્થા આવે છે ત્યારે યુવાનીમાં (જુવાનીના જોરમાં) એમ બોલે છે કે, અરે યાર ! અત્યારે તો ઘરની ખટપટમાં પડ્યા છીયે. માટે હવે ઘડપણ વિના બીજો ફુરસદનો વખત નથી. અત્યારે તો આપણે રળવાનો વખત છે. માટે જેમ બાળ બચ્ચાનું શુભ ઇચ્છાય તેમ ઇચ્છી લઇયે. ઘડપણમાં તો પછી આ ફુરા છોકરા રળીને ખવરાવશે—અને તે વખતે સુખશાન્તિથી ઉપાશ્રયમાં બેસીને મુનિરાજ પાસે વ્યાખ્યાન વાણિ સુણી કર્ણ પવિત્ર કરશું—અને જ્યાં જુવાની ગઇ અને ઘડપણ પહોંચ્યું ત્યાં પ્રથમ તો બે પગ બિચારા નિઃસ્તેજ થશે. મતલબ કે કૌવત ઓછું થઇ જાય છે અને અશક્તાઈ આવે છે. એટલે હાલવા ચાલવાના વાંધા તે પહેલાં દાંત તો બિચારા અવલથીજ ધીમે ધીમે મઝીયારો વહેંચી લેઈ રવાના થાય છે, અને ડાચાં મળી જાય છે. મોંમાંથી લાળ અને નાકમાંથી લીટ વહેવા માંડે છે. તે વખતે તેનું એવું સ્વરૂપ ખીલે છે કે—ઘરનાં સૌ માણસોને તે દીઠે ડાળે ગમતો નથી. ડ-

રગો કહીને ખુણે ખાટલો ઝીકે છે. કોઈ પ્રસંગે તે બિચારો વૃદ્ધ માણુસ સૌના સારા માટે કાંઈ પણ સારી વાત કરશે; તો પણ તે કોઇને જરા પણ યોગ્ય ન લાગતાં સૌ એક અવાજે કહેવા માંડશે કે, મરી રહો, મરી રહો હવે. એક તમારો લવારો સાંભળી સાંભળીને કાન ફુટી ગયા. આવી કાશ (કડાકુટ) હવે કયાં સુધી કરાવવી છે ઠેકાણે પડોને (મરોને) ગરડા થાય એટલે ગત જાય આતો નક્કો મોત બોલાવે છે. નહિત્તર સુતાં સુતાં લવરી સુઝે. એમ અનેક શબ્દો બોલી અપમાન કરે છે. ઘડપણમાં રાત્રી દિવસ ખોં ખોં ખોં કર્યા કરે છે. એમાં કહો મારા વહાલા વાંચનાર ! શું બિચારો ઉપાશ્રયમાં જાય, અને જ્ઞાન કથાની વાત સાંભળે. એવામાં તો ઉપરથી ખરેખરા દોસ્ત (યમ) ઉતરે છે, અને ઉપાડીને ચાલતા થાય છે.

ત્યારે મ્હારા વિવેકી વાંચનાર ! વિચાર કરો કે, એવા માણુસોને, બચપણમાં, યુવાનીમાં, અને બુઢ્ઢાપણમાં પણ "ધર્મ"ની ફુરસદ ન મળી. ત્યારે મહેરબાન સાહેબો તેવાઓને પછી કયાં રૌરૌ નામની નર્કમાં ઝીકશે ત્યાં નવરાશ મળશે. નારે ના સાહેબજી ! ત્યાંતો મુદ્દગળના માર ઉપર માર પડે છે. એક આંખ વિંચીને ઉઘાડે તેટલી વખત પણ જીવને સુખ મળતું નથી. માટે હે સુજ્ઞ બન્ધુઓ ! ચેતો ! ચેતો ! ચેતો ! અને ધર્મનું જ્ઞાન મેળવી શ્રેષ્ઠ ગણાઓ. વિચાર કરો કે મુસલમિન જેવાં હિંસક મનુષ્ય પણ પોતાના ધર્મમાં કેવા મસ્ત રહે છે, તે દાખલો તો જરા ધ્યાનમાં લહો. આપણો પાર્શ્વમણિ સમાન જૈનમાર્ગ છે માટે તેની રીતભાતથી વાકિફ થઈ સુમતિ ગ્રહણ કરો.

ધ્યાનમાં રાખજો કે—કાળ ચક્રને લીધે ઉદય અને અસ્ત એ બે દસકા દસકોની પેઠે ચાલ્યાજ આવે છે. જ્યારે શુભ કર્મ ઉદયે થાય છે. ત્યારે જીવ સારી ગતી ભોગવે છે, અને જ્યારે અ-શુભ કર્મનો ઉદયે આવે છે ત્યારે જીવ નીચ ગતી ભોગવે છે. કહે-વત છે કે, "**કરણી તેવી પાર ઊતરણી.**" કેમકે—કર્મ રાજા કોઈને એક સ્થિતીમાં રહેવા દેતો નથી. જેથી રાયના રંક ને રંકના રાય. શેઠના ચાકર ને ચાકરના શેઠ. જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ, એમ ઉથલપાથલ આ પંચમ કાળમાં તો અધીક જોવામાં આવે છે.

અજ્ઞાની મનુષ્યો પૈસાના મદમાં—ફેરી માણસોની માફક છલ-કાઈ જાય છે તેથી તેઓ નવાં કર્મ બાંધે છે અને તેનું ફળ નઠારી ગતી ભોગવવી પડે છે, અને જે સરળ સ્વભાવિક મનુષ્ય છે તે ચ-ડતીને વખતે ફુલાતા નથી અને પડતીમાં ગભરાતા નથી. પણ એવા પ્રસંગે ધીરજ રાખી જીનેશ્વર દેવનું નામ જપે છે કારણ તેઓ સારી રીતે જાણે છે કે, "**સંકટ સમયે સમય સૂચકતા રાખવી.**" તેથી તેઓ નવાં કર્મ બાંધતા નથી.

જ્ઞાનવંત મનુષ્યને જ્ઞાનને પ્રભાવે કરીને કોઈ પણ વખત માઠા વિચાર પ્રગટ થતા નથી. પણ તેવા સમયે ધર્મનું ધ્યાન ધરી વિ-તરાગનું રટણ કરે છે. તેથી માઠા વિચાર થતા હોય તે નાશ પામે છે અને ધર્મના પ્રતાપથી સર્વ કામ થાય છે. કારણ "**ધર્મનાં મૂળ ઊંડાં છે.**"

આપણે પરગામ જવું હોય છે ત્યારે કેટલા બધા પ્રકારની

ગોઠવણુ કરવી પડે છે. સુવા બેસવાની, ભાતુ ભાડુ, ઓળખાણુ પિછાન, વિગેરે પ્રથમથી અનેક વિચાર કરી તેને માટે ઘણી મહેનત કરવી પડે છે. ત્યારે વિચાર કરો કે,—આતો ટુંકી મુસાફરીમાં આટલી મહેનત કરીએ છીયે, ત્યારે હજુ આપણે તો મરણુ પામ્યા પછી મહા ઉજડ અને વૈરાન (ભયંકર અજાણી) જગોમાં જવું છે ત્યારે તેને માટે તો કેટલી મહેનત કરવી પડશે, અને તેને માટે પુષ્કળ વિચાર કરવો પડશે. તે વાતને કોઈ પણ માણસ ધ્યાનમાં રાખતા નથી. તે રસ્તે જતાં એક દમડી પણ ભેગી આવતી નથી. ફકત ધર્મ અને કર્મ એ બે અનાદી કાળના દોસ્તો સાથે આવે છે. આપણે ધર્મને તો ધક્કા દેઇ દુર સખ્યો છે, અને કર્મની દોસ્તી સંપાદન કરી છે.

પ્રિય વાંચનાર ! ધ્યાનમાં રાખજો કે, એજ કર્મ આપણુને ચો બાજુ ગોથાં ખવરાવી નીચ ગતી ભોગવાવે છે. ધર્મને માથે કાંઇ શીંગડાં ઉગતાં નથી. (મતલબ કે કાંઈ નિશાની હોતી નથી) પણુ ધર્મ એટલે દાન, શિયળ, તપ, ભાવના શુદ્ધ નીતિ, વિત્રાગ પ્રત્યે પ્રીતિ, દયા અને સત્ય એટલાં વાનાં પકડવાં એજ ધર્મ છે, અને કઠોર (નઠારાં) કર્મ કરવાં તેથી કર્મ બાંધ્યા કહેવાય છે.

જુઓ—આજ કાલ આ પૃથ્વી ઉપર જોશો તો—સર્વે મનુષ્યો ભિન્ન ભિન્ન પ્રકારના ધર્મ પાળે છે, અને ખરા ખોટાનો વિચાર કર્યા સિવાય પોતાના ધર્મનો મહિમા વધારવા પોતે જે ધર્મ પાળતા હોય છે તે પૂછડું ખેંચ્યા જાય છે, અને બીજાના ધર્મની પરસ્પર બદબોઇ કરે છે. આજ કારણુથી ધર્મની આસ્થા ઊડી ગઈ છે. આપણું

ભરતખંડની પડતી આવવાનું મુખ્ય પ્રયોજન એક બીજાની નિંદા અને કુસંપ છે. પણ ધ્યાનમાં રાખજો કે—જૈનધર્મ ઘણોજ ઉત્તમ છે. વળી તે હીરાનો હાર, મોતીની માળા, ઝવેરનો ઝુમખો સમજશો. વગર મૂલ્યે અમૂલ્ય રત્ન તુલ્ય આ ધર્મ મળે છે. છતાં હે બંધુ બ્હેનો! જ્યારે આવો મણિતુલ્ય મોક્ષદ્વાર બતાવનાર ધર્મ મહંત મળે છે ત્યારે તેનો લાભ લેવા (મેળવવા) ચુકવુંજ નહિં.

ઘણાં માણસોને દુનિયાદારીના કામ સિવાય બીજું કાંઇ પણ પસંદ પડતું નથી. પોતાના અમર આત્માનું કલ્યાણ કરવું એ એક બાજું ધોચી રાખે છે, અને જે ટુંક સમયમાં (જોતાં જોતાંમાં) નાશ થવાનો જે આ દેહ છે. (કાયા છે) તેને સુખ આપવા (શણુગારવામાં) મચ્યા રહે છે. એવી એવી જુઠાઈ અને ટાપટીપ ટીબકની રીતથી નવાં કર્મ બંધાય છે. માટે સર્વ કોઇએ પોતાની શક્તિ હોય તે પ્રમાણે ધર્મનો નિયમ તો રાખવોજ. કેટલાએક અદેખા માણુસોને વળી કુદરતી એવી આદત પડી જાય છે કે, કોઇ બીજો માણુસ ધર્મનાં કામમાં બે પૈસા વાપરતો ભાળે તો પોતાના પેટમાં નાહક બળ્યા કરે છે. મતલબ કે પોતાનો જીવ બાળે છે, પણ તે હલકાઇનું કામ છે. કારણ તેવા માણુસોને શાબાશી દેવી તો રહી તેના બદલામાં આડું અવળું સમજાવી ધર્મમાં વાપરતો હોય તેને ઉલટો હઠાવી દેવો એ ઘણુંજ નીચ કૃત્ય છે તેને માટે કહ્યું છે કે—" ધર્મના કામમાં વારે તેને નાંખે જમને બારે. " એવા જનોને લાનત છે. અને નર્કાધિકારી થાય છે. વળી કેટલાએક મનુષ્યને એવી ટેવ હોય છે કે, કોઈ ધર્મની બાબતમાં બે વચન સમજાવે (ભાષણ

આપે) યા વાંચી બતાવે તો તેમાંથી સાર ગ્રહણ કરવો તો એક બાજુ રહ્યો પણ તેમાં ઘણી ભુલો છે એવી વાતો કરી ખોડ શોધે છે.

પણ એમ વિચાર નથી કરતાં કે—એ બિચારે ધર્મનાં કામમાં વૃદ્ધિ કરવા તકલિફ લીધી છે તે બહુ ઉત્તમ (શ્રેષ્ટ) કામ કર્યું તેના બદલામાં ધન્યવાદ આપવો રહ્યો, પણ મશ્કરી કરવી એ પણ નીચ કૃત્યની નિશાની છે. કહેવત છે કે—"**ડાહ્યો વાંચનાર ગુણ શોધવામાં રોકાય છે અને મૂર્ખ વાંચનાર ખોડ શોધવામાં રોકાય છે.**"

વળી યાદ રાખજો કે—જે વસ્તુનો નાશ થઈ ગયો તે પછી વારંવાર સંભારવી નહિં. જો સંભારીને શોચ કરવા બેશીયે તો—દહાડે દહાડે મુઢપણું આવે ને ડહાપણ જતુ રહે છે. કહેવત છે કે "**મુઢને શોક નડે છે પણ પંડિતને નહિં.**"

ક્રોધ કરતાં શાંત્તિ અને ધૈર્ય સહન કરવાની ટેવ એ સઘળા ગુણોમાં અમૂલ્ય ગણાય છે.

અંતકાળ વખતે કાંઈ પણ ચીજ મોહજાળની યાદ ન કરતાં તે વખતે હિમ્મત, વૈરાગ્ય અને વિતરાગ દેવ ઉપર પ્રીતિ રાખવી.

માણુસનો ખરો મિત્ર ધર્મ છે. કારણ મરણ પછી ખરી સહાય તેનીજ છે.

નરનું ભૂષણ રૂપ, રૂપનું ભૂષણ ગુણ, ગુણનું ભૂષણ જ્ઞાન, અને જ્ઞાનનું ભૂષણ ક્ષમા છે. જરા (વૃદ્ધાવસ્થા) રૂપને હરી લેછે, અને આશા ધીરજને હરે છે, મૃત્યુ પ્રાણુને હરે છે. કામ લજ્યાને હરે છે. ક્રોધ શાંત્તિને હરે છે. અને અભિમાન સદ્દગુણ હરે છે. પણ જે મહા મુનિરાજ છે તે તો સંકટમાં પણ મલિન થતા નથી.

